# જીવન વૈભવ

શ્રી નન્દન નન્દન સાહિત્ય ગ્રંથમાલા - ગ્રથાંક - ૩



પૂજ્યપાદ શાસન સમ્રાટ

**શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના**

અદ્‌ભુત જીવનપ્રસંગોનો સંગ્રહ


લેખક : પૂજ્ય સિદ્ધાન્તમાર્તંડ આચાર્યદેવશ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય
મુનિશ્રી વાચસ્પતિવિજયજી (નન્દન નન્દન)


પૂજયપાદ શાસન સમ્રાટ

શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના

અદ્ભુત જીવનપ્રસંગોનો સંગ્રહ

# જીવન વૈભવ

શ્રી નન્દન નન્દન સાહિત્ય ગ્રંથમાલા - ગ્રથાંક - ૩



સંગ્રાહક

પૂજ્ય સિદ્ધાંતમાર્તંડ આચાર્યદેવશ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય

મુનિશ્રી વાચસ્પતિવિજયજી (નન્દન નન્દન)

**પ્રકાશક**

**શ્રીનન્દન નન્દન સાહિત્ય પ્રકાશન સમિતિ**
કે. કે. શાહ
'ગુરુકૃપા'
જુહૂસ્કીમ રોડ નં.-૩, વિલેપાર્લા વેસ્ટ,
મુંબઇ - ૪૦૦ ૦૫૬

**પ્રાપ્તિ સ્થાન**

**જીતુભાઇ કાપડિયા**
અજન્તા પ્રિન્ટર્સ
જેશીંગભાઈની વાડી - ઘીકાંટા
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

**શરદભાઇ ઇશ્વરલાલ શાહ**
બી/૧ વી.ટી. એપાર્ટમેન્ટ
કાળા નાળા,
ભાવનગર-૩૬૪ ૦૦૨.

વિ.સં.-૨૦૫૪
સને - ૧૯૯૮
: નકલ :
૧૦૦૦
: મૂલ્ય :
૨૫-૦૦

મુદ્રક
**કોમ્પ્યુ આર્ટ**
૫૨૧, સ્ટાર ચેમ્બર્સ,
હરિહર ચોક, રાજકોટ - ૧
ફોન : ૦૨૮૧ - ૨૩૯૩૯૬
ફેકસ : ૦૨૮૧ - ૨૯૪૩૧૯

# મારી પણ થોડીક વાત

આ જગતને અકળ એટલા જ માટે કહેવામાં આવે છે કે એમાં નિત અવનવી ઘટનાઓ બન્યા કરે છે. મારા જીવનની વાત કરૂં તો તેમાં પણ એવું બન્યું છે કે જે સાંભળી કોઇને પણ આશ્ચર્ય થયા વગર નહિં રહે.

કર્માધીન મારે મારા બાલ્ય કાલના ચાર પાંચ વર્ષ એક પ્રકાંડ વિદ્વાન બ્રાહ્મણને ત્યાં વીતાવવા પડયા, પણ એ પછી કોઇક નિમિત્ત સંયોગે અમદાવાદના મીલમાલીક શેઠ માણેકલાલ મનસુખભાઇ (માકુભાઇ) ને ત્યાં રહેવાનું થયું. ને તે દરમ્યાન પૂર્વના કોઇ પ્રબલ પુણ્યોદયે ખારાપાટમાં તૃષાતુરને જેમ મીઠી વીટડી મળી જાય તેમ મને પૂજય શાસન સમ્રાટશ્રીનુ શરણું મળી ગયું ને તેના દ્વારા મારૂં જીવન ધન્ય બની ગયું.

સંસ્કૃતમાં આવતી ઉક્તિ अश्मापि याति देवत्वम् (પત્થર પણ દેવ પણાને પામે છે) અનુસાર પૂજય શાસન સમ્રાટશ્રીના કડક અનુશાસને મારૂં જીવન પલ્ટી નાંખ્યું. તેઓની પૂર્ણ કૃપાદષ્ટિ મેળવવા હું ભાગ્યશાળી બન્યો. મારે ખુલ્લા હૃદયે આજે કબુલ કરવું જ જોઇએ કે- હું જે પણ કાંઇ છું તે પૂજય શાસન સમ્રાટ્શ્રીના કડક અનુશાસનના પ્રતાપે જ છું.

આ થઇ મારી પૂર્વ ભૂમિકા -

તે પછી કુટિલ કર્મનો ભોગ મારે પણ કેટલાક વર્ષો બનવું પડયું પણ એટલું સદ્‌ભાગ્ય માનવું જોઇએ કે ફરી એ માર્ગની પ્રાપ્તિ થઇ ગઇ.

કાળના વહેણની સાથે વર્ષોના વર્ષો વીતી ગયા પરંતુ જીવનમાં પડેલા ગાઢ સંસ્કારોના સંભારણા વિસર્યા વિસરાતા જ નથી.

વર્તમાન સમુદાયાગ્રણી પૂજ્ય આચાર્ય શ્રી વિજય દેવસૂરીશ્વરજી મહારાજ શ્રી વિગેરે એક જમાનામાં અંગત મિત્રો જેવા હતાં. અને એજ કારણે વર્ષો પછી તેઓના સાંનિધ્યમાં પણ ચાર વર્ષ રહેવાનો અવસર આવ્યો. સોનામાં સુગંધની જેમ સંસ્કૃત ભાષાના પ્રકાંડ વિદ્વાન પૂજ્ય આચાર્ય શ્રી વિજય હેમચન્દ્રસૂરિ મહારાજ સાથે પણ રહેવાનો યોગ આવ્યો.

ફુરસદના સમયે કયારેક કયારેક એઓશ્રીની સાથે વાર્તા-વિનોદ કરતાં જીુનાં સંસ્મરણો રજીુ થતાં. એમાં પણ કયારેક પૂ. શાસનસમ્રાટ શ્રીના રોમાંચક અદભુત પ્રસંગો વાગોળતાં. ત્યારે પૂ. હેમચંદ્રસૂરિ. મહારાજશ્રી કહે કે - પૂ. શાસન સમ્રાટશ્રીના સમયના જૂનામાં જૂના જોગી જેવા તમો વિદ્યધન છો. અને શાસન દેવની પરમ કૃપાએ એ બધું ય તમારી સ્મૃતિમાં જળવાઇ રહયું હોય એમ લાગે છે. તો પૂ. શાસનસમ્રાટ્શ્રીના અભૂતપૂર્વ પ્રભાવક જે જે પ્રસંગો તમોને સ્મૃતિમાં હોય તે તમો લખી આપો તો જનતા આગળ તો મૂકી શકાય. અને પૂ. શાસન સમ્રાટશ્રીની કેવી પ્રભાવક્તા હતી તે લોકો જાણી શકે.

આ વર્ષના ચાતુર્માસની શરૂઆતમાંજ એ અંગે મૂ. હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ આગ્રહપૂર્વક એ કાર્ય કરવા મને પ્રેર્યો. પર્યુષણ પછી એની શરૂઆત કરી. અપૂર્વ પ્રસંગોતો ઘણાઘણા મારી સ્મૃતિમાં છે. પરંતુ એ બધાં જો લખવા બેસુંતો કોઇ પારજ ન આવે. એટલે મે મારા સંસ્મરણોની વખારમાંથી થોડાક પ્રસંગો લખ્યા છે. ૨૦૩૦માં પૂ.શાસન સમ્રાટશ્રીની જન્મશતાબ્દિ સમયે સિધ્ધરસ્ત લેખક પૂ. શીલચંદ્રવિજયજી

મહારાશ્રીના એ અપૂર્વ શ્રમે ઘણાખરાં પ્રસંગો એકત્રિત કરી ''શાસન સમ્રાટ'' ના નામે ગ્રંથ સંપાદિત કર્યો. પૂ.શીલચંદ્રવિજયજી મહારાજશ્રી જે જે પ્રસંગો મેળવી શકયા એ સર્વ પ્રસંગોને પૂ. શાસનસમ્રાટ્શ્રીના જીવન ચરિત્ર રૂપે એમાં રજુકરવા અપૂર્વ પ્રયાસ કર્યો છે એ કબુલ કર્યા સિવાય રહીશકાતું નથી.

જયારે મેં તો મારાં જીવનનાં સંભારણાં તરીકેજ કેટલાંક પ્રસંગો લખવા પ્રયાસ કર્યો છે. એક પણ પ્રસંગ અતિશયોક્તિ ભર્યો નથી જ, આંખ્યે દેખ્યા અહેવાલની જેમ મેં શબ્દ ચિત્રની જેમ જ લખ્યું છે અને એ પૂ. શાસન સમ્રાટ્શ્રીની સવાસોમી જન્મ શતાબ્દિ પ્રસંગે રજાુકરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે.

આ પ્રસંગોમાં પૂ. શાસનસમ્રાટશ્રીની ઈંગિયાકાર સંપન્નતા, તીર્થરક્ષાકાજે સમર્પિત ભાવ અને એમનું અપૂર્વ અનુભવજ્ઞાન, વ્યક્ત થયા સિવાય રહી શકતું નથી.

મારી ઉંમરના કારણે કે મતિદોષના કારણે પ્રસંગો આલેખતાં વાચકને કયારેક હકિકત દોષ જેવું લાગે તો ઉદારભાવે અવશ્ય ક્ષમ્ય ગણી ઉપકૃત કરે.

મુનિ વાચસ્પતિ વિજય

(નન્દન નન્દન)

સં.૨૦૫૪-વૈ.સુ.૩

# પ્રકાશકીય

પૂજયપાદ શાસન સમ્રાટ્ તપાગચ્છાધિપતિ અનેક તીર્થોધ્ધારક આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્દવિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રી વીસમી સદીના મહાન સમર્થ જ્યોતિર્ધર પુરુષ થઇ ગયા.

વિ.સં. ૧૯૨૯માં સૌરાષ્ટ્રના કાશ્મીર તરીકે પ્રસિધ્ધ મહુવા શહેરમાં જન્મ ધારણ કરનાર આ મહાપુરુષે ૧૬ વર્ષની ઉંમરે ભાવનગરમાં પૂજયપાદ શાન્તમૂર્તિ ગુરુમહારાજશ્રી વૃધ્ધિચંદ્રજી મહારાજના વરદ હસ્તે વિ. સં. ૧૯૪૫માં સંયમ સ્વીકારી સંયમના કડકપાલન પૂર્વક અનેક શાસ્ત્રોનું ગહન અધ્યયન કરી ગણિપંન્યાસ પદ પ્રાપ્ત કરી વિ.સં. ૧૯૬૪માં ભાવનગર શહેરમાં ગીતાર્થ શિરોમણિ પૂજયપાદ પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મ. ના વરદહસ્તે આચાર્ય પદવીથી અલંકૃત થઇ જૈન શાસનની મહાન પ્રભાવના કરી. ૫૦ વર્ષ જેવા દીર્ઘકાળ પર્યંત જૈનશાસનનું આધિપત્ય ભોગવનાર તેઓશ્રીની છાપામાં જૈન શાસનના સાતે અંગો ફૂલ્યા ફાલ્યા અને પર્યાપ્તપણે પ્રગતિના શિખરે પહોંચ્યા.

''શાસન સમ્રાટ'' ગ્રંથમાં પૂ. મુનિ શ્રી શીલવિજયજી મહારાજે (હાલ આચાર્યશ્રી વિજય શીલ ચન્દ્રસૂરિજી) એ તથા નેમિ સૌરભ ભા- ૧-૨ માં પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી નિરંજન વિજયજી મહારાજે પૂજયપાદ શાસન સમ્રાટશ્રીના જીવનચરિત્રને વિસ્તાર પૂર્વક વર્ણાવેલ હોવા છતાં કેટલાક પ્રસંગો આલેખવા જેવા લાગવાથી પૂ. મુનિરાજશ્રી વાચસ્પતિ વિજયજી મહારાજે સાદી સરળ ભાંષામાં લખ્યા છે. લખેલા એ પ્રસંગોના પુસ્તકને ''જીવન વૈભવ'' ના નામે વાચકોના કરકમલમાં અર્પણ કરતાં અમે આનન્દ અનુભવીએ છીએ. પ્રૌઢ પ્રતિભાશાલી એ મહાપુરુષના જીવનમાં બનેલા તે તે પ્રસંગોમાંથી પ્રેરણા મેળવી સૌ કોઇ પોતાના જીવનને ગુણસંપન્ન બનાવે એજ શુભાભિલાષા-



# ''શાસનસમ્રાટ''



''સંઘનાયક સ્વ. પૂજ્ય આચાર્ય
શ્રી વિજય નન્દન સૂરીશ્વરજી મહારાજ''

# અનુક્રમણિકા


| નં. | | પાના-નંબર |
|---|---|---|
| ૧. | ભાવીતીર્થ આશાતના નિવારણ | ૧ થી ૧૧ |
| ૨. | શ્રી કાપરડાજીનો તીર્થોધ્ધાર | ૧૨ થી ૧૮ |
| ૩. | અપૂર્વ બ્રહ્મતેજ | ૧૯ થી ૨૩ |
| ૪. | શેરીસાતીર્થમાં પ્રભુ પ્રવેશ-પ્રસંગ-૧ | ૨૪ થી ૨૮ |
| ૫. | ઈંગિયાકારસંપન્નતા-પ્રસંગ-૨ | ૨૯ થી ૩૦ |
| ૬. | અનુભવોના મહાસાગર-પ્રસંગ-૩ | ૩૧ થી ૩૨ |
| ૭. | અનુભવોના મહાનભંડાર શાસનસમ્રાટશ્રી-પ્રસંગ-૪ | ૩૩ થી ૩૫ |
| ૮. | વર્તમાન કાળના અનુભવોના મહાસાગર-પ્રસંગ-૫ | ૩૬ થી ૩૮ |
| ૯. | શાસનસમ્રાટ્શ્રીની ઈંગિયાકાર સંપન્નતા-પ્રસંગ-૬ | ૩૯ થી ૪૪ |
| ૧૦. | ગોંડલના રાજવીનો દુરાગ્રહ | ૪૫ થી ૫૪ |
| ૧૧. | અતિ ઉદ્ભટ વેશ ન પહેરીએ રે | ૫૫ થી ૫૭ |
| ૧૨. | શાસન સમ્રાટ્ શ્રીની ઈંગિયાકાર સંપન્નતા-પ્રસંગ-૭ | ૫૮ થી ૬૨ |
| ૧૩. | પ્રાચીન તીર્થોધ્ધારનો પ્રસંગ | ૬૩ થી ૬૬ |
| ૧૪. | જીર્ણોધાર - (ખંભાત-સકરપુર) | ૬૭ થી ૬૯ |
| ૧૫. | અપૂર્વ અગમવાણી પ્રણેતા-પ્રસંગ-૧ | ૭૦ થી ૭૧ |
| ૧૬. | અપૂર્વ વચનસિધ્ધિ-પ્રસંગ-૨ | ૭૨ થી ૭૩ |
| ૧૭. | અપૂર્વ વચનસિધ્ધિ-પ્રસંગ-૩ | ૭૪ |
| ૧૮. | અપૂર્વ વચનસિધ્ધિ-પ્રસંગ-૪ | ૭૫ થી ૭૬ |

# ભાવિ તીર્થ આશાતના નિવારણ
# તીરથની આશાતના નવિ કરીએ

**સમય : વિ. સં. ૧૯૬૧**
**સ્થળ : પાલિતાણા**
**વિષય : પાલિતાણા ઠાકોર સાહેબ માનસિંહજીની તુમાખી અને એનો સજ્જડ પ્રતિકાર**

શેઠ આણંદજી કલ્યાણની પેઢીએ બ્રિટિશ સરકાર સાથે કરેલ કોલકરાર મુજબ ગિરિરાજ ઉપરની વાઘણ પોળના દરવાજાની અંદર તેમજ જૈનમંદિરોમાં બૂટ કે જોડા કે અન્ય કોઈ પગરખાં પહેરીને ન જવું. પેઢી એની બદલીમાં કપડાના કે મખમલી પગરખાનો બંદોબસ્ત રાખે.

આ અંગે જાહેર સ્પષ્ટ ચેતવણી બોર્ડ મૂકયાં છતાં એક દિવસ ઠાકોર માનસિંહજી તુમાખીમાં ને તુમાખીમાં બૂટ પહેરી ઠેઠ દાદાના દરબારમાં ઘુસી ગયા. ઘુસી ગયા એટલું જ નહીં પરંતુ મોઢામાં સળગતી ચિરૂટ પણ રાખી અને દાદાના દરબારમાં જઈને દાદાના દરબારના ગભારાની બંધ જાળીમાં એ ચિરૂટનો દમ ખેંચી ધુમાડો પણ જાળીની અંદર ફેંક્યો.

ઠાકોર સાહેબના આવા વર્તનથી જૈનોમાં ખૂબજ ખળભળાટ મચી ગયો. દાદાની આવી ઘોર આશાતના થતી જોઈ સમગ્ર જૈનો ઉકળી ઉઠ્યા. પેઢી તરફથી તેમજ પાલિતાણા સમસ્ત મહાજન તરફથી રાજકોટ પોલીટિકલ એજન્ટ ઉપર ટેલીગ્રામો કરી ધા નાખી. પાલિતાણાના એકલાના નહીં. પરંતુ આજુબાજુના ભાવનગર–તળાજા–મહુવા વિગેરે અનેક ગામોના જૈનોએ રાજકોટ પોલીટિકલ એજન્ટ ઉપર ટેલીગ્રામો

કરી ભારે વિરોધ દર્શાવ્યો. વિરોધ દર્શાવ્યો એટલું જ નહીં પણ આ અંગે ન્યાય પણ માંગ્યો.

પોલીટિકલ એજન્ટ તરફથી આ અંગે પાલિતાણા ઠાકોરસાહેબ માનસિંહજીની પાસે ખુલાસો માંગવામાં આવ્યો. આમ થવાથી માનસિંહજીનો પિત્તો આસમાને પહોંચ્યો અને પેઢીને જણાવ્યું કે હવે તો હું ઈંગારશાપીર ઉપર મુસલમાનોની પાસે બકરા વધેરાવી એનું લોહી તમારા આદેસર ઉપર ન છાંટું તો મારું નામ માનસિંહ નહીં.

આ જાણી સમગ્ર જૈન સમાજ હચમચી ગયો. દરેક ગચ્છના જૈન સાધુઓ પણ ઉકળી ઉઠ્યા. આમ દરબાર કરે એ કેમ જોયું જાય. બધાય સાધુઓની નજર શાસન સમ્રાટ્શ્રીની ઉપર ઠરી. એમના ઉપર બધાયને વિશ્વાસ હતો. જરૂર એ કાંઈક આ બાબતમાં કરી શકશે.

પૂ. શાસન સમ્રાટ્શ્રીને તો જ્યારથી આ પ્રકરણ શરૂ થયું ત્યારથી ખાવું–પીવું હરામ થઈ ગયું હતું.

પૂજ્યશ્રી ગામના મુખ્ય દેરાસરની બાજુમાં આવેલ હેમાભાઈ શેઠની હવેલીએ પધાર્યા. પૂ. સાગરજી મહારાજ અને પૂ. મણિવિજયજી મહારાજ પણ ત્યાં આવી ગયા. મંત્રણાઓ શરૂ થઈ.

પૂ. શાસનસમ્રાટશ્રી ભરયુવાનીમાં એટલે પછી પૂછવું જ શું ? શામ–દામ–દંડ–ભેદ ચારે નીતિએ કામ લેવા નક્કી કર્યું.

ગામમાં એક ભાઈચંદભાઈ નામના સદ્ગૃહસ્થ રહે. એ ઘણા જ બાહોશ–મુત્સદ્દી પણ ખરા. પેઢી પણ એમનો ઘણી વખત સાથ લેતી અને એ પણ ઉત્સાહપૂર્વક દરેક કાર્યોમાં રસ લેતા.

પૂ. શ્રી એ એમનો સંપર્ક સાધ્યો અને સમજાવ્યા કે કઈ રીતે કામ લેવું. એ ઘણા જ બાહોશ અને ચારે નીતિના જાણકાર હતા.

ત્રણે મહાન જૈનમુનિઓએ મળી આ કાર્ય શરૂ કર્યું. ભાઈચંદભાઈને સમગ્ર કાર્યવાહી સમજાવવામાં આવી. ભાઈચંદભાઈએ પણ પ્રાણના ભોગે આ કાર્ય પાર પાડવા ઝંપલાવ્યું

પૂજ્યશ્રીએ ભાઇચંદભાઇને પહેલું કાર્ય એ સોંપ્યું કે તમારે પાલિતાણાના પહાડની પાછળના ચોક–દાઠા એજન્સી હકુમતના પ્રદેશમાં જ્યાં કામળીઆઓ વસે છે ત્યાં જઈ પ્રચાર કાર્ય શરૂ કરવું.

કામળીઆઓ એક જાતના રબારી. એ લોકો હજાર–પાંચસો બકરાંઓ રાખે; કોઈક વળી ભેંસો રાખે અને એ ડુંગરાઓમાં ચરાવી જીવન નિર્વાહ ચલાવે. ભાઈચંદભાઈએ ત્યાં જ એ લોકમાં પ્રચાર શરૂ કર્યો કે પાલિતાણાના ઠાકોર શેત્રુંજાના ડુંગર ઉપર કતલખાનું શરૂ કરવાના છે અને તમારા બકરાંઓ ત્યાં કપાશે. બકરાંઓ કપાઈ ગયા પછી તમો શેના પર રોજગારી ચલાવી રોટલો રળશો ? એ અબુધ લોકો તો આ સાંભળી સમસમી ગયા એમાં પાછળથી આપણા પૂ.શ્રી એ પણ ત્યાં જઈ ઉપદેશ દ્વારા આ પ્રચાર કાર્ય શરૂ કર્યું. ધારી અસર પ્રચારની થઈ. એ લોકો ઘાસના બાંધેલ ઝુંપડામાં ૨૦-૨૫ના જુથમાં રહે. એ જગ્યા નેસ કહેવામાં આવતો એવા સાતાનાનેસ. બોદાનાનેસ વિજાનાનેસ. વિગેરે ગામો અને ભંડારીઆ મોરચુપણાના પણ કામળીઆઓ આ સાંભળી ઉકળી ઉઠયા. અને પૂ.શ્રી પાસે પાણી મૂક્યું કે ભલે લોહી રેડાય પરંતુ શેત્રુંજાના ઉપર ઠાકોરને કોઈપણ ભોગે કતલખાનું નહીં જ કરવા દઈએ.

આ બાજુ હારેલ જુગારી બમણું રમે એમ માનસિંહજીએ શત્રુંજયની ઉપર ઈગારશાપીરની બરાબર સામે પૂર્વદિશામાં જ્યાં એક મેદાન જેવું છે ત્યાં કતલખાનું બાંધવા મનસુબો કર્યો અને એ અંગે તૈયારીઓ પણ

કરી. પૂ.શ્રી આવી ગયા પાલિતાણામાં. હવેલીએ બધાય સાથે જ ઊતર્યા.

ભાઈચંદભાઈ કામળીઆઓના ગામોમાં ફરે અને પળેપળના સમાચારો એ કામળીઆઓને પહોંચાડે. પૂ.શ્રીએ સમાચારો મેળવવા માટે ગોઠવણ કરી લીધી. પૂ.શ્રી હવેલીએ રહે, પૂ. સાગરજીમહારાજ કંકુભાઈની ધર્મશાળા કે જ્યાં જુની તળેટી તરીકેની પાણીની ટાંકી પાસે આદીશ્વર પ્રભુના પગલાની દહેરી છે ત્યાં દિવસે રહે.

મણિવિજયજી મહારાજ કલ્યાણ વિમલની દહેરીએ બેસે અને પૂ. શ્રીના એક જામનગરના વતની અને સંસારમાં સાતેય વ્યસને પૂરા અને માથાભારે માનવી. એમણે પૂ.શ્રી પાસે દીક્ષા લીધેલ. એમનું નામ સુમતિ વિજયજી હતું તે મુનિરાજ હાથમાં ધોકા જેવા બાંબુના બનાવેલા દાંડા સાથે તળેટીએ રહે. આમ બધુંય ગોઠવાઈ ગયેલું.

નક્કી કર્યા મુજબ શત્રુંજય ઉપર કતલખાનું બાંધવા માટેનો (ઈંટ, ચૂનો, માટી, છાપરા માટેના પતરાં–લાકડાં વિગેરે) ઈગારશાપીર સામે નીચેના ભાગના મેદાનમાં ભેગું કરાયું. કામળીઆઓને આ વાવડ પહોંચી ગયા કે આવતીકાલે સવારે કતલખાનું બાંધવાનું કાર્ય શરૂ થનાર છે એટલે એ લોકો (લગભગ ૧૦૦ માણસો) કડીઆળી ડાંગો ધારીઆ વિગેરેથી હથિયારો લઈ જીવાપરાની ગાળીમાં ભરાઈ બેઠા. સૂરજદાદા વામ જેટલા આકાશમાં આવ્યા અને કડીઆઓ વિગેરે એ મેદાનમાં આવી ગયા. સાથે બે પટાવાળાને દરબારે મોકલાવેલ. ઠાકોર સાહેબને શંકા તો હતીજ કે નક્કી જૈનો તોફાન કરશે જ એટલે ઠાકોર સાહેબ પાલિતાણા રાજ્યના ગારિઆધાર મુકામે ફરવાના બહાને જતા રહ્યા. ગામમાં ચીમનલાલ દિવાનને માહિતીઓ મોકલવા પાલિતાણા ગામમાં કચેરી ખાતે મૂકતા ગયા.

આ બાજુ ડુંગર ઉપર કડીઆ વિગેરેએ જઈ કામની શરૂઆત કરી. થોડો પાયો પણ ખોદ્યો. અને હવે ચૂનો પાથરી પથરાઓ ગોઠવવાની શરૂઆત કરતા હતા ત્યાં ગાળીમાંથી એક જુવાન કામળીઓ ડાંગ લઈને આવ્યો અને ચણતર ઊપર સૂઈ ગયો અને જોરથી બોલવા માંડયો કે અમારા બકરા કાપવા અમો અહીં કાંઈપણ થવા દઈશું નહીં, આમ જ્યાં બોલે છે ત્યાં દરબારના એ પટાવાળાઓએ એ કામળીઆના જુવાનને ઢસડી આઘો કર્યો. બસ થઈ રહ્યું દારૂમાં ચિનગારી પડી. એ જોરજોરથી મોટેમોટેથી રાડો પાડવા લાગ્યો, બચાવો બચાવો મને મારી નાંખ્યો, આ અવાજ થતાં જ ગાળીમાંથી બધાય કામળીઆઓ લાકડીઓ કડીયાળી ડાંગો સાથે બહાર આવી ગયા અને તૂટી પડયા એ કડીઆ અને દરબારના માણસો ઉપર. થઈ ગયું જબરું ધીંગાણું. સંખ્યાબળ જોઈ એ બધાય ભાગી ગયા. કામળીઆઓએ કતલખાનું બાંધવા લાવેલ બધોય સરસામાન ડુંગરની ખીણમાં આમતેમ ફેંકી દીધો. સરસામાનનું નામનિશાન પણ ન જ રહેવા દીધું. પ્રથમ તબક્કો ઓપરેશન બ્લ્યુસ્ટારનો પૂરો થયો.

વાયુવેગે ગામમાં સમાચારો ફરી વળ્યા કે ડુંગર ઉપર તોફાન થયું છે. હવેલીએ બધાય સમાચારો આવતા હતા. પૂ.શ્રીએ સાગરજી મહારાજ અને મણિવિજયજી મહારાજ સાથે ભેગા મળી વિચાર વિનિમય કર્યો. આ બધાય પરિણામ લક્ષી હતા. પૂ.શ્રીએ રજુઆત કરી કે ઠાકોર સાહેબ ગારિયાધાર છે. દિવાન જરૂર રીપોર્ટ મોકલશે જ. શું રિપોર્ટ મોકલશે એ જાણવું જરૂરી હતું અને એ માટે પૂ.શ્રીએ ષડ્યંત્ર રચ્યું.

પૂ.શ્રી ના એક અનન્ય ભક્ત અમદાવાદના પાડાપોળના ગોકલદાસ આમથા શાહ હતા.એ એ વખતના મેટ્રિક પાસ એ સમયનું મેટ્રિક એટલે આજના એમ.એ. પણ એની આગળ પાણી ભરે. એ ઘણા જ બાહોશ

હતા. પૂ.શ્રીએ એમને બોલાવ્યા અને મસલત કરી ભેદનીતિ અપનાવવા જણાવ્યું.

અને એ ગોકળદાસે લીધો અઘોરી બાવાનો વેશ અને ગારીઆધારના માર્ગ ઉપર એક ઝાડની નીચે બે ચાર લાકડા–છાણા સળગાવી બરાબર ધૂણી ધખાવી બેઠા. શરીર ઉપર બરાબર રાખ પણ લગાવી દીધી અને ખોટેખોટી એક ચલમ પણ રાખી લીધી. જમીન ઉપર લાંબો ચીપીઓ પણ ખોસી દીધો, કયાંકથી કમંડળ પણ મેળવી લીધું અને બેઠા ઝાડની નીચે ધૂણી ધખાવી.

બપોરના રોંઢાનો ટાઈમ પત્યો અને દૂરથી ખેપીઓ આવતો દેખાયો. ધારણા સાચી પડી. બાવાજીની નજીક આવતાં ખેપીઆએ જોરથી બાપુ રામરામ બાવાજી રામરામ અને બાવાજી ભાંગી તુટી હિન્દી ભાષામાં બોલ્યા કે કયોં ઈસ કડી ધૂપ મેં કહાં જા રહે હો ? ખેપીઓ બાપુ કયા કરું ઈસ પાપી પેટકે લિયે સબ કુછ કરના પડતા હે, દરબારકી નૌકરી હૈ ને ? જબ કહે તબ કરના પડે. કહાવત હૈ ને નૌકર બિચારા કયા કરે અન્ન પરાયા ખાય. બાવાજી-અચ્છા અચ્છા લેકીન કહાં જા રહે હો કિસલિયે જા રહે હો ? ખેપીઓ–બાપુ ! દિવાન સાહબ કા યહ કાગજ લેકર ગારિયાધાર બાપુકો દેને જા રહા હૂં. બાવાજી–કયા બાપુ ગારીઆધારમેં હૈ ? ખેપીઓ-હા મહારાજ. બાવાજીએ ખેપીઆને ઠંડુ પાણી પાયું. ધોમતાપમાં એ પણ અકળાઈ ગયો હતો તેથી થોડો પોરો ખાવા એ રોકાણો. બાવાજીએ વાતનો દોર જારી રાખ્યો, કયા કાગજ હૈ. ખેપીઓ–ખબર નહીં મુજે, એમ કરી થેલામાંથી કાગળ કાઢી બતાવ્યો. બાવાજીએ ઝીણી નજરે જોઈ લીધું કવર સીધુ સાદું હતુ. આના ઉપર કોઈ લાખના સીલ બીલ ન હતા. કામ સરળ લાગ્યું અને

બાવાજી એ ઝોળીમાંથી પાંચનું પતાકુ કાઢ્યું અને ખેપીઆના હાથમાં સેરવી લીધું. કહેવત છે કે ''જિસકે હાથમેં દામ ઉસકો કરે બીબી સલામ,'' ખેપીઓ પીગળી ગયો. બાવાજી–જરા દેખું તો યહ કાગજ, ઓર ઈસમેં કયા લિખા હૈ, દેખું તો સહી., ખેપીઆએ ગભરાતાં પરબીડીયું બાવાજીના હાથમાં આપ્યું. બાવાજી–બચ્ચા ગભરાના નહી, મેં ઈસ તરહ ઈસકું ખોલુંગાકી કીસી કો ખબર ભી ના પડે અને બાવાજીએ કમંડળમાંથી પાણી કાઢી આંગળીથી કવર ઊપર ચોપડ્યું ગુંદર ઓગળ્યો અને પરબીડીયું ઊઘડી ગયું ખોલીને વાંચ્યુ તો એમાં લખેલું કે સાદર સલામ સાથે જણાવવાનું કે ડુંગર ઊપર છાપરું બનાવવા ગયેલ આપણા માણસોને આ બાજુના કામળીઆએ ખૂબ માર્યાં છે જબરૂ તોફાન થઈ ગયું છાપરાનો માલસામાન પણ એ લોકોએ વગે કરી નાખ્યો છે હવે શું કરવું ? જવાબ જણાવવા વિનંતિ.

**લી. દિવાન ચીમનભાઈ**

કાગળ વાંચી પાછો હતો તે પરબીડીઆમાં મૂકી થોરના દૂધથી એ બરાબર પેક કરી તાપણ ઉપર શેકી કોરો કરી નાખ્યો. કામ એટલી સિફતથી કર્યું કે જરાય વહેમ ન આવે. બાવાજીએ ખેપીઆને લાલચ આપી કે પાછા વળતા અહીંથી જજો તને ખૂબ રાજી કરીશ. પૈસાથી શું ન થઈ શકે ? ખેપીઆએ ગારીયાધાર જઈ બાપુને પરબીડીયું આપ્યું બાપુએ પણ ઉતાવળમાં પરબીડીયું ફાડી સમાચાર જાણી લીધા મનમાં ધારણા હતી તેમ જ થયું. ખેર, વળી કો'ક વખત વાત. સેક્રેટરીએ આનો જવાબ લખ્યો કે જો તોફાન થયું હોય તો હમણાં એ કામ બંધ રાખશો., હું પાંચ દિવસ અહીં રોકાઈશ.

**લી. હજુરહુકમથી નાનભા**

જવાબ લઈ ખેપીઓ પાછો આવ્યો અને લાલચે પાછો બાવાજીની પાસે આવી બેઠો બોલ્યો, બાપુ, રામ રામ ! બાવાજી–રામ રામ, બોલો ક્યા સમાચાર હે ? ખેપીઆએ ખલતામાંથી પરબીડીયું કાઢયું. બાવાજીએ તો દસની નોટ તૈયાર જ રાખી હતી. ધીમેથી એનો હાથમાં સેરવી દીધી. બસ થઈ રહ્યું. બાવાજીએ નિરાંતે પહેલાની જેમ પરબીડીયું ખોલ્યું. એમાં લખેલ કે જો તોફાન થયું હોય તો હમણાં કામ મુલત્વી રાખવું. વાંચી બાવાજીને ટાઢક વળી. પરબીડીયું હતું એમ પાછું પેક કરી દીધું. ખેપીઓ રવાના થયો. બાવાજી લંગોટ બંગોટ ફેંકી હતા એવા કપડા પહેરી આવ્યા પૂ.શ્રી પાસે અને બધોય અહેવાલ આપ્યો. પૂ.શ્રીએ વાંસો થાબડયો, શાબાશી આપી વાહ ગોકળદાસ. બધાયને નિરાંત વળી હાશકારો ખાધો ગામમાં તો સોંપો પડી ગયેલ.

અઠવાડીઆ પછી માનસિંહજી પાલીતાણા આવી ગયા અને તપાસ શરૂ કરી. પૂછપરછમાં ભાઈચંદભાઈની ગંધ આવી. બાપુએ એને પકડી મંગાવ્યો. દમદાટી મારી પણ એ એકનો બે ન જ થયો. બાપુ–એ એમ નહીં માને. મંગાવો ખાણીઓ અને દસ્તો અને એ કમબખત વાણીઆના આંગળા કચરી નાખો એટલે ઝખ મારી બધુંય બોલશે. અને બાપુએ પોતાની નજર સામે જ ભાઈચંદભાઈના હાથ ખાણીઆમાં નખાવ્યા અને હુકમ થતાં જ નોકરે જોર જોરથી દસ્તા ખાણીઆમાં ઝીંક્યા. ભાઈચંદના આંગળા છુંદાઈ ગયા; લોહીલુહાણ થઈ ગયો પણ પૂર્ણ એ વફાદાર રહ્યો પેટનું પાણી ન હાલ્યું તે ન જ હાલ્યું. છેવટ બાપુએ એને છોડી મૂક્યો. પાલિતાણા આખાય ગામમાં બાપુના અત્યાચારની વાત ફેલાણી. લોકોએ બાપુ ઉપર ફિટકાર વરસાવ્યા.

પેઢીએ અને પાલીતાણા મહાજને રાજકોટ પોલીટિકલ એજન્ટ ઉપર

ઉપરા ઉપરી ટેલીગ્રામોનો (જુદા જુદા નામે) વરસાદ વરસાવી દીધો. પોલીટિકલ એજન્ટ તરફથી તપાસ ચાલી. બાપુ ગભરાણા. એટલે ભૂલચૂકે પેઢી પણ ભાઈચંદને રાજકોટ લઈ જઈ પુરાવારૂપે પોલીટિકલ એજન્ટ સમક્ષ હાજર કરે તો આવી બને. એટલે એ ભાઈચંદને રાજકોટ ન લઈ જવાય અને પાલીતાણાની બહાર પણ એને ન લઈ જવાય એને માટે એના પહેરા માટે બે પટાવાળાને રાખેલા. ભાઈચંદભાઈ તો રોજ પૂ.શ્રીને વંદન કરવા હવેલીએ અચૂક આવે. પટાવાળા પણ એની પાછળ પાછળ આવે. ભાઈચંદભાઈ હવેલીમાં દાખલ થાય અને પટાવાળાઓ હવેલીના દરવાજે ઓટા ઉપર બેસી રહે. આમ રોજનો ક્રમ રહેતો. પૂ.શ્રી અને પેઢીએ પાંચ–છ દિવસ જવા દીધા. બધું ઠંડુ પડી ગયું અને છૂપી ગોઠવણ કરી. ભાઈચંદ હવેલીમાં વંદનાર્થે દાખલ થયા અને હવેલીના પાછળના ભાગમાં પેઢી તરફથી ખાનગી મોટર આવી ઊભી. ભાઈચંદને બારીમાંથી નીસરણી મૂકી પાછળ ઉતારી મોટરમાં બેસાડી રવાના કરી દીધા. સાથે પેઢીના મુનીમ સાહેબ હરીભાઈ ગયા. હરીભાઈ ઘણા બાહોશ હતા. મોટર મારી મૂકી સોનગઢના રસ્તે. પટાવાળો તો ઓટે બેસી બીડીઓ પીતો રહ્યો, અર્ધો પોણો કલાક થયો અને ભાઈચંદભાઈ બહાર ન આવ્યા એટલે એ અંદર તપાસ કરવા ગયો. પણ ભાઈચંદભાઈ ન દેખાણા. પટાવાળાએ પૂ.શ્રીને પૂછયું પણ ખરું ! પૂ.શ્રી એ જણાવ્યું કે ભાઈ જો તપાસ કર. અમોને વંદન કરીને કયારનોય ગયો. પટાવાળાને પાકી ખાત્રી થઈ કે ભાઈચંદ હવેલીમાં નથી, એ ગભરાણો અને સીધો ઉપડયો હવામહેલે બાપુને ખબર આપવા ભૈરવનાથની ઘડીયાળ સાડા નવનો ટાઈમ દેખાડતી હતી. હવામહેલ ભૈરવનાથથી લગભગ એક માઈલ જેટલો દૂર. પટાવાળાને જતાં સહેજે પા કલાક ૨૦ મિનિટ તો થાય

જ ને. એ પહોંચ્યો બાપુની પાસે અને જણાવ્યું કે બાપુ ભાઈચંદ ક્યાંય નથી. એ ધર્મશાળામાં ગયો. હું બહાર ઓટે પહેરો ભરતો હતો. અર્ધોકલાક થયો અને બહાર ન આવ્યો એટલે મેં અંદર બધેય તપાસ કરી મહારાજશ્રીને પણ પૂછી જોયું પણ એ ક્યાંય મળ્યા નથી. વહેમ છે કે મહારાજશ્રીએ જ એને ક્યાંક ભગાડી દીધો હોય. આ સાંભળી માનસિંહજી તો ધુંઆફુંઆ થઈ ગયા. પટાવાળાની ખબર લઈ નાખી અને પોતે મોટર લઈ સોનગઢ રસ્તે ઊપડયા. સોનગઢ પહોંચ્યા તો ભાવનગરમેઈલ સોનગઢ છોડયાને લગભગ ૧૦ મિનિટ થઈ ગયેલ. મેઈલે બરાબર ૯—૫૫ સમયે સોનગઢ છોડેલ. બાપુના હાથ હેઠા પડયા. વીલે મોંઢે આવ્યા પાછા. હવે એમને ચેન પડતું નો'તું. શું કરવું ? ખૂબ ખૂબ મુંઝાયા અને યાદ કર્યા ભગવાનને. અમદાવાદના શેઠ મનસુખભાઈ ભગુભાઈ અને નગરશેઠ ચીમનભાઈ લાલભાઈએ આ અંગે પ્રચાર કરવા તત્ત્વવિવેચક સભા તરફથી એક વર્તમાનપત્ર કાઢવાનું શરૂ કરેલ. એનું નામ ''જૈન એડવોકેટ'' રાખેલ અને એના તંત્રી તરીકે ગોકલદાસ અમથાશાહને રાખેલ, ગોકલદાસ આમ તો મેટ્રીકપાસ પણ એ વખતનું મેટ્રીક એટલે આજના યુગનું એમ.એ. એઓનું ઈંગ્લીશ ખૂબ જ પાવરફુલ. એડવોકેટ છાપામાં એ આગ ઝરતી ભાષામાં ઠાકોરસાહેબ વિરુદ્ધ લેખો લખે. કહેવાતું કે એડવોકેટ પેપર વાંચે તો જ ઠાકોર સાહેબે સંડાસ જવું પડતું. એ ખૂબ જ ખીજાયેલ. એમણે પૂ. શાસનસમ્રાટશ્રીના માથા માટે રૂા. ૨૦,૦૦૦ વીસ હજારનું ઈનામ જાહેર કરેલ અને ગોકળદાસના માથા માટે રૂા. પાંચ હજાર જાહેર કરેલા. આ બાજુ મુનીમ સાહેબ હરીભાઈ ભાઈચંદભાઈને રાજકોટ લઈ જઈ પોલીટિકલ એજન્ટની સમક્ષ પુરાવા રૂપે રજૂ કર્યો. પોલીટિકલ એજન્ટ યુરોપીયન હતા, જૈનોના

વિરોધોના તારો અને આ પુરાવો જોઈ છક થઈ ગયા અને તુરત એડીસીને હુકમ કર્યો કે સિમલા નામદાર વાઈસરોયને રિપોર્ટ કરો અને તેમ થયું. નામદાર વાઈસરોયે હુકમ કર્યો કે માનસિંહજીને ખબર આપો કે તત્કાળ અત્રે હાજર થાય. માનસિંહજીને રાજકોટ પોલીટિકલ એજન્ટનો ઓર્ડર મળ્યો કે તમો વહેલી તકે સિમલા નામદાર વાઈસરોયને સમક્ષ હાજર થાઓ. માનસિંહજી ખૂબ જ ગભરાઈ ગયા અને શું થશે તેની કલ્પનાઓ કરતા રવાના થયા સિમલા તરફ. રસ્તામાં ટ્રેઈનમાં એમને છાતીમાં સખત દુઃખાવો ઉપડતાં એ ભગવાનના દરબારમાં કરેલ દુષ્કૃત્યોની સજા ભોગવવા પહોંચી ગયા.

''બદલો ભલા બુરાનો અહીંનો અહીં જ મળે છે'' એ સાચું પડયું.

''અત્યુગ્રપુણ્યપાપાનાં ઈહૈવ ફલમશ્નુતે''

અર્થ : અતિ ઉગ્ર પુણ્ય પાપોના ફળ અહીં જ ભોગવાય છે.

---

નોંધ પૂ. આ. ઉદયસૂરીશ્વરજી મહારાજ સાહેબના મોઢેથી મળેલ માહિતી અનુસાર

# રાજસ્થાનના અતિ પ્રાચીન કાપરડાજી તીર્થનો પુનરુદ્ધાર

**સમય : વિ. સં. ૧૯૭૫**

**સ્થળ : કાપરડાજી જી. : જોધપુર તા. : બિલાડા (રાજસ્થાન)**

પૂ.શાસનસમ્રાટ શ્રી રાજસ્થાનના પ્રદેશમાં વિચરતા હતા. વિચરતા વિચરતા પીપાડ સિટી થઈ બિલાડા ગામે પધાર્યા. આ ગામના શ્રીમંત શેઠ પનાલાલજી ગજરાજજી શ્રોફ પૂ.શ્રીના પરમભક્ત હતા. પાલડી શિવગંજના શેઠ ગુલાબચંદજી અમિચંદજી અને પનાલાલજી શ્રોફ બન્ને મિત્રો હતા.

પૂ. શાસનસમ્રાટ શ્રી ૧૯૭૪નું ચોમાસુ ફલોધીમાં કરી બિકાનેર નાગોર મેડતા જૈતારણ થઈ બિલાડા ગામે પધાર્યા. બિલાડાના આગેવાન શેઠ પનાલાલજી શરાફ વગેરે જૈનોને લાગ્યું કે પૂજ્ય શાસનસમ્રાટ શ્રી એક મહાપુરુષ છે એમાં શંકા જેવું છે જ નહીં. કાપરડાજીનો પુનરુદ્ધાર એમના સિવાય થવો અશક્ય છે. પૂ. મોહનલાલજી મહારાજ પણ એક વખત આવી ગયા અને પ્રયત્ન કરી જોયો પણ કાંઈ થયું નહીં.

બિલાડાના પાંચ–છ શ્રાવકોની સાથે પનાલાલજી શરાફ પૂ.શ્રી પાસે આવ્યા અને કાપરડાજીના ઉદ્ધાર અંગે વિનંતિ કરી. હવે આપ શ્રી કાપરડા પધારો અને ઉદ્ધારનું કાર્ય શરૂ કરાવો. આ અગાઉ હર્ષમુનિજી અત્રે આવેલ અને તીર્થની આશાતના જોઈ એમનું હૃદય દ્રવિત થઈ ગયેલ. જીર્ણોદ્ધારના અપૂર્વપ્રેમી શેઠ લલ્લુભાઈને ઉપદેશ આપી રૂા. ૧૦ હજાર અપાવેલ પણ ખરા. પરંતુ એથી ધરમૂળથી કોઈ ઉદ્ધાર ન જ થઈ શક્યો. તેમજ જે આશાતનાઓ થતી હતી તે પણ દૂર ન થઈ શકી. આ મહાન કાર્ય આપશ્રી વિના કોઈ પણ રીતે થઈ શકે તેમ નથી માટે આપ શ્રી

કાપરડાજી પધારો.

બે–ચાર દિવસ રોકાઈ પૂ. શ્રી કાપરડાજી પહોંચ્યા. જમીનથી ૯૫ ફુટ ઉંચાઈવાળા સાતમાળના આ ભવ્ય જિનાલયની આવી હાલત જોઈ એમનું હૈયું હચમચી ગયું. કાળબળે એ મહાન્ જિનાલય ઘણી ધોરી વિનાનું બની ગયેલ. એ જિનાલયમાં એક બાજુ બટુકજી ભૈરવની મૂર્તિ બેસાડવામાં આવેલ બીજી તરફ ઓટલા ઉપર ચામુંડા–કાળકામાતા–હનુમાનજી વિગેરે દેવોના સ્થાનો થયેલાં ગામના અને ગામની આજુબાજુ ૧૦–૧૦ ગાઉના લોકો ત્યાં આવે બાધા આખડી છોડે–નાના છોકરાઓના ભૈરવજીની સામે વાળ ઉતારે અને કયારેક ચામુંડા–કાળકાદેવી સામે બકરાના ભોગ પણ ચઢે. આ બધું જોઈ પૂ.શ્રીની આંખો આંસુઓથી ભીંજાઈ ગઈ. અરે આવા મહાનતીર્થની આવી ઘોર આશાતના ! કાળનો જ પ્રભાવ સમજવો.

એક ઉક્તિ છે કે - વદ પછી સુદ જરૂર આવે છાયા પછી તડકો પણ જરૂર આવે રાત પછી દિવસ પણ આવે છે.

આ વખતે જોધપુરથી વકીલ જાલમચંદજી વકીલ કાનમલજી પટવા શ્રીસમરથ મલજી વિગેરે આગેવાનો પૂ.શ્રી ને વંદન કરવા આવેલા.

પૂ.શ્રી સાથે ૨૫ જૈન સદ્‌ગૃહસ્થો હતા. બાજુના ભાવિ ગામના એક ગૃહસ્થ જાવંતરાજજી પણ વંદના અર્થે ત્યાં આવ્યાં. એમણે પૂ.શ્રી અને એમની સાથેના સમુદાયની ભારોભાર પ્રશંસા સાંભળેલ. કાપરડાજી દેરાસરની ચારે તરફ મજબુત ઊંચો ગઢ હતો. ગામના તળાવના તરફ એક મોટો દરવાજો હતો પણ એ બંધ રહેતો હતો. પૂર્વદિશાનો દરવાજો ચાલુ હતો. દરવાજા પાસે બે દિવાનખાના અને અંદરના ભાગમાં દરવાજાની બન્ને તરફ મોટા ઓટલા જેવું હતું. પરંતુ પૂર્વદિશામાં બે દેરી અને એમાં ચામુંડાદેવી અને ભૈરવનાથ ઘણા સમય પહેલા કોઈએ

નીલવર્ણના પધરાવેલા પરંતુ પછીથી ઝાટ લોકોએ એને કાળા કરેલ પૂ.શ્રી દેરાસરમાં બીરાજમાન સ્વયંભૂ પાર્શ્વનાથ પ્રભુના દર્શન અને ચૈત્યવંદન કરી બહાર આવ્યા.

બે ત્રણ દિવસ પહેલા કોઈ યાત્રાળુઓ દર્શનાર્થે આવ્યા હશે. તેઓએ કરેલ ચાંદીના વરખની આંગી જેમની તેમ જ હતી. ચઢાવેલ ફુલો પણ કરમાઈ ગયેલાં. આ જોઈ સહેજે સમજી શકાણું કે પ્રભુના પ્રક્ષાલ વિગેરે કોઈ કરતું હોય એમ લાગતું જ નથી.

પૂ.શ્રી એ પહેલાં તો સર્વપ્રતિમાજી મહારાજને પ્રક્ષાલ વિગરે વ્યવસ્થા સાથે આવેલ ભાઈઓ પાસે કરાવી અષ્ટ પ્રકારી પૂજામાં જે જે તે વખતે થઈ શકયું તે તે કરાવ્યું. અને એક પૂજારીની તાત્કાલિક વ્યવસ્થા કરાવી દીધી. આ અરસામાં અમદાવાદથી પૂ.શ્રીના અનન્ય ભક્ત માકુભાઈ શેઠ મોટર લઈ વાંદવા આવ્યા. પૂ.શ્રીએ ઉદ્ધાર અંગે વાત કરતાં તુરત પાંચ હજાર સાથેના શ્રાવકો (પન્નાલાલજી)ને આપી દીધા. પ્રથમ તો બિલાડાવાળા શ્રાવકો પાસે દેરાસર તેમજ બાજુની જીર્ણ ધર્મશાળાનો કબ્જો લેવરાવી લીધો. કબ્જો લેતી વખતે જોધપુરના જાલમચંદજી વકીલ અને બિલાડા ગામના હાકેમ શ્રી બાદરમલ વિગેરે હાજર હતા એટલે ગામનું કોઈ સામનો ન કરી શક્યું.

પાલિતાણાથી સોમપુરા મિસ્ત્રીઓ બોલાવી જીર્ણોદ્ધાર કાર્ય શરૂ કરાવ્યું. આ બાજુ પૂ.શ્રીએ ઝાટ લોકોને બોલાવી સમજાવવા પ્રયાસો શરૂ કર્યા. પણ સમજે તો એ ઝાટ શેના ? પૂરજોશમાં કામ ચાલુ થઈ ગયું. ઝાટ લોકોનો વિરોધવંટોળ ઉપડ્યો. ડરે એ બીજા. પૂ.શ્રીએ પનાલાલજી વિગેરેને બોલાવી પૂછી જોયું કે આ લોકો તોફાન કરે તો શું કરવું ? પનાલાલજી કહે કે હવે ડરવાથી શું કામ ? બિલાડાના હાકેમ બાદરમલજીએ તળાવ ઉપર તંબુ નાખી ત્યાં જ રહેવાનું શરૂ કર્યું

પનાલાલજી વિગેરે ઘરેથી પોતપોતાની બંદુકો તલવારો વગેરે હથિયારો દારૂગોળો વિગરે કાપરડાજી લઈ આવ્યા. મહાસુદ–૫ પ્રતિષ્ઠાનો દિવસ નક્કી થયો. અટ્ઠાઈ મહોત્સવો શરૂ થયા. દેરાસરમાં પોષવદ–૧૩ નંદ્યાવર્ત પૂજન ચાલતું હતું તે વખતે કોઈ ઝાટ પોતાના બાળકના વાળ ઉતરાવવા ભૈરવજી પાસે આવ્યા. આ જોઈ પૂ.શ્રીએ બાદરમલજી અને પનાલાલજીને બોલાવી કહ્યું કે એક બાજું આવું પવિત્ર વિધિવિધાન ચાલે છે અને બીજી બાજુ દેરાસરમાં આવી ઘોર આશાતના થાય એ કેમ ચાલી શકે ? બાદરમલજીએ ઝાટને તે કાર્ય કરતાં રોકવા પ્રયાસ કર્યો. પણ એ તોફાને ચઢ્યો. બળ વાપરી હાકેમ સાહેબે એને ત્યાંથી દૂર કર્યો. વાતાવરણ ઉગ્ર બન્યું. પૂ.શ્રીએ જ્યાં સુધી ગોળથી મરતો હોય ત્યાં સુધી ઝેર શા માટે વાપરવું એમ વિચારી રાત્રે ગામના ઝાટ લોકોના આગેવાનોને બોલાવી એકત્ર કર્યા. ઉપદેશ દ્વારા સમજાવટનું કાર્ય શરૂ કર્યુ પરંતુ એની કોઈ જ અસર ન થઈ. પૂ.શ્રીએ લોકો સમક્ષ રજૂઆત કરી કે - આ અમારું જૈન મંદિર છે. એમાં આવા કાર્યો થાય એ બરાબર નથી. તમો કહો તે જગ્યાએ અમો તમોને એ દેવદેવીઓના મંદિર બંધાવી આપીએ, ત્યારે ઝાટ લોકો કહે કે અહીંથી એ અમારા દેવદેવીઓ કોઈ રીતે પણ ખસી શકશે નહીં. જો તમે એ હટાવવા પ્રયાસ કરશો તો ભૈરવજી તમો કોઈને પણ જીવતા નહી છોડે, વિગેરે વાતો કરી પૂ.શ્રીને ડરાવવા લાગ્યા. પૂ.શ્રીએ પછી સ્પષ્ટ રીતે ચેતવણી ઉચ્ચારી કે પોષ વદિ ૧૪ના રાતના ૧૦ પહેલાં એ દેવ–દેવીઓ તમો અન્યત્ર લઈ જજો. જો એ સમય સુધીમાં નહીં થાય તો એ પછી જે કાંઈ થાય તેના તમો જવાબદાર છો. કેમ બાદરમલજી ! બરાબર છે ને ? બાદરમલજી હાકેમ સાહેબ–હા બાપજી બરાબર છે. એ લોકોને એજ રીતે અલ્ટીમેટમ આપવું આથી ભારેલ અગ્નિનો ક્યારે ભડકો થાય એ

કાંઈ કહી શકાય નહીં. એ પછી પૂ.શ્રી એ રૂપવિજયજી નામના એક સાધુને બોલાવ્યા(રૂપવિજયજી મૂળ સ્થાનકવાસીમાંથી આવેલ અને મેવાડપ્રદેશના રેલમગરા ગામના વતની. એ મેવાડી એટલે વીરતા ભરેલા) અને કહ્યું કે એ રૂપવિજય, તારે આ રાત્રે ૧૨ વાગ્યે આ ચામુંડા–ભૈરવ–કાલકા વિગેરેને કોશ–કોદાળીથી ઉખેડી એ બધાયને કોથળામાં નાંખી દૂર દૂર જંગલમાં નાખી આવવાના છે, બોલ તૈયાર છો ને ? રૂપવિજયજી–બાપજી, જેવો આપનો હુકમ. પૂ.શ્રી–અને તારી સાથે આ નારણજી પણ આવશે. બધો પ્લાન ગોઠવાઈ ગયો. રાતના દસ સુધી રાહ જોઈ એ ઝાટ લોકોની. કોઈ પણ દેખાણું નહીં એટલે બાદરમલજી હાકેમશ્રીને બોલાવ્યા અને કહ્યું કે કેમ હાકેમસાહેબ ટાઈમ થઈ ગયો. હવે આપણે આપણું કામ શરૂ કરીએ ને ? બાદરમલજી–હા સાહેબ બધીય તૈયારી છે. એમણે ૧૦–૧૨ પોલીસોને આજુબાજુ ગોઠવી દીધા અને બારના ટકોરે એ ચામુંડા-કાળકા-ભૈરવને ઉપાડી કોથળામાં નાંખી દૂર દૂર જંગલના કૂવામાં નાંખી આવ્યા. કાર્ય તો પતી ગયું. પરંતુ સવાર પડતાં જ ગામમાં સમાચાર ફેલાઈ ગયા અને ઝાટ લોકોના ટોળેટોળાં હથિયારો લઈ જંગે ચડયા. આ બાજુ દેરાસરના દરવાજા મજબૂત રીતે બંધ કરી દીધા. દરવાજાના ઓટા ઉપર પૂ.શ્રી બેઠા અને બધાયને કહ્યું કે જો દરવાજો તુટે તો પહેલો હું મરીશ. પનાલાલજી વિગેરે પોતપોતાના હથિયારો લઈ કોટ ઉપર ચઢી ગયા અને થવા માંડયા સામ સામે બંદુકોના કડાકા–ભડાકા; મચી ગયું બરોબરનું ધિંગાણુ. બધાય કોટમા ઘેરાએલા હતાં. ધિંગાણાને એક દિવસ થયો, બીજો દિવસ થયો. બહાર ઝાટ લોકોનું જરાય જોર નરમ નહોતું પડયું. ત્રીજા દિવસે પૂ.શ્રીએ પન્નાલાલજી વગેરેને બોલાવી જણાવ્યું કે હવે શું કરવું ? જોધપુરના જાલમચંદ વકીલ ઉપર પત્ર લખી જણાવીએ કે અમો સૌ તોફાનમાં

ઘેરાયા છીએ. રાજ્યને વિનંતી કરી બંદોબસ્ત કરો તો સારું.

પન્નાલાલજી કહે કે સાહેબ એ બરાબર છે પણ કાગળ કઈ રીતે જોધપુર પહોંચાડવો ? દરવાજા ઉઘડી શકે એમ છે જ નહીં. પૂ.શ્રી એ જણાવ્યું કે-આ નારણજી સ્ત્રીવેશ પહેરશે અને દેરાસરની પાછળના ભાગમાં પાણીના નીકાલ માટે મોટી ગટર જેવું છે એમાંથી એ શૌચ જવાને બહાને રાત્રે બહાર નીકળી ગમે તે રીતે જોધપુર પહોંચી જવા તૈયાર છે. બોલો એમ કરવું છે ?

પન્નાલાલજી–બાપજી, બરાબર છે અને નારણને બોલાવ્યો. એણે બરાબર સ્ત્રીવેશ પહેરી લીધો અને કાગળ અંદરના વસ્ત્રમાં બરાબર સંતાડી એ પાછળની ખાળવાટે લોટો લઈ બહાર નીકળી પણ ગયો અને પડ્યો નિર્વિઘ્ને જોધપુરના રસ્તે. એણે જોધપુર જઈ જાલમચંદ વકીલને સવારના પહોરમાં પત્ર આપ્યો. પત્ર વાંચતાની સાથે જ કપડાં પહેરી એ જોધપુર નરેશના મહેલે જવા રવાના થઈ ગયા.

જોધપુર રાજ્યમાં એમની ઘણી જ લાગવગ હતી. રાજ્યમાં એમનું મોભાનું સ્થાન હતું જોધપુરનરેશ કાગળ વાંચતાની સાથે પી.એસ.ને બોલાવવા હુકમ કર્યો. પી.એસ. હાજર થયા. મહારાજાએ પી.એસ.ને ઓર્ડર કર્યો કે ૫૦ ઊંટ સવારોની પલ્ટન કાપરડાજી તુરત રવાના કરો અને ગમે તે ભોગે મામલો કાબુમાં લઈ લો. ઓર્ડર થતાં જ ૫૦ ઉંટ સવારોનું લશ્કર કાપરડાજી રવાના થઈ ગયું. ઊંટસવાર લશ્કરને ત્યાં પહોંચતા શી વાર ? પહોંચતાની સાથે જ લશ્કરનાયકે માર્શલ લો જાહેર કર્યો અને ધડાધડ ગોળીઓનો વરસાદ શરૂ કર્યો. ૧૦ થી ૧૫ મિનિટમાં તો બધાય કબૂતરો ઊડે એમ ભાગી ગયા. ચારેતરફ સોપો પડી ગયો. આફતના વાદળ વિખરાઈ ગયા. કલાકમાં તો મામલો એકદમ થાળે પડી ગયો. વિધિવિધાનો નિર્વિઘ્ને પતી ગયા અને મહાસુદ પાંચમના

શુભદિવસે શુભમુહૂર્તે પૂ.શ્રીના હાથે પુનઃપ્રતિષ્ઠા થઈ. સાંજે માકુભાઈ શેઠ તરફથી નવકારશી પણ થઈ. લશ્કરની હાજરીના કારણે ઘણાબધા લોકો આજુબાજુની ભાવિ–પીપાડ–બિલાડાથી આવ્યા હતા.

પ્રતિષ્ઠાનું મંગળકાર્ય પત્યાબાદ ઝાટ લોકો તરફથી ધોળી ધજા લઈ એક જણ સુલેહ અર્થે આવ્યો. એક તરફ સુલેહની વાટાઘાટો એ લોકોએ શરૂ કરી જ્યારે બીજી તરફ એ ઝાટ લોકોએ મંદિરમાંથી ભૈરવ વિગેરે મૂર્તિ હટાવવા વિરુદ્ધ બિલાડાની કોર્ટમાં કેસ દાખલ કર્યો. હાકેમ સાહેબ બાદરમલજીએ જૈનો તરફ ચુકાદો જાહેર કર્યો. પરંતુ એથી સંતોષ ન થતાં જોધપુરની કોર્ટમાં ફરી કેસ દાખલ કર્યો અને રજૂઆત કરી કે જૈનોને ભૈરવજી વગેરે દેવોની મૂર્તિઓ હટાવવાનો કોઈ જ અધિકાર નથી. બન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ ન્યાયધીશ સાહેબે ચુકાદો જાહેર કર્યો કે મંદિર જૈનોનું જ છે એમાં બેમત નથી. ભૈરવજી વિગેરે દેવો પણ એઓના જ દેવ છે એમ પુરવાર થાય છે એથી જેની જગ્યા હોય એ એમની ચીજવસ્તુઓ ફેરવવા એ લોકો કુલમુખત્યાર છે ઝાટ લોકોના હાથ હેઠા પડયા. જૈનોનો યશસ્વી વિજય થયો.

આ રીતે પ્રાણાંત કષ્ટ વેઠીને શ્રીકાપરડાજી તીર્થનો પુનરુદ્ધાર કર્યો અને કાયમ માટે એ ઝાટ લોકોનો ઉપદ્રવ કાયદાની રીતે પણ દૂર કર્યો. છેવટે સમાધાન ઉપર આવતાં પહેલાંની જે રજૂઆત હતી તે મુજબ બરાબર દેરાસરના પૂર્વ તરફના દરવાજાની સામે ગામના રાજમાર્ગની પેલી બાજુ સારું એવું મંદિર પણ બંધાવી આપ્યું. આજેય એ મંદિર હયાત છે.

''જય કાપરડાજી–જય સ્વયંભૂપાર્શ્વનાથ–જયશાસનસમ્રાટ !''

---

*નોંધ : આ સમગ્ર વૃત્તાંત પૂ.શ્રીના પટ્ટધર પૂ. ઉદયસૂરિજી મહારાજ સાહેબ શ્રી તથા પૂ. વિજ્ઞાનસૂરિજી મહારાજ શ્રી પાસેથી સાંભળેલ વાતો ઉપરથી રજૂ કરવામાં આવેલ છે.*

# પૂ. શાસનસમ્રાટશ્રીનું અપૂર્વ બ્રહ્મતેજ અને તેનો અપૂર્વ પ્રભાવ

**સમય : ૧૯૮૦ લગભગ ચૈ. વદ**

**સ્થળ : હઠિસિંહ કેસરી સિંહની વાડી દિલ્લી દરવાજાની બહાર અમદાવાદ**

૧૯૮૦નું ચાતુર્માસ પૂ.શાસનસમ્રાટશ્રીએ હઠીભાઈની વાડીએ કર્યું. શેઠના બંગલાના દક્ષીણ તરફના મોટાહોલમાં પૂ.શ્રીએ સ્થિરતા કરેલ. બરાબર આ હોલની નીચેના ભાગમાં કવિસમ્રાટ શ્રી નાનાલાલભાઈ સહકુટુંબ રહે. અને તેઓ પૂ.શ્રી નો સત્સંગ કરવા રોજ એક થી દોઢ કલાક નિયમિત આવતા. એમનો મોટો પુત્ર મનહરભાઈ ડૉકટર થયેલ. એ જરા આર્યસમાજ વિચારસરણી ધરાવતો હતો ૧૯૭૭ના અરસામાં કવિશ્રીએ એક સુંદર પ્રદર્શનનું ત્યાં આયોજન કરેલ એવો આછો પાતળો ખ્યાલ છે.

આજે જે પૂજ્ય શાસનસમ્રાટશ્રીના ઊભા ફોટાઓ દેખાય છે તેનો અસલ ફોટોગ્રાફ આ જ સમયે એ બંગલાની ઉત્તર દિશાના આંગણામાં ભાવનગરના મગનભાઈ હરજીવનદાસે પાડેલ અને ઉતર તરફના છેડા ઉપરની નાની બંગલી જે વાડીના દેરાસર દરવાજાની બરાબર સામે છે ત્યાં જ અમદાવાદના કમિશ્નર પ્રાટ્ સાહેબની મુલાકાત થયેલ. મારી ઉંમર(લેખક) તે સમયે સાતેક વરસની હશે, બપોરના બે વાગે તે કમિશ્નર સાહેબ અને સારાભાઈ ડાહ્યાભાઈ અચાનક આવી ગયેલ. વાડીલાલ બાપુલાલ એ સમયે પૂ.શ્રીના પગ દબાવતા હતા. એ વખતે પ્રાટ્સાહેબને બેસાડવા ત્યાં કોઈ જાજમ વિગેરે કશુંય નહોતું એટલે એ સમયે મારી પોતાની ઓઢવાની સાલ પાથરીને એના ઉપર બેસાડેલ હું(લેખક) તે

સમયે સંસારી હતો. આ થઈ આ મુદ્દાની પૂર્વભૂમિકા.

વૈશાખ માસમાં પાટણના વતની પોપટલાલ દીક્ષા અર્થે આવ્યા. ઉમર પણ પાકટ હતી. ખાસ કાંઈ વાંધો ન દેખાતા ઈશ્વરદાસ મૂળચંદ જે પૂજ્યશ્રીના અનન્ય ભક્ત હતા. અને ૨૪ કલાકમાંથી લગભગ ૧૮ કલાક લગભગ તો પૂજ્યશ્રીની સેવામાં રહેતા એઓને અને ત્યાં પાછળ પરામાં રહેતા ફલોધીના ખ્યાતનામ પદમચંદજી તથા તેમના પુત્ર સંપતલાલજી કોચર તથા સાંગલીના વતની અને ગોળના વેપારી શ્રી ગોવિંદજીભાઈ વગેરે અને વાડીવાળા પ્રતાપસિંહ મોહો લાલભાઈ વિગેરેની સલાહ લઈ પોપટલાલની દીક્ષાનું નક્કી કર્યું. મુહૂર્ત વૈ.વ. ૧૦નું પૂ.ઉદયસૂરિજી મહારાજે સૂચવ્યું. અને દીક્ષા થઇ. પ્રકાશવિજયજી નામે પૂ. પદ્મસૂરિજીના આ પહેલાં શિષ્ય થયા.

પૂજ્યશ્રીને એ સમયે મસાનો ભયંકર વ્યાધિ પીડતો હતો. ક્યારેક ક્યારેક તો અર્ધી બાલદી જેટલું લોહી સ્થંડિલમાર્ગે મળમાંથી વહી જતું. આથી અશક્તિ ઘણી જ આવી ગયેલ. માકુભાઈ શેઠ તરફથી પૂ.શ્રીના સંસારીભાઈ બાલચંદ વગડાના સૌથી મોટા પુત્ર છોટાલાલ કે જે શેઠની મીલમાં નોકરીએ હતા. તે ૧૦ થી ૬ સુધી જ મીલમાં નોકરીએ જાય અને બાકીનો સમય પૂજ્યશ્રીની સેવામાં રહે. ઉપરાંત કપડવંજના ડાહ્યાભાઈ નામના એક ગૃહસ્થને પણ સેવાર્થે રોકેલ, પાલીતાણાના નારણજી સુંદરજી તો કાયમના જ હતા. મનસુખભાઈશેઠ ના વખતથી બે પંડિતો અને એક માણસ એમ ત્રણેયનો પગાર શેઠ આપતા હતા.

પૂજ્ય શાસનસમ્રાટશ્રીનું સ્વાસ્થ્ય બરાબર નથી એ સાંભળી ઝવેરીવાડના આંબલીપોળના ઉપાશ્રયેથી પૂ.બુદ્ધિસાગરજી મહારાજશ્રી પૂજ્યશ્રીની ખબર કાઢવા અને સુખશાતા પૂછવા આવેલ અને આ

સમયમાં પૂજ્ય સૂરિસમ્રાટશ્રીના પટ્ટધર પૂજ્યઉદયસૂરિજી મ.શ્રીના વિદ્વાન શિષ્ય નન્દનવિજયજી મ.શ્રી(પછીથી નન્દન સૂ. મ.) ને તથા પૂજ્યશ્રીના વલ્લભીપુરના વતની પૂ.સિદ્ધિવિજયજી મહારાજશ્રી આ બન્નેને શ્રીભગવતીસૂત્રના યોગ ચાલતા હતા.

પાટણના પોપટલાલની વૈ.વ. ૧૦ ની દીક્ષા નક્કી થઈ. વદી ૯ ની સાંજે છોટાલાલ અને ડાહ્યાભાઈ શાહીબાગ જમનાભાઈ ભગુભાઈ શેઠને બંગલે દીક્ષા પ્રસંગે જોઈતાં શ્રીફળ–ચોખા–ઘી (દીપક માટે) વિગેરે લેવા ગયા. છોટાલાલની પાસે સાઈકલ હતી. જતી વખતે તો બન્નેય સાથે ગયા. પરંતુ પાછા વળતા દીક્ષા વિધિ અંગેના શ્રીફળ–ચોખા વિગેરે સાઈકલ ઉપર લીધા એટલે સાઈકલ ઉપર બીજાને બેસવાની જગ્યા ન રહી તેથી ડાહ્યાલાલને ચાલીને વાડીએ આવવાનું થયું. બંગલેથી વાડીએ આવવાના બે રસ્તા એક તો સડકે ફાટક ઓળંગીને અને બીજા બંગલાના પાછળના ભાગથી રેલ્વેપાટા ઓળંગી મુસલમાન લોકોના કબ્રસ્તાનમાંથી વાડીએ અવાતું. ડાહ્યાભાઈ એ રસ્તે આવ્યા.

રાત પડી પૂજ્યશ્રી પાસે ઉદયસૂરિમહારાજ બેઠા હતા. વાતો ચાલતી હતી અને છોટાલાલ પગ દબાવતા હતા. રાત્રિના લગભગ ૧૦નો આશરે સમય થયો એટલે પૂજ્યશ્રીએ છોટાલાલને કહ્યું કે તું સૂઈ જા. પૂ.ઉદયસૂરિમહારાજને કહ્યું કે પેલા ડાહ્યાને ઉઠાડી બોલાવી લાવ. ડાહ્યાભાઈ એ મોટા હોલની દક્ષિણતરફની અગાશીમાં જવાના બારણા પાસે પથારી કરી સૂતેલા. પૂજ્ય ઉદયસૂરિજી મહારાજશ્રીએ ડાહ્યાની પથારી પાસે જઈ ડાહ્યાને ઉઠાડવા બે ત્રણ બૂમો પાડી પણ જવાબ ન મળતાં ઉદયસૂરિમહારાજે ઓઢેલ ચાદર એના મોઢા ઊપરથી ખેંચી દૂર કરી એટલે ડાહ્યાલાલ ઉદયસૂરિજી મહારાજશ્રી સામે આંખો કાઢી જોતો

જોતો રહિ હુહુ અવાજો કરવા લાગ્યો. ઉદયસૂરિ મહારાજ તો ડરી ગયા અને આવ્યા પૂજ્યશ્રી પાસે અને વિગત જણાવી એટલે મારવાડ ઘાણેરાવના વતની મુનિશ્રી કમળવિજયજીને બોલાવી ડાહ્યાને ઊઠાડી લાવવા સૂચવ્યું. કમળવિજયજી મહારાજનું શરીર સશક્ત અને મારવાડીના કારણે કસાયેલ પણ ખરું.

કમલવિજયજી ડાહ્યાની પથારી પાસે ગયા તો પહેલાની જેમ જ તે અવાજ કરવા લાગ્યો. કમળવિજયજીએ ચાદર ધીરેથી ખેંચી કાઢી તો એ જમીન ઉપર આળોટતો આળોટતો છેક એ અગાશીના છેડે પહોંચ્યો અને પાછો એ જ રીતે આવ્યો. એ જગ્યાની નીચે લગભગ ૧૦ દુકાનો એટલે અગાશી લગભગ ૫૦ ફુટ જેટલી લાંબી હતી. કમળવિજયજી પણ ભય પામી ગયા. એટલે પૂજ્યશ્રીએ છોટાલાલને નીચેથી ચાર પાંચ ભૈયાઓ જે પહેરામાં ફરતા તેઓને બોલાવી લાવવા કહ્યું. અને પૂજ્યશ્રીએ ભૈયાઓને કહ્યું કે ''ઉનકો પકડ લાઓ'' ભૈયાઓ પકડવા ગયા તો ખરા પરંતુ એનીય સામે ડાહ્યાએ ડાચીયા કરવા માંડયા. એઓ પણ ડરી ગયા અને પૂ.શ્રી પાસે આવીને કહે કે ''સાહેબ વો બહોત જોર કરતા હૈ પકડા નહી જાતા.'' પૂજ્યશ્રીએ બુલંદ અવાજે એ ભૈયાઓને ખખડાવ્યા ''કયા ડરતે હો ખાલી ચક્કીકા આટા બિગાડતે હો. જાઓ પકડ લો ઉસ કમબખત કો'' અને ભૈયાઓને જોર ચઢયું. બધાયે એક સાથે એ ડાહ્યા ઊપર ચઢી બેઠા અને હાથપગ પકડી ઘસડીને લઈ આવ્યા પૂજ્યશ્રીની સામે. પૂજ્યશ્રી પાટ ઊપર પલાંઠીવાળી બેઠા હતા. નીચેથી કવિશ્રી અને એના પુત્ર ડૉ. પણ આવી ગયેલ. ભૈયાઓ જોર કરી ડાહ્યાને ઘસડી પાટ પાસે લાવી મૂકયો. પૂજ્યશ્રીને જોતાં જ તે બૂમ મારવા લાગ્યો કે ''મૈ આપકા તેજ સે જલતા હૂં મુજે છોડ દો. મેં ચલા જાતા

હૂં મુઝે પાની પીલાઓ'' તરત છોટાલાલ કવીશ્વરના ઘરેથી લોટામાં પાણી લઈ આવ્યો. પૂજ્યશ્રીએ પડકાર કરતાં ફરી પૂછયું કે તુમ કૌન હો ? ઐસે કયોં ઈન્કો પરેશાન કરતે હો ? ડાહ્યાએ જવાબ આપ્યો કે યહ આદમીને મેરી કબ્ર કે પાસ પીસાબ કિયા ઈસલિયે મેં આયા હૂં અબમેં ચલા જાતા હું આપ કા તેજ મેરેસે સહન નહી હો સકતા મુજે પાની પીલાઓ.'' ભૈયાએ લોટામાંથી પાણી ગ્લાસમાં કાઢી ડાહ્યાને પાણી પાયું. પાણી પીધા પછી ડાહ્યો જમીન ઉપર ઢળી પડયો. પાંચેક મિનિટ પછી તે ભાનમાં આવ્યો. પૂ.શ્રીએ પુછયું કે ડાહ્યા તને શું થયું હતું ? ડાહ્યાલાલ–સાહેબ મને કશી ખબર નથી, પછી પૂછયું કે બંગલેથી કબ્રસ્તાન રસ્તે આવતાં તું ક્યાંય પેશાબ કરવા બેઠો હતો ? ડાહ્યાલાલ કહે કે હા સાહેબ ! એક કબ્રસ્તાનના એક ખૂણામાં મેં તેમ કરેલ પછી તો તે બરાબર શુદ્ધિમાં જ રહ્યો.

આ હતી પૂ.શાસનસમ્રાટશ્રીના બ્રહ્મતેજની પ્રભાવક્તા

જય શાસનસમ્રાટ્

---

**નોંધ : આ આખોય પ્રસંગ મેં (લેખકે) નજરોનજર જોયેલ અને અનુભવેલ છે. આમાં કોઈ જ અતિશયોક્તિ નથી.**

# સેરીસાતીર્થમાં નૂતનજિનાલયમાં પ્રભુ પ્રવેશ

## ✦ પ્રસંગ પહેલો ✦

**સમય : ૧૯૮૭ લગભગ પોષવદ**

**સ્થળ : સેરીસાતીર્થ**

વિ.સં. ૧૯૮૭ના અરસામાં પૂજ્યશાસનસમ્રાટશ્રી કલોલ ડાંગરવા વિગેરે ગામોમાં વિચરતા હતા. કલોલ ગાયકવાડ સ્ટેટનું ગામ. એમાં એક માથાભારે ગોરધન અમુલખભાઈ વકીલ કરીને રહે. એ લોકો મૂળસ્થાનકવાસી પરંતુ શાસનસમ્રાટશ્રીની અમોઘવાણીએ મૂર્તિપૂજક બનેલ. કલોલમાં બીજા પણ ૬૦ જેટલા ઘરો મૂર્તિપૂજક બનેલા.

પૂજ્યશ્રીના ઉપદેશથી અમદાવાદના શેઠ જમનાભાઈ ભગુભાઈએ નાનું એવું સુંદર જિનાલય પણ બંધાવેલ.

ગોરધનભાઈ વકીલ પૂજ્યશ્રીના અનન્ય ભક્ત બની ગયેલા. એમણે પૂજ્યશ્રીને સેરીસાની વાત કરી. પૂ.શ્રી ત્યાં ગયા અને ગામના તળાવના કાંઠા ઉપર પડેલ પાર્શ્વનાથ પ્રભુજીની આશાતના થતી જોઈ હૃદય દ્રવી ઊઠ્યું. પ્રતિમાજી તળાવની પાળ ઉપર પડેલ. ગામલોકો એના ઉપર છાણા થાપે તો કોઈ બીજી પ્રતિમાની ઉપર કપડા ધોવે. પૂજ્યશ્રીએ બધીય પ્રતિમાજીઓ ત્યાંથી ઉપડાવી જુના ખંડેર દેરાસર પાસે ભેગા કર્યા. જુના દેરાસર પાસેથી શાસનદેવીશ્રી અંબિકાજીની ભવ્યમૂર્તિ પણ મળી આવી. શોધાશોધ કરતાં ચારપાંચ પ્રતિમા ને બેકાઉસ્સગીઆજી વિગેરે મળ્યું અને એક શિલાલેખ મળ્યો. પૂ.ઉદયસૂરિજી મહારાજશ્રીએ એમાંથી પૂજ્યશ્રીને જણાવ્યું કે આ કોઈ સેરીસા નામનું મહાતીર્થ પહેલાં હોવું જોઈએ. તીર્થકલ્પમાંથી ઈતિહાસ મળ્યો. ખાત્રી

થઈ. આ વખતે અમદાવાદ તત્ત્વ વિવેચક સભાના કેટલાક સભ્યો અને સારાભાઈ, ડાહ્યાભાઈ, માકુભાઈ શેઠ વિગેરે પણ પૂજ્યશ્રીને વંદનાર્થે આવ્યા. પૂજ્યશ્રીએ તુરત એક રબારીનું ઘર ભાડે લેવડાવ્યું અને તે બધાય પ્રતિમાજી મહારાજ ત્યાં પધરાવ્યા. અમદાવાદ વિદ્યાશાળાના શાસ્ત્રવિધિના જાણકાર કુશળ વિધિકારકો કે જેમાં ભોગીલાલ ગુલાબચંદ મુખ્ય હતા. તેઓને બોલાવી શાસ્ત્રોકતવિધિ અનુસાર સર્વે પ્રતિમાજી મહારાજના ૧૮ અભિષેક દ્વારા શુદ્ધિકરણ કરાવી પૂજા વગેરે ચાલુ કરાવી દીધું. એકાદ પૂજારીની પણ વ્યવસ્થા થઈ ગઈ. માકુભાઈ શેઠ અને સારાભાઈ આ બંનેએ આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરવાના બદલે ઘરમૂળથી નવો જ મહાપ્રાસાદ બનાવવા ભાવના વ્યક્ત કરી. છેવટે સારાભાઈ ડાહ્યાભાઈએ એ આદેશ માથે ચઢાવ્યો. એ વખતના વડોદરા રાજ્યના મહાન શિલ્પી નર્મદાશંકરભાઈ જે મંદિરો કેવા હોવા જોઈએ એ વિષયનું ઊંડુ જ્ઞાન ધરાવતા હતા તેઓને બોલાવી જિનાલય બાંધવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. જોધપુરના લાલ પથ્થરથી આખુંય જિનાલય શિખરબંધી મહાપ્રાસાદ તરીકે બંધાવવાનું શરૂ થયું. લગભગ સાત–આઠ વર્ષે એ તૈયાર થવા આવ્યું. દેરાસરની આસપાસ વિશાળ ધર્મશાળા, ઉપાશ્રય, પેઢી માટે મોટા ચાર પાંચ હોલ વિગેરે બંધાવવામાં આવ્યું અને એ દેરાસરમાં પ્રતિમાજી મહારાજના પ્રવેશ મહોત્સવની તૈયારીઓ તડામાર થવા લાગી. મહાસુદિ ૫ના વસંત પંચમીના દિવસે પ્રતિમાજી મહારાજનો એ નૂતન મહાપ્રાસાદમાં પ્રવેશ નિશ્ચિત થયો.

જીર્ણ જિનાલયમાં અને એની આસપાસ તપાસ કરતા પાર્શ્વનાથ પ્રભુજીના ત્રણ મોટા બિંબ હાથ લાગેલ. વિવિધ તીર્થકલ્પના આધારે ૧૨૦૦ના સૈકામાં અયોધ્યા પાસેના કાંતિપુરથી વિમલેશ્વરદેવની સહાયથી

પાર્શ્વનાથ પ્રભુનો ચતુર્મુખપ્રાસાદ અને પ્રતિમાજી આકાશમાર્ગે ગુજરાતમાં લાવવામાં આવેલ. ત્રણ પ્રતિમાજી તો આવી ગયા અને એક લાવતાં સૂર્યોદય થઈ જવાના કારણે ધારાસણ નામના ગામના પાદરમાં જ તે રહી ગયા.

આ ત્રણ પ્રતિમાજીમાં એક પ્રતિમાજી કમ્મરના ભાગથી ખંડિત હતા. અને બે અખંડ હતી. પ્રતિમાજી સાડા પાંચ ફુટ લગભગ મોટા હતા. ખંડિત પ્રતિમાજી પૂજન માટે અયોગ્ય એટલે એ પ્રતિમાજી પેઢીના હોલમાં ખાડો ખોદી ભંડારી દેવામાં આવ્યા. હવે આ બે એકસરખા પ્રતિમાજીમાંથી કઈ પ્રતિમાજીને મૂળનાયક બનાવવા એ સમસ્યા ઊભી થઈ. માકુભાઈ શેઠ, સારાભાઈ શેઠ, ચુનિભાઈ, ભગુભાઈ, પ્રતાપસિંહ અને સોમપુરા મહાશિલ્પી નર્મદાશંકર આ બધાય આ અંગે વિચાર-વિમર્શ કરવા પૂજ્યશ્રીની નિશ્રામાં એકત્રિત થયા.

ચર્ચા–વિચારણા કરતાં એક એવા નિર્ણય ઉપર સર્વ આવ્યા કે બંને પ્રતિમાજી ની પલોંઠીમાં ૧–૨ નંબર લખી ચિઠ્ઠી મૂકવી. બીજી એવી જ ચિઠ્ઠીઓ રૂપાની થાળીમાં રાખવી અને ભોળા ભલા નાનકડા પાંચ વર્ષની અંદરના બાળક પાસે ચિઠ્ઠી ઉપડાવવી. અને એમાં જે આવે તેને મૂળનાયકજી નિશ્ચિત કરવા. થાળીમાં ચિઠ્ઠીઓ રાખવામાં આવી અને એક બાળકને બોલાવવામાં આવ્યો અને એને નક્કી કર્યા મુજબ સૂચન કર્યું. સૂચન કર્યા મુજબ એ બાળકને સાત નવકાર ગણવા ચાલુ કરાવ્યા અને સાતમો નવકાર જ્યાં પૂરો થયો કે પવનના જોરે એક ચિઠ્ઠી થાળીમાંથી ઉડીને બહાર પડી. પૂજ્યશ્રીએ તરત કહ્યું કે શાસનદેવે પોતે જ ફેંસલો આપી દીધો છે. બહાર આપેલ ચિઠ્ઠી ઉઘાડો અને જે નંબર હોય તે નિર્ણય કરો તો ૧ નંબર ચિઠ્ઠીનો આવ્યો અને જે પ્રતિમાજી

ના ખોળામાં ૧ નંબરની ચિઠ્ઠી હતી તે પ્રતિમાજીને મૂળનાયક જ બનાવવામાં આવ્યા.

પ્રવેશને હજુ ત્રણ ચાર દિવસની વાર હતી એટલે પૂ.શ્રીએ ઈચ્છા વ્યક્ત કરી કે ચાલો, વામજ યાત્રા કરી આવીયે અને મહા શુદિ બીજની સાંજે ચાર વાગે વામજ તરફ પ્રયાણ શરૂ કર્યું. સાથે પાંચ છ શ્રાવકો પૂ.ઉદયસૂરિજી મહારાજ પૂ.નન્દનસૂરિજી, પૂ.અમૃતવિજયજી, પૂ.લાવણ્યવિજયજી આદિ સપરિવાર વામજ તરફ વિહાર શરૂ કર્યો. આમ વામજ સેરીસાથી ત્રણ સાડાત્રણ ગાઉ દૂર થાય.

ઘણા વર્ષો અગાઉ એક પટેલના ઘરનો પાયો ખોદતાં પટેલના ખેતરમાંથી સફેદ પાષાણના ૩પઈંચ લગભગ સંપ્રતિમહારાજના સમયના શ્રીઆદીશ્વર પરમાત્માની ભવ્યપ્રતિમાજી પ્રગટ થયેલ. સારાભાઈ શેઠને વિચાર આવ્યો કે એ પ્રતિમાજી સેરીસા લાવીએ અને એક સારું સુંદર નાનું શિખરબંધી જિનાલય બંધાવી એમાં મૂળ નાયકજી તરીકે સ્થાપીએ પરંતુ ગામના પટેલીઆઓનો આગ્રહ કે વામજમાં જ રાખવા. અહીં દેરાસર અમને બંધાવી આપો ગામમાં એક પણ જૈનનું ઘર નહીં. દેરાસરને કોણ સંભાળે અને ભક્તિ કરે ? પટેલીઆઓને ખૂબ ખૂબ સમજાવવા પ્રયત્નો કર્યા. પરંતુ સમજે તો પટેલ શાના ? છેવટ સારાભાઈએ છેલ્લું શસ્ત્ર ઉગામ્યું અને જણાવ્યું કે તમો સીધી રીતે નહીં માનો તો હું પોલીસપાર્ટી બોલાવી ભગવાન લઈ જઈશ વિગેરે.

પૂ.શાસનસમ્રાટશ્રીને આ વાતની સહજ પણ ખબર નહીં અને દર્શન કરવા પહોંચ્યા વામજ. વામજ અર્ધો એક ગાઉ દૂર હશે ને ઢોલનગારાના અવાજો આવવા માંડ્યા. પૂ.નંદનસૂરિમહારાજે પૂજ્યશ્રીને જણાવ્યું કે સાહેબજી ગામવાળા સામૈયું લઈને આવતા હોય એમ લાગે

છે. આ સાંભળી અનુભવોના ભંડાર પૂજ્યશ્રી બોલ્યા કે અલ્યા નંદન આ સામૈયું નથી. આ તો તોફાનના બુંગિયાનો ઢોલ છે. ઊભા રહો અને અત્રે બધા ભેગા થઈ જવા દો. પાંચેક મિનિટમાં બધાય સાધુઓ આવી ગયા. એટલે પૂજ્યશ્રી સમુદાય સાથે ગામ તરફ આગળ વધ્યા. ગામના પાદરમાં પહોંચતા સામે ૧૦૦ થી ૧૫૦ માણસોનું મોટું ટોળું હાથમાં ધારીઆ લાકડીઓ લઈને ધસી આવ્યું. પૂજ્યશ્રી બરાબર મક્કમ થઈને ઉભા રહ્યા. ટોળાએ નજીક આવી મહારાજશ્રીને પડકાર્યા કે શું અમારા ગામમાંથી ભગવાન લેવા આવ્યા છો ? જો ભગવાનને લઈ જવા આગળ વધશો તો લોહી રેડાશે. આ સાંભળી જરાય ડર્યા વગર પૂ.શ્રીએ કહ્યું–અમે તો ભગવાનના ફક્ત દર્શન કરવા માટે જ આવ્યા છીએ. જો દર્શન કરવા દો તો વધુ સારું નહીં તો અહીંથી જ અમો પાછા જઈશું. અમારો એવો કોઈ જ ઈરાદો નથી. તમો કહો તો જૈનોને ઉપદેશ આપી તમારા ગામમાં મંદિર બંધાવી આપીએ. આ સાંભળી પટેલો ઠંડા પડી ગયા અને બધાય એક અવાજે બોલ્યા કે બાપજી દર્શન કરવા હોય તો ભલે પધારો. અમો તમારું ભાવભર્યું સ્વાગત કરીશું. જે લોકો ઢોલનગારા લઈ પૂજ્યશ્રીની ઉપર હુમલો કરવા આવ્યા હતા તે બધાયે એ જ ઢોલ–નગારા–શરણાઈઓ વડે પૂજ્યશ્રી વગરે સર્વે મુનિરાજોનું ઉમળકાભેર સામૈયુ કરી ગામની ધર્મશાળાએ સામૈયા સહિત ગયા. પૂજ્યશ્રીએ હૃદયસ્પર્શી સમયોચિત દેશના ફરમાવી અને બધાય પટેલીયાઓના આગ્રહથી ત્યાં એક દિવસ રોકાયા. પૂજ્યશ્રીએ અમદાવાદના શેઠ કરમચંદ ફૂલચંદના જસીબહેનને ઉપદેશ આપી વામજમાંજ શિખરબંધી સુંદર દેરાસર બંધાવી આપી આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠા પણ કરાવી આપી.

અનુભવસમ્રાટ્ પૂજ્યશ્રી જયવંતા વર્તો.

## ✦ પ્રસંગ બીજો ✦

**પૂ. શાસનસમ્રાટશ્રીની અગમચેતીની અપૂર્વ સત્યઘટનાઓ**
**સમય : વિ.સં. ૧૯૮૭ લગભગ વૈશાખ માસ**
**સ્થળ : લલ્લુરાયજીની બોર્ડીંગ આશ્રમ રોડ, અમદાવાદ**

ભરઉનાળાના એ દિવસો હતા. સાંજનો સમય. પૂ.શાસનસમ્રાટશ્રી બોર્ડીંગના ઓટલા ઉપર સાંજનું પ્રતિક્રમણ કરવાની તૈયારીમાં હતા. અને પૂ.શ્રીના અનન્ય ભક્ત કેશવલાલ અમથાશાહ વકીલ અને જેસિંગભાઈ કાળિદાસ શેરદલાલના પુત્ર શ્રીસારાભાઈ પૂ.શ્રી ને વંદન કરવા માટે આવ્યા. વંદન કરીને પાટ પાસે બેઠા. અને પૂ.શ્રીએ સારાભાઈને કહ્યું કે અલ્યા સારાભાઈ ! કેશવલાલને જલ્દી ઘરે લઈજા. અને ઘરે મૂકી પાછા આવી મને સમાચાર જે હોય તે આપી જા. સારાભાઈ અને વકીલ વિચારમાં પડી ગયા કે આજે મહારાજશ્રી આમ કેમ કહે છે. બે ત્રણ મિનિટ થઈ એટલે પાછા પૂ.શ્રીએ સારાભાઈને કહ્યું કે હું કહું છું તેથી જલ્દી ઊભા થાઓ અને કેશવલાલને ઘોડાગાડીમાં ઘેર લઈ જા.

તુરત બંને ઊભા થયા. ઘોડાગાડી કરી બંને ઝાંપડાની પોળે ગયા અને ઘરે પહોંચ્યા. ઉનાળાનો સમય. એટલે ઘરમાં ઠંડક માટે આઈસ્ક્રીમ બનાવેલ. બન્ને ખુરશી ટેબલ ઉપર ગોઠવાયા. આઈસ્ક્રીમ આવ્યો. બન્નેએ એને ઈન્સાફ આપ્યો. કેશુભાઈ–કેમ સારાભાઈ બીજી પ્લેટો મંગાવીએ ને ગરમી સખત છે. બીજી પ્લેટો આવી આઈસ્ક્રીમ ખાતાં ખાતાં અચાનક વકીલ ખુરશીમાંથી નીચે ફસડાઈ પડ્યા. મોઢેથી વમન થયું. સારાભાઈ ગભરાઈ ગયા.

પૂ.શ્રીના શબ્દો વાગોળવા લાગ્યા. ઘરના સ્વજનોએ તુરંત ડોકટર બોલાવ્યા ડો.એ તપાસી અભિપ્રાય જણાવ્યો કે પેરેલીસીસ (લકવા)ની અસર છે હમણાં ને હમણાં હોસ્પીટલમાં દાખલ કરવા પડશે. બ્રેઈન હેમરેજની શંકા છે : જો આ બોંતેર કલાક કાઢી નાખે તો વાંધો નહીં જ આવે પણ એ ઈશ્વરના હાથમાં છે. અભિપ્રાય જાણી બધાય સ્વજનો તો ડઘાઈ જ ગયા. હોસ્પીટલમાં વકીલને લઈ જવાયા. સારાભાઈ તુરત ઘોડાગાડી કરી પાછા બોર્ડીંગે પૂ.શ્રીને સમાચાર આપવા આવ્યા. રાતના સાડા દસ થયા હતા. પૂ.શ્રીએ જણાવ્યું કે મેં એટલે જ તને વકીલને જલ્દી ઘરે લઈ જવા જણાવેલ. હવે તો આયુષ્યબળ હોય અને શાસનદેવની કૃપા હોય તો વાંધો નહીં આવે.

પૂ.શાસનસમ્રાટશ્રીને ક્યા પ્રકારનું અજબ જ્ઞાન! આ બનાવ અંગે હજુ પણ કોઈને ય સમજાણું જ નથી કે પૂ.શ્રીને આ અગમ્ય આગાહી કેવી રીતે થઈ. આ અણઉકેલ્યો કોયડો હજુ પણ અમોને વિચાર કરતા મૂકી દે છે.

## ✦ પ્રસંગ ત્રીજો ✦

**સમય : વિ.સં. ૧૯૭૮ લગભગ વૈશાખ માસ**

**સ્થળ : પાયચંદ ગચ્છ ઉપાશ્રય ધર્મશાળા (નાગરવાડા પાસે) ખંભાત**

પૂ.શાસનસમ્રાટશ્રીના પટ્ટધર પૂ.ઉદયસૂરિમહારાજના એક શિષ્ય કે જેનું નામ મુનિશ્રી કીર્તિવિજયજી મહારાજ. મૂળ એ કપડવંજના વતની ભરયુવાનીમાં સંસારનો ત્યાગ કરી પૂ.શ્રીના ચરણે જીવન સમર્પિત કરી ચારિત્ર અંગીકાર કરેલ.

અશાતાવેદનીય કર્મોદયે એમને ક્ષય રોગ (ટી.બી.) લાગુ પડેલ દિવસે દિવસે શરીરસંપત્તિ ક્ષીણ થતી જતી હતી.

પૂ.શ્રીને પણ મસાના વ્યાધિએ એ અરસામાં દેખાવ દીધેલ. સમાચારો મળતાં માકુભાઈ શેઠ અમદાવાદના સિવિલ સર્જન ડો. કર્નલ ટુક અને પોતાના ફેમિલી ડો. છાયાને લઈ ખંભાત આવ્યા. પૂ.શ્રીને તપાસ્યા. પ્રોસ્ટેટની ગાંઠનો વહેમ હતો પરંતુ તપાસમાં એ શંકા દૂર થઈ. અન્ય યોગ્ય, ઊપચારોથી રાહત અનુભવાઈ.

બીજી બાજુ ક્ષયરોગથી પીડાતા મુનિશ્રી કીર્તિવિજયજી મ.ને ડોકટરોએ તપાસ્યા ડો. કર્નલ ટુકે અભિપ્રાય દર્શાવ્યો કે આ મહારાજશ્રીને આંતરડામાં રસી થઈ હોય એવું લાગે છે. સિરિંજથી તપાસવું પડશે.

પૂ.શ્રીએ તો સખત વિરોધ કર્યો અને જણાવ્યું કે નાહક શા માટે પેટમાં સિરિંજ ખોસી કાણાં પાડો છો. રસી બસી કાંઈ નથી. આ તો ક્ષય રોગ છે. પણ લોકસમૂહ આગળ પૂ.શ્રીનું કાંઈ જ ચાલ્યું નહીં.

શેઠ કસ્તુરભાઈ અમરચંદ, નાનજીભાઈ, શેઠ ચીમનભાઈ, ગાંધી મોતીલાલ, ગાંધી ભિખાભાઈ, ઠાકરશી ઘીયા, અને શેઠ આ બધાયના આગ્રહે પૂ.શ્રી મૌન રહ્યા. પણ ચેતવણી ઉચ્ચારી કે જો આ સાધુને પેટમાં ઈજેંકશનની સોય નાખવામાં આવશે તો આંતરડામાં કાણું પડી જશે અને મારા એ સાધુ એ પછી એક મહિનો ય જીવી નહીં શકે: શા માટે નાહક સાધુને મારી નાખો છો ? પરંતુ કોઈએ પણ મહારાજની વાત ગણકારી નહીં અને ડો. કર્નલ ટુકે સિરિંજ (ઈજેકશન)નો સૂયો એ મહારાજના પેટમાં ખોંસી દીધો. મહારાજશ્રી ચીસ પાડી ગયા. સિરિંજમાં રસીને બદલે લોહીજ આવ્યું અને ડો. કર્નલ ટુક તે સિરિંજ ફેંકતા બોલ્યા કે ''મેં ફેઈલ હુઆ'' અને ડો. વિ. બધાય ચાલ્યા ગયા. પૂ.શ્રી ને આથી ઘણું જ દુઃખ થયું. ભાવિ આગળ કોઈનું કશું જ ચાલતું નથી

પૂ.શ્રીના ભવિષ્ય કથન અનુસાર એ કીર્તિવિજયજી મહારાજ બરાબર એક મહીના પછી જૈનશાળામાં રાત્રિના નવ વાગે સમાધિ ભાવમાં કાળધર્મ પામી ગયા. પૂ. શાસનસમ્રાટશ્રીની આગાહી હવે બધાને સાચી જણાઈ. પરંતુ હવે એ ઘણું જ મોડું થઈ ગયું હતું ભાવિ ભાવ.

## ✦ પ્રસંગ ચોથો ✦

**સમય : વિ.સં. ૧૯૮૧ લગભગ પોષમહિનો**
**સ્થળ : ડાંગરવા તા. : કલોલ જી. : મહેસાણા**

વિ.સં. ૧૯૮૦નું ચાતુર્માસ પૂર્ણ થયું અને નાગજી ભૂદરની પોળના ભદ્રિક આત્મા શેઠ જમનાદાસ હિરાચંદ ઘેબરીઆએ પૂ.શ્રીના ઉપદેશથી શ્રી સેરીસાતીર્થનો છરિ પાલિત સંઘ કાઢવાનો આદેશ લીધો.

માગશર સુ.૧૧ (મૌન એકાદશીએ) સંઘે અમદાવાદથી પ્રયાણ શરૂ કર્યુ. પહેલું મુકામ શેઠ લાલભાઈ થોભાવાળાને બંગલે, બીજું મુકામ ઓગણજ અને ત્રીજે મુકામે સેરીસાતીર્થે સંઘ પતિએ જુહારી સંઘમાળ પહેરી. પૂ. શ્રી ત્યાંથી કલોલ થઈ પાનસરતીર્થે પધાર્યા. પાનસરતીર્થ હમણાં જ ઉદય પામ્યું હતું. ઉપાશ્રયનું મકાન તુરતમાં જ તૈયાર થયેલ. જમીન ઉપર તાંદુલ પત્થરો પણ તાજાજ બેસાડેલ એટલે સખત ઠંડક ત્યાં હતી. પૂ.શ્રીનો ઉતારો ત્યાં રખાયો. એક બાજુ પોષમહિનાની કાતિલ ઠંડી અને એમાંય નવો જ ઉપાશ્રય, તાજીજ લાદી બેસાડેલ એટલે ઠંડીનું પૂછવું જ શું ? પણ આ તો દુષ્કર ચારિત્રમાર્ગ ૨૨ પરીષહો સહન કરવાનો અવસર.

પૂં.શ્રી કેટલાક સાધુઓને યોગોદ્વહનની ક્રિયા કરાવતા હતા. યોગોદ્વહનમાં રાત્રે કાળગ્રહણ લેવાના હોય છે. સાંજે નોતરા અને સવારમાં ચાર વાગે ઉઠી કાળગ્રહણની કપરી ક્રિયા કરવાની હોય છે. આ ક્રિયાના સમયે શરીર ઉપર ચોલપટ્ટા સિવાય કોઈ પણ જાતનું વસ્ત્ર

હોતું જ નથી. એ ક્રિયામાં બે સાધુઓ હોય છે એમાં એક કાલગ્રાહી જ્યારે બીજા દાંડીધર.

બોટાદથી ૧૯૬૯માં ચારજણાએ ભાગંભાગ કરી દીક્ષા લેવા પ્રયાસો શરૂ કરેલ. એમાં મુખ્ય પૂજ્ય નંદનસૂરી મ., બીજા દેસાઈ કુટુંબમાંથી પૂ.અમૃતસૂરિ મહારાજ, નાગર પાનાના શ્રીગુણવિજયજી મહારાજ અને બગડીયા કુટુંબના લાવણ્ય સૂરિ.મહારાજ હતા. આ ચારેય બોટાદના રાજા જેવા. મહાન વિદ્વાન પણ ખરા, એમાંના ગુણવિજયજી મહારાજ કાળગ્રાહી બનેલ.

નવા ઉપાશ્રયમાં એ મુનિરાજ રાત્રે ફક્ત એક સંથારીયા ઊપર જ એક પાતળી કામળી ઓઢી ટુંટિયું વાળી સુઈ ગયેલ. સવારે ચાર વાગે ઉઘાડા શરીરે એઓએ બે કાળ ગ્રહણની વિધિ પણ અપૂર્વ સહનશક્તિએ કરી ખરી. પરંતુ વેદનીયકર્મના પ્રબળ ઉદયે એઓને સવારથી જ તાવ આવવો શરૂ થઈ ગયો–જો કે કાળગ્રહણની ક્રિયા પણ તાવમાં જ કરેલ. મૂળ સોરઠીસિંહ જેવી માભોમના એટલે હરફ પણ મોંમાંથી કાઢ્યા વગર સર્વક્રિયાઓ પાર પાડેલ, પરંતુ બપોર પછી તાવે ઉગ્ર રૂપ પકડ્યું. થર્મામિટર ૧૦૪ ડિગ્રી બતાવતું હતું. રાત્રે તાવ ઊતર્યો એટલે પૂ.શ્રીએ ડાંગરવા તરફ વિહાર શરૂ કર્યો.

પાનસરમાં જૈનોનું એક પણ ઘર નહીં ભોજનશાળાના અસૂઝતા આહાર પાણી બને ત્યાં સુધી ન વાપરવા. આ કડક સિદ્ધાંતને પાળનાર પૂ.શ્રી નાછૂટકે પાનસરથી ડાંગરવા પધાર્યા. ત્યાં ૧૫–૨૦ જૈનોના ભાવિક ઘરો હતા.

પૂ.ગુણવિજયજી મ.શ્રીને પુનઃ તાવ શરૂ થયો. પૂ.ઉદયસૂરિ મહારાજ પણ અનુભવોના મહાન્ ભંડાર અને આયુર્વેદના પ્રખર હિમાયતી

અને સચોટ નાડી પરીક્ષક. એઓએ પૂ.ગુણવિજયજી મહારાજ શ્રીની નાડી તપાસી અભિપ્રાય કહ્યો કે-સાહેબજી ! ગુણવિજયજીને ત્રિદોષ લાગે છે. પૂ.શ્રીએ અમદાવાદ નારણજીને મોકલી માકુભાઈ શેઠને સમાચાર મોકલાવ્યા. શેઠ પણ પોતાના ફેમિલી ડો. છાયાને લઈ તુરત મારતી મોટરે ડાંગરવા આવી ગયા. ડૉકટર પૂ.ગુણવિજયજીને બરાબર તપાસ્યા અને જણાવ્યું કે આ મહારાજશ્રીના પેટમાં મળનો સખત ભરાવો છે. એનીમા પ્રયોગથી તે દૂર કરવો પડશે.

પૂ.શ્રીએ આ વાતનો સખત વિરોધ કર્યો અને અભિપ્રાય વ્યક્ત કર્યો કે જો એનીમાના પ્રયોગે કાચોમળ કાઢવામાં આવશે તો કેસ જરૂર બગડી જશે અને સન્નિપાત ઉપડશે અને ત્રણ દિવસમાં જ મારા આ સાધુને હું ખોઈ બેસીશ. પૂ.શ્રીના આ વિધાનને કોઈએ ગણકાર્યું જ નહીં. ડો. અને ગામના બધાય શ્રાવકો આગળ એમનું કાંઈપણ ચાલ્યું જ નહીં. છેવટે ડો. છાયાએ પૂ.ગુણવિજયજી મહારાજશ્રીને એનીમા આપ્યો, મળ કાઢવામાં આવ્યો. ડો. વિગેરે તો જતા રહ્યા અને પૂ.શ્રીના ભવિષ્ય કથનાનુસાર રાત્રે ગુણવિજયજી મ.ને સન્નિપાત શરૂ થઈ ગયો. બે દિવસ વેદના ભોગવી અને ત્રીજા જ દિવસે સવાર ચાર વાગે તેઓ શ્રી નમસ્કારમંત્રના નાદોને શ્રવણ કરતાં સમાધિભાવે કાળધર્મ પામી ગયા.

પૂ.શ્રીનું ભાવિકથન સાચું પડ્યું. પણ હવે ઘણું જ મોડું થઇ ગયું હતું એ ગામ લોકોને સમજાણું. જબ ચિડીયાં ચુન ગઈ ખેત ફિર પછતાયે કયા હુએ ?

**આ હતી પૂ.શાસનસમ્રાટ શ્રીની અનુભવસિદ્ધતા**

## ✦ પ્રસંગ પાંચમો ✦

**સમય : વિક્રમ સંવત ૧૯૮૭ લગભગ ભાદરવો માસ**

**સ્થળ : વિજયનેમિસૂરિજી જ્ઞાનશાળા પાંજરાપોળ અમદાવાદ**

પૂ.શાસનસમ્રાટ્ શ્રી સાંજના સમયે જ્ઞાનશાળાના ત્રીજામાળે પશ્ચિમદિશા તરફના વરંડામાં બેસતા અને સંથારો પણ ત્યાંજ કરતા. ત્યાં દક્ષિણ–પશ્ચિમ બન્નેની દિશામાંથી પવન આવતો અને ઠંડક રહેતી. પૂ.શ્રીની પાસે પંદર વીશ શ્રાવકો તો બેઠા જ હોય.

સાંજના ૭–૩૦ પછી નો સમય હતો પૂ.ઉદયસૂરિ. મહારાજશ્રી વિગેરે થોડા સાધુઓ નીચેના હોલમાં બેસતા. થોડા બીજા માળે રહેતા. પ્રતિક્રમણનો સમય થઈ ગયો હતો. એવામાં પૂ.સુભદ્રવિજયજી મ.શ્રીએ પૂ.ઉદયસૂરીશ્વરજી મ.શ્રી આગળ ફરિયાદ કરી કે સાહેબજી ! મને છાતીમાં સખત દુઃખે છે. મોટા હોવા છતાં સેવાનો મંત્ર તેમના જીવનમાં વણાઈ ગયેલ તે પૂ.ઉદયસૂ. મ.શ્રીએ સુભદ્રવિજયજી મ.ની નાડી તપાસી. નાડી સર્પાકારે વક્રગતિએ ચાલતી હતી. એઓ પણ અનુભવોના મહાન ભંડાર હતા. બાપ એવા બેટા એ ઉક્તિ અહીં યથાર્થ હતી. બાહ્ય યોગ્ય ઉપચારો, ટર્પિન્ટાઇન તેલનું માલીસ, કોથળીનો શેક વગેરે કર્યા.

પૂ.ઉદયસૂરિમહારાજશ્રીને વ્યાધિમાં શંકા લાગતાં સારાભાઈ જેસિંગભાઈ જે પૂ.શ્રી પાસે બેઠા હતા તેમને ત્રીજે માળ જઈ પૂ.મોટા મહારાજશ્રીને સમાચાર આપવાનું જણાવ્યું. સારાભાઈએ ઉપર જઈ

પૂ.શ્રી આગળ સમાચાર જણાવ્યા. તે વખતે પૂ.શ્રીની પાસે પ્રતાપસિંહ, મોહનલાલ, ચીમનલાલ, લાલભાઈ, જગાભાઈ, ભોગીલાલ, ભગુભાઈ સુતરિયા, મોહનભાઈ ગોકળદાસ, વિદ્યાશાખાના ટ્રસ્ટી ચીમનભાઈ ગોકળદાસ, (સુભદ્રવિજયના સંસારી પુત્રો) વિગેરે બેઠા હતા.

પૂ.શ્રી એ ટર્પિન્ટાઈન તેલ ચોળવા ગરમપાણીનો શેક વિગેરે ઉપચારો કરવા સૂચવ્યું. સારાભાઈ એ નીચે આવી સમાચાર જણાવ્યા. સુભદ્ર વિ. મ.ના પુત્ર પણ નીચે આવી ગયા. ઉપચારો શરૂ તો કર્યા પણ કોઈ રાહત ન જણાઈ. દુઃખાવાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. વળી પાછા સારાભાઈને પૂ.ઉદયસૂરિ મહારાજે મોકલ્યા અને કહેવરાવ્યું કે મોટા મહારાજશ્રીને જણાવો કે સુભદ્રવિજયજીની તબિયત બરાબર નથી. આપ નીચે પધારો.

સારાભાઈ એ સમાચાર મોટામહારાજશ્રીને જણાવતાં એઓશ્રી તુરત નીચે આવ્યા અને બોલ્યા કે મારે સુભદ્રવિજયજીનું મોઢું જોવું છે. પ્રકાશનો ઉપયોગ થાય તો સારું. એમ કહેતાંની સાથે જ પુંજીરાવ નામનો માણસ ફાનસ લઈને આવ્યો. ફાનસ સુભદ્ર વિ.મહારાજશ્રી પાસે ધર્યું. મોટા મહારાજે કહ્યું સુભદ્રવિજયજી કેમ છે ? સાહેબજી ! ઠીક છે– સુભદ્રવિજયજી મહારાજે જવાબ આપતાં પોતાનું માથું મહારાજશ્રી સન્મુખ ઊંચું કર્યું.

પૂ.મોટામહારાજ શ્રીસુભદ્રવિજયજીનો ચહેરો જોઈ બોલી ઉઠયા કે એમનાભાઈ ડો. ત્રિકમલાલને શેઠ તથા બીજા જે કોઈ છે તેઓને જલ્દી બોલાવવા વ્યવસ્થા થવી ઉચિત છે. કેસ ખરાબ છે. તુરત જ સારાભાઈ અને વાડીલાલ બાપુલાલે બહાર જઈ ટેલીફોનથી શેઠને તથા ડો. ત્રિકમલાલ વગેરેને સમાચારો જણાવ્યા. એઓ પણ મારતી મોટરે આવી ગયા. ડો. ત્રિકમલાલ કે જેઓ ન્યુયોર્કના એમ.ડી. અને હોમિયોપેથીના મહાન અનુભવી ડો. હતા તેઓએ 'સ્ટેથેસ્કોપ'થી છાતી

વગેરે તપાસી લીધા. ડો. છાયાએ પણ પૂરેપૂરી રીતે તપાસ્યા અને પૂ.શ્રીને જણાવ્યું કે સાહેબજી ! ગભરાવાની કોઈ જરૂરત નથી. આ તો ગરમીના કારણે ગભરામણ છે.

મોટામહારાજશ્રીએ મક્કમ રીતે અભિપ્રાય વ્યક્ત કર્યો કે કેસ ખોટો છે. ૧૦ થી ૧૫ મિનિટ આ માંડ કાઢશે. જે કોઈને બોલાવવા ઘટે તેઓને બોલાવી લો અને કોઈ સારા ડોકટરને પણ. ડો. ત્રિકમલાલ–સાહેબજી આપ નકામા ગભરાઓ છો. એવું કશું જ નથી. પરંતુ મહારાજશ્રી તેમના મંતવ્યમાં મક્કમ જ રહ્યા અને ફરી વખત કહ્યું કે ડોકટર ! તમારી ભૂલ થાય છે અંધારામાં રહેશો તો પસ્તાશો. કોઈ સારા બીજા ડોકટરને બોલાવવામાં શો વાંધો છે ? જાઓ જલ્દી કરો. પૂ.મોટા મહારાજજીના આગ્રહે ડો. ત્રિકમલાલ હાર્ટના નિષ્ણાત ડો.ને બોલાવવા રવાના થયા. એ મોટરમાં બેસી પાંજરાપોળના દરવાજે પહોંચ્યા ત્યાં સુભદ્રવિજયજીની આંખો મિંચાવા લાગી. પૂ.શ્રીએ તુરત નમસ્કારમહામંત્રનો ઉચ્ચાર શરૂ કર્યો અને બે કે ત્રણ મિનિટમાં જ પૂ.સુભદ્રવિજયજી મહારાજે માથું ઢાળી દીધું અને તેમનો આત્મા પરલોકના માર્ગે વિચરી ગયો.

પૂ.શાસનસમ્રાટશ્રીની સચોટ અનુભવવાણી સાચી પડતાં બધાંયના મસ્તકો એઓશ્રીના ચરણે નમી પડયા.

ધન્ય છે એ મહાન્ અનુભવ સાગર સૂરિસમ્રાટશ્રીને...

# અનુભવોના મહાસાગર શ્રી શાસન સમ્રાટશ્રીની ઈંગિયાકાર સંપન્નતા

## ✦ પ્રસંગ છઠ્ઠો ✦

**સમય : ૧૯૮૮ લગભગ અષાઢ સુદિનો સમય**
**સ્થળ : અમદાવાદવાળા શેઠ રતિલાલભાઈનું જીન, બોટાદ**

બપોરના લગભગ બે વાગ્યા હશે અને એક ભાઈએ આવીને પૂજ્યશ્રીને વંદન કર્યું અને સામે બેઠા. પૂ.શ્રીએ પૂછયું કે–ભાઈ, ક્યાંથી આવો છો ? આગંતુક–સાહેબજી, અમદાવાદનો છું અને ચારિત્રની ભાવના છે. પૂ.શ્રી-કેમ ભાઈ ! વૈરાગ્યનું કોઈ કારણ ? આગંતુક–સાહેબજી, સંસારના ઘણાય કડવા-મીઠા મેં અનુભવો અનુભવ્યા ને વૈરાગ્ય આવ્યો. મનમાં થયું કે હવે છેલ્લી જિંદગી ધર્મારાધના અને આત્મ ઉદ્ધારમાં વીતાવું. પૂ.શ્રી–ઘણી જ સારી વાત છે. એવામાં જીનના માલિક જે પાછળ બંગલામાં સહકુટુંબ રહેતા હતા તે વંદનાર્થે આવ્યા. આગંતુકને મહેમાન સમજી વિવેક કર્યો. ચાલો પધારો ચા-પાણી કરવા. અને એ ભાઈ તૈયાર થઈ ગયા.

અનુભવોના સાગર પૂજ્યશ્રીએ એટલી જ વાતમાં આવનારને ઓળખી લીધો. મનમાં–નક્કી આ માણસ કોઈ જાણભેદુ ઠગ છે વિગેરે.

આ સમયે પૂજ્ય શાસનસમ્રાટશ્રીના અનેક પેઈન્ટીંગો બનાવનાર વઢવાણ શહેરના વતની છબીલદાસ શિવશંકરભાઈ કુદરતી રીતે ત્યાં જ હતા. એ જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. કપાળમાં ત્રિપૂંડ તિલક હતું. આગંતુક ગયા બાદ પૂજ્યશ્રીએ છબીલદાસભાઈને કહ્યું કે, છબીલદાસભાઈ ! આ આવનાર કોઈ બદમાશ માણસ લાગે છે. એની ચર્યા ઉપર ધ્યાન

રાખજો. છબીલદાસભાઈ પણ પાકટ ઉંમરના હતા. એઓએ પણ કેઈક તડકા-છાંયા જોયેલ. એ ઊભા થઈ બંગલામાં ગયા. બંગલાના ઓટા ઉપર હીંડોળો હતો ત્યાં છબીલદાસ જઈને બેઠા. એઓને પાનનો જરા શોખ એટલે એ પાનના ડબામાંથી પાન કાઢી પોતે જ પાન બનાવતા હતા. આગંતુક ચા-પાણી કરી એ જ હિંડોળે આવીને બેઠો. છબીલદાસભાઈ બ્રાહ્મણ છે એ આગંતુકે એઓના શરીર પર રહેલ ટીલાં-ટપકાંથી જાણી લીધું અને બેઠો હિંડોળા ઉપર છબીલદાસની બાજુમાં. છબીલદાસભાઈએ વિવેક કર્યો કે પાન બનાવું ? ચાલશે ને ? આગંતુક—હા હા ચાલશે. છબીલદાસભાઈ—પાનમાં તમાકુ ? એ પણ ચાલશે અને ૧૨૦ તમાકુનું પાન તૈયાર કરી આગંતુકને આપ્યું. એણે મોંમાં મૂકયું અને પાસે બેઠેલ બ્રાહ્મણ છે એટલે હશે કોઈ બંગલાના મહેમાન કે કોઈ બીજા એમ સમજી નિર્ભય રીતે એણે કોટના ખીસ્સામાંથી તાજછાપ સિગારેટનું પાકીટ કાઢયું. એમાંથી સિગારેટ કાઢી આજુબાજુ નજર કરી લીધી અને ખાત્રી કરી કે કોઈ જોતું નથી અને સિગારેટ સળગાવી આરામથી દમ ખેંચવા લાગ્યો. બાજુમાં બેઠેલ છબીલદાસને મનમાં થયું કે પૂજ્યશ્રીએ આગંતુકને સહજવારમાં બરાબર ઓળખી લીધો લાગે છે. દીક્ષાની વાતો કરે છે અને સિગારેટ. એ પણ પોતે જાણે કાંઈ જ જાણતા નથી એમ રહ્યા. આગંતુક વારેઘડીએ બંગલાના કમ્પાઉન્ડના દરવાજા તરફ જુએ અને એકાદ બે ચક્કર પણ દરવાજે લગાડી આવે. છબીલદાસભાઈએ પૂછયું કેમ ભાઈ ! આમ અજંપા જેવું શું છે ? આગંતુક—મને વહેમ છે કે નક્કી મને શોધવા કોઈ ને કોઈ આવશે. આ બધો રિપોર્ટ છબીલદાસે પૂજ્યશ્રીને જણાવ્યો. પૂજ્યશ્રી—છબીલદાસ, એ બેઠો અને એને જોતાં જ મને મનમાં વહેમ પેઠો કે નક્કી આ કોઈ જાણભેદુ માણસ છે. ઠીક

છે. એક કામ કરો છબીલદાસભાઈ ! અહીં નજીકમાં જ નરોત્તમભાઈ દેસાઈ રહે છે. તમે ઓળખો છોને ? જાઓ એમની પાસે અને કહો કે મહારાજશ્રી હમણાં જ બોલાવે છે. છબીલદાસભાઈ માથે ફેંટો મૂકી ગયા દેસાઈને બોલાવવા. નરોત્તમદાસ આમ તો પૂ.અમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીના ભાઈના ચિરંજીવી. ઘણા ઘણા બાહોશ અને બોટાદ સંઘમાં એમનું અનોખું સ્થાન. નરોત્તમદાસ આવ્યા. પૂ.શ્રીએ આગંતુક અંગે ટૂંકમાં વાત કરી એટલામાં આગંતુક પણ પૂજ્યશ્રીની પાસે આવીને બેઠો. નરોત્તમદાસે પણ એને જોઈ લીધો. એ પણ એને જોઈને ઓળખી ગયા અને મનમાં વિચાર્યું કે પૂજ્યશ્રીએ ખરેખર આને બરાબર ઓળખી લીધો છે. જાણે કાંઈ જાણતા જ નથી એમ આગંતુકની આગતા-સ્વાગતા કરી. સાંજે જમવા આવવાનું આમંત્રણ પણ આપ્યું. પરંતુ પૂજ્યશ્રીએ જણાવ્યું કે—એ વ્યવસ્થા રતિભાઈએ જ કરી લીધી છે વિગેરે અને દેસાઈ ગયા. સાંજે પાંચ વાગવાને થોડી વાર હતી. ત્યાં બીજા એક ભાઈ આવ્યા. અને પ્રથમ આગંતુકને લઈ એ પૂજ્યશ્રીની પાસે આવ્યા. બંનેએ વંદન કર્યું. પ્રથમ આગંતુક—સાહેબજી, મને વહેમ જ હતો કે નક્કી મને શોધવા કોઈ ને કોઈ આવશે જ. આ ભાઈ મને શોધવા આવ્યા છે. દૂરના સગા પણ છે. હવે શું થશે મારું ? પૂજ્યશ્રી—ભાઈ ! ગભરાવાની કોઈ જ જરૂર નથી. ક્યાં તમને મેં સંતાડ્યા છે ? સંસારના માર્ગ એવા જ હોય છે. એમની સંમતિ વિના અમો તમને દીક્ષા કઈ રીતે આપી શકીએ? જાઓ સમજાવવા પ્રયાસ કરો. શાસનદેવ બધુંય પાર પાડશે. અને રતિભાઈ બીજા આગંતુકની સાથે પ્રથમને જમવા લઈ ગયા. પૂજ્યશ્રીએ છબીલદાસને કહ્યું છબીલદાસ ! નક્કી આ બન્ને ભેગા જ આવ્યા છે એવો મને વહેમ છે. એ બન્નેની વાતચીત ઉપર બરાબર ધ્યાન રાખજો.

નરોત્તમ દેસાઈને અને બીજા આગેવાનો સાંજે ૭ વાગ્યે આવવા સૂચવ્યું. એ રતિભાઈના જીનની બાજુમાં જ બોટાદ હાઈકોર્ટ–પોલીસથાણું વિગેરે હતા. સામાન્ય રીતે પૂજ્યશ્રી પ્રત્યે ઘણાખરા રાજવીઓને અપૂર્વ માન. એમાં પણ ભાવનગર રાજ્ય તો એઓને ગુરુજી જ માનતા. રાજ્યના લગભગ બધાય અમલદારો પણ પૂજ્યશ્રીની પ્રત્યે અત્યંત આદરભાવ રાખતા. બોટાદના ફોજદાર જીવણદાદા તો અનન્ય ભક્ત બની ગયેલા. આમ તો તે બ્રાહ્મણ, પણ જૈનધર્મ પ્રત્યે એઓને અનહદ માન. પૂજ્ય શાસનસમ્રાટ્શ્રીએ ધનાજી નામના મારવાડી સેવકને કહ્યું કે વિચાર્યું કે તું બાજુમાં જઈ ફોજદાર સાહેબને કહી આવ કે સાંજના ૭ વાગ્યે સાદા વેશમાં અહીં આવે અને બે-ત્રણને સાથે લેતા આવે. આ બાજુ બન્ને આગંતુકો રતિભાઈને ત્યાં જમી ઓટા ઉપરના હિંડોળે આવી બેઠા. છબીલદાસભાઈ પણ સાથે જ હિંડોળે બેઠા. એ બ્રાહ્મણ છે એવી એઓને ખાત્રી થયેલ એટલે એ નિર્ભય હતા. હિંડોળો ખાતા ખાતા આગંતુકે પાછળથી આવેલ આગંતુકની પાસે મુખવાસ માટે સોપારી માંગી. (છબીલદાસનું ધ્યાન બરાબર હતું) ત્યારે પાછળથી આવેલ આગંતુકે કહ્યું કે બપોરે સ્ટેશનમાં તો તને બે સોપારી આપી હતી ને? શું બન્નેય ખાઈ ગયો ? પ્રથમ આગંતુક–ખીસ્સામાં મૂકતાં એક ક્યાંક પડી ગઈ લાગે છે વિગેરે, આ સાંભળી છબીલદાસભાઈએ પાંચ છ મિનિટ સમય આમતેમ વીતાવી પૂજ્યશ્રી પાસે આવી વિગતવાર માહિતી આપી. પૂજ્યશ્રી–''હું નો' તો કહેતો કે આ બન્ને ભેગા જ છે'' વિગેરે. છબીલદાસને પૂજ્યશ્રીની અપૂર્વ બુદ્ધિ ઉપર ભારે માન ઉપજ્યું.

સાતનો સમય થયો. પૂજ્યશ્રી બંગલાના ઓટલા ઉપર પાટ બિછાવીને બેઠા. નરોત્તમભાઈ દેસાઈ, દલીચંદ પરશોત્તમભાઈ, હરિલાલ

પરષોત્તમ, ચંપકલાલ બગડીયા વગેરે ૭-૮ શ્રાવકો આવી ગયા. અને જીવણદાદા ફોજદારસાહેબ પણ સફેદ ખમીશ, લેંઘો પહેરી માથા ઉપર વાળવાળી કાળી ટોપી પહેરી આવી ગયા. અને પેલા બન્ને પણ આવી બેઠા. એક તરફ છબીલદાસભાઈ પણ આવી બેઠા અને રતિભાઈ તો ત્યાં હતા જ.

પૂજ્ય શાસનસમ્રાટશ્રી, પૂ.ઉદયસૂરિ મહારાજ, પૂ.નંદનસૂરિ મહારાજ, પૂ.લાવણ્યવિજયજી ગણી આદિ પણ આવી બેઠા.

પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ શ્રાવકોને (નરોત્તમદાસભાઈને) ઉદ્દેશી વાત મૂકી કે આ ભાઈ બે વાગે અમારી પાસે દીક્ષા માટે આવેલ છે, જ્યારે આ બીજા ભાઈ ૪થી ૪ાા વાગે આવ્યા છે. આ કહે છે કે એ મને શોધવા આવેલ છે વિગેરે.

પૂજય શ્રી ની આમર્મભરી વાણી સાંભળી ચાણકય બુદ્ધિ નરોત્તમદાસ આવી બન્નેની પુછપરછ ચાલુ કરી. પહેલા આંગતુક ને તમો કયારે આવ્યા? બપોરે દેસાઇ આવી ગયેલ એટલે આંગતુકે ઓળખી જવાવબમાં જણાવ્યું કે શેઠ હું બે સવાબે વાગે આવ્યો છું.

બીજા આગંતુકને પછયું તો કહે કે ૪, ૪-૧૫ ના સમયે. નરોતમદાસ ભાઇ કયાંથી આવ્યા  તો કહે કે અમદાવાદ થી. નરોતમદાસ બોટાદમાં ૪ સવા ચારે કોઇ ગાડી અમદાવાદ થી આવતી નથી. ૨-૩૦ નો મેઇલ પછી કોઇ ગાડી જ નથી તો તમો આવ્યા કયાંથી ? બીજો આગંતુક મનમાં સમજી ગયો કે ખરેખર ફસાઇ ગયો છું એટલે એણે ગલ્લા તલ્લા કરવા માંડયાં.

નરોતમદાસ અને દલીચંદભાઇ બન્ને એ સાથે મળી બીજા આગંતુક ને પુછયુ કે ભાઇઓ સાચુ કહો કે કયાંથી આવ્યા છો ? આથી એ

ગભરાઈ ગયા અને હાર્યો બમણું રમે તેમ શું અમોને ખોટા સમજો છો ? શું અમો જૂઠું બોલીએ છીએ ?

પૂજયશ્રીએ જીવણદાદા તરફ નજર નોંધી એટલે જીવણદાદાએ બન્નેને કરડાકીથી પૂછયું ભાઈઓ જે હોય તે કહીદો ને કયાંથી આવ્યા છો ? એટલે એ બન્ને તાડુકયા. શું અમો જૂઠા છીએ ને અમોને આમ શા માટે દબડાવો છો ? જીવણદાદાએ બાલવાળી ટોપી માથે મૂકતાં હાથમાં લીધો સોંટો અને કરડાઈથી એય સાચું કહી દો આપોઆપ અને ફોજદાર છું. અને બે સીપાઈઓને ફોજદારે હુકમ કર્યો કે આ બન્ને ને પકડી નીચે ઉતારો અને લગાવો બે બે ફટકા સોટાના તોજ એ સાચું બોલશે. આ સાંભળી એ થરથર ધ્રુજવા લાગ્યા. પોલીસોએ બાવડું પકડી ઉતાર્યા ઓટલાની નીચે અને બે ત્રણ સોંટા ઠપકાવી દીધા. એટલે બન્ને યે મારશો નહી સાહેબ ! અમો સાચું કહી દઈએ છીયે. ફોજદાર સાહેબ સાચું બોલો કયાંથી આવ્યા છો ? ત્યારે થરથર કાંપતા અવાજે બન્નેએ કહ્યું કે અમો વઢવાણ થી આવ્યા છીએ. ત્યાંના બે ત્રણ જણાએ અત્રે તોફાન કરી આ મહારાજશ્રીનું ચાતુર્માસ બગાડવા માટે મોકલ્યા છે. ફોજદાર સાહેબ કેટલા કેટલા નક્કી કર્યા છે ? આગંતુકો—સાહેબ સોસોની પાંચ નોટો ?

અને વાત ઉપર પડદો પડી ગયો. બન્ને ને છોડી મુકવામાં આવ્યાં અને પ્રકરણનો અંત આવ્યો.

ધન્ય છે પૂ. શાસનસમ્રાટશ્રીની કુશાગ્ર બુદ્ધિને અને ધન્ય છે એમની ઓળખશક્તિને.

જય શાસનસમ્રાટ્.

## ગોંડલના રાજવીનો દુરાગ્રહ : છેવટે નમતું જોખવું પડ્યું

વિ. સં. ૧૯૯૧ની સાલમાં વર્ષોની તૈયારી પછી અમદાવાદના મહર્ધિક શ્રી માણેકલાલ મનસુખભાઈ (માકુભાઈ) શેઠે અમદાવાદથી શ્રી ગિરનારજી થઈ શ્રી શત્રુંજ્ય તીર્થાધિરાજની યાત્રાર્થે છ'રી પાલિત મહાન સંઘ કાઢેલ.

એ મહાન સંઘ વિશે આજસુધી કોઈએ પણ એનું તાદશ્ય વર્ણન કરતો ઈતિહાસ લખવા પ્રયાસ કર્યો નથી. આ પણ એક કમનસીબ ઘટના જ કહી શકાય. વર્તમાનકાળમાં એક અજોડ લેખકની ગણનામાં ગણી શકાય તેવા શાસન સમ્રાટશ્રીના સમુદાયના નવયુવાન સમર્થ લેખક મુનિરાજ શ્રી શીલચંદ્રવિજયજી મ. (વર્તમાન આ.શ્રી શીલચંદ્ર સૂ. મ.શ્રી) જો ધારે તો એનું આબેહૂબ વર્ણન જરૂર લખી શકે.

એ મહાન સંઘ પ્રાચીન ઈતિહાસના મહારાજા કુમાળપાળ-વસ્તુપાળ-તેજપાળ મંત્રીશ્વરોના સંઘની યાદ તાજી કરાવે તેવો હતો. એ વખતે ભારતના અંગ્રેજી ભાષાના પ્રશંસનીય વર્તમાનપત્ર ''ટાઈમ્સ ઓફ ઈન્ડિયા''નામના વર્તમાનપત્રે એ મહાન સંઘને કુમારપાળ રાજાના સંઘ સાથે સરખાવેલ. એ સંઘમાં - ૪૦૦ લગભગ સાધુ-ભગવંતો હતા. ૭૦૦ લગભગ સાધ્વીજી મહારાજ, ૯૦૦ લગભગ તંબુ - રાવટી, ૧૨૦૦ બળદ-ગાડાં, ૪૦ મોટર-ખટારા (સાધનની હેરફેર માટે), એક ચાંદીનું શિખરબંધી દેરાસર એ પણ ફોલ્ડિંગ. જમીનથી ૩૫ ફુટ ઊંચાઈ ધરાવતું હતું. ચાંદીનો રથ, ચાંદીની ઈન્દ્રધજા, અષ્ટમંગળની ગાડી વિગેરે પુષ્કળ સામગ્રી હતી. અને એ મહાન સંઘે અમદાવાદથી પ્રયાણ શરૂ

કર્યું ત્યારે આશરે ૪૦,૦૦૦(ચાલીસ હજાર) જેટલો માનવસમુદાય હતો; પરંતુ લીંબડીના મુકામે સખત હિમવર્ષા થતાં કેટલાક લોકો એ સંઘમાંથી પાછા વળી ગયા. આમ છતાં પણ ૨૧,૦૦૦ (એકવીસ હજાર) તો ઠેઠ સુધી સાથે જ રહેલ. ૧૨,૦૦૦(બારહજાર) છરી પાળનારાઓ હતા. સંઘને તમામ પ્રકારની સગવડ રહે એ માટે અમદાવાદના ગવર્નરે પૂરેપૂરી બાંહેધરી આપેલ. એ સંઘને પાલીતાણા પહોંચતા લગભગ બે મહિનાનો સમય લાગેલ. બ્રિટિશ સરકાર તરફથી સંઘના રક્ષણાર્થે ૧૦૦ પોલીસો અને ભાવનગર સ્ટેટ તરફથી ૨૫ ઘોડેસ્વાર પોલીસો વગેરે હતા.

આ અપૂર્વ સંઘનો એક સુવર્ણાક્ષરે લખી શકાય તેવો પ્રસંગ બની ગયેલ એ હતો ગોંડલના રાજવી ભગવતસિંહની બાપુશાહીની અક્કડતા. હકીકતમાં–એ સંઘ લીંબડી પછી ગિરનારજી જતાં જો ગોંડલ આવે તો બાપુએ જકાત લેવાની જાહેરાત કરી. જકાતમાં મૂંડકાવેરો, બેડાવેરો અને ચુંગી વેરો (રોડવેરો) આમ ત્રણ વેરા જાહેર કર્યા હતા.

પૂ.શાસનસમ્રાટ્શ્રી અને માકુભાઈ શેઠને આ વાતની જાણ થઈ. શેઠ આવ્યા પૂ.શ્રી પાસે અને પૂછ્યું : 'આ બાબતમાં આપણે શું કરવું ?'

પૂજ્ય શાસનસમ્રાટ્શ્રીએ શેઠને જણાવ્યું કે–આ તો કાઠિયાવાડ છે, એમાં ઠાંસી-ઠાંસીને રજવાડાઓ ભરેલ છે. એકને તમો આપશો એટલે બધાય લલચાશે અને એ કેમ કબૂલી શકાય? કહેવત છે કે–ડોશી મરે તો ભલે મરે, પણ જમરાજાને ઘર ન જ દેખાડાય. શેઠ તમને ખબર છે ને ? ઘણા વર્ષો અગાઉ એક આચાર્ય મહારાજશ્રી આજ અમદાવાદથી સંઘ લઈ મહાપ્રભાવી શ્રીશંખેશ્વર દાદાની યાત્રાર્થે શંખેશ્વર ગયેલા. એ વખતે શંખેશ્વરના ઠાકોરની દાઢ સળકી. આવો સંઘ આવે છે તો

પૈસા પુષ્કળ મળશે અને આપણને ઘી-કેળાં થઈ જશે. સંઘ શંખેશ્વર પહોંચ્યો અને દરબારે જાહેર કર્યું કે માથાદીઠ રૂપિયો આપવા કબૂલ થાઓ તો શંખેશ્વર પાર્શ્વનાથના તમોને દર્શન કરવા દઉં. આમ જાહેર કરી ઓટલા ઉપરના મોટા પટારામાં શંખેશ્વરદાદાની પ્રતિમાજીને પધરાવી પટારાનું બારણું બંધ કરી તાળું લગાવી દીધું.

આ સાંભળી સંઘવી હતાશ થઈ ગયા. પણ આચાર્ય મહારાજશ્રી તો મહાન પ્રભાવશાળી. એઓએ શેઠને બોલાવી કહ્યું કે – ભલેને ઠાકોરે ભગવાનને પટારામાં પૂર્યા. આપણે બધાયે એ દરબારના ઘરના ચોકમાં સાથે બેસીએ. એ પટારાની સન્મુખ જેમ સવારમાં મહા વિદેહક્ષેત્રમાં વિચરતાં સીમંધર પરમાત્માને ઉદ્દેશી ચૈત્યવંદન કરીએ છીએ, એમ જ એ પટારાની સામે બેસી ભાવપૂર્વક ચૈત્યવંદન કરીશું. આપણી ભાવના જો બરાબર હશે તો દરબારની શી તાકાત છે કે ભગવાનની પ્રતિમાને પટારામાં રાખી શકે? આચાર્યશ્રી મહારાજની જોશીલી પ્રેરણાએ સઘળો સંઘ એ ઠાકોરના ઘેર પહોંચ્યો. ઘરના આંગણામાં બેસી મન-વચન-કાયા ત્રણે એક કરી ચૈત્યવંદન શરૂ કર્યું અને સ્તવન આવતાં પૂ.આચાર્ય મહારાજશ્રીએ ભાવવાહી સ્વરે ''પાર્શ્વ શંખેશ્વરા સારકર સેવકા'' બોલવું શરૂ કર્યું અને સંઘના આબાલ-વૃદ્ધો પણ એ સ્તવન હૃદયના ઉમળકાથી બોલવા માંડયા.

શબ્દવર્ગણાના પુદ્‌ગલોમાં પણ અદ્‌ભુત તાકાત સમાયેલ છે. ઇતિહાસ એની સાક્ષી પૂરે છે. સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે કલ્યાણ મંદિરનો અગિયારમો શ્લોક બોલતા જ અવંતિ પાર્શ્વનાથ પ્રભુ પ્રગટ થઈ ગયા. આચાર્ય માનતુંગસૂરિ મહારાજ ભક્તામરના એક એક શ્લોક બોલતા ગયા ને એક એક બેડી તૂટતી ગઈ અને અભયદેવસૂરિ મહારાજ ''જય તિ હૂયણસ્ત્રોત બોલતા શ્રીસ્તંભન પાર્શ્વનાથ પ્રગટ થયા. તેવી

જ રીતે આચાર્ય મહારાજ શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવનની ''ખલકનાનાથજી બંધ ખોલો'' એ કડી બોલતાની સાથે જ ઠાકોરે તાળા મારી બંધ કરેલા પટારાનો દરવાજો ખટાક કરતોકને ઉઘડી ગયાનો ચમત્કાર સર્જાણો. આ અપૂર્વ ઈતિહાસ શું તમારી જાણમાં નથી ? એ આચાર્ય મહારાજે ઠાકોરને એક ફૂટી દમડી પણ ન પરખાવી તો શું આપણે આપી દેવું?.

શેઠ કહે કે સાહેબજી ! આપશ્રીની આજ્ઞા મારે પ્રમાણ છે. ભલેને એ બાપુ કહે કે હું ધારા-ધોરણ પ્રમાણે જ વર્તીશ. તો હું પણ એને ચેલેંન્જ ફેંકું છું કે હું પણ મારા ધારા-ધોરણ પ્રમાણે જ વર્તીશ. એક પૈસો પણ નહીં મળે. જો તમારો આ આગ્રહ હશે તો અમો તમારા રાજ્યને એકબાજુ રાખી થાણા-દેવડીના રસ્તે થઈ ગિરનારજી પહોંચીશું.

એક બાજુ રાજ્યસત્તા અને બીજી બાજુ ધર્મસત્તા—આવી ગયા બન્ને સામસામા. અમદાવાદથી આ માર્ગે રવાના થયેલ એ મહાન સંઘ લીંબડી થઈ જસદણ પહોંચ્યો. દરેક જગ્યાએ એ સંઘના માન-સન્માનપૂર્વક સ્વાગત થવા લાગ્યા.

ગોંડલ નજદીક આવતું ગયું. જસદણમાં ગોંડલ શહેરનું મહાજન ગોંડલ પધારવા વિનંતી કરવા આવ્યું. પરંતુ ગોંડલ રાજવીના ટેક્ષની વાત આવે ને નિરાશા સાંપડતી.

પછી તો દરેક મુકામે ગોંડલ મહાજન આવે અને સંઘને ગોંડલની ધરતી પાવન કરવા આગ્રહભરી વિનંતી કરે; અંતે ગોંડલ મહાજનની સાથે ગોંડલબાપુના એડીસી મહમદશેઠ આવવા લાગ્યા.

આમ કરતાં માયાપાદર ગામ આવ્યું. અહીં ગોંડલ મહાજને ઘણા આગ્રહપૂર્વક વિનંતી કરી અને બાપુને સમજાવવા વચન આપ્યું અને માયાપાદરમાં એક દિવસ વધુ રોકાવા આગ્રહ કર્યો. પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ એમની ઉદારતા દર્શાવવા ઉપદેશ પણ આપ્યો અને સંઘે માયાપાદરમાં

બે દિવસનું રોકાણ જાહેર કર્યું. ગોંડલ મહાજન અને મહમદ શેઠે સંઘવીશ્રી પાસે મહેતલ માગી કે આવતી કાલ બપોરે બાર સુધી અમારી રાહ જોશો. અમે પૂરેપૂરી મહેનતે બાપુને સમજાવવા પ્રયત્ન કરીએ છીએ. વિગેરે. ગોંડલ મહાજન માયાવદર દિવસમાં બે વખત આવ્યું. સંઘવીજીએ એમની વાત સ્વીકારી, બીજા દિવસના બપોરના ૧૨ વાગ્યા સુધીની મહેતલ આપી. રાત્રે મહાજન-મહમદ શેઠ ગોંડલ ગયા. બાપુને બને એટલા પ્રયત્ને સમજાવવા કોશિશ કરી. પણ સમજે તો એ બાપુ શાના? ''સીંદરી બળે પણ વળ ન મૂકે''. બાપુએ આગ્રહ ન જ છોડયો. અને મહાજનને જરાય મચક ન આપી.

બીજા દિવસના બપોરના બારે ઘડિયાળમાં ટકોરા દીધા. ગોંડલના માર્ગે કોઈ જ ના ફરકયું. એટલે સંઘવીજી આવ્યા પૂ. શાસનસમ્રાટશ્રીના તંબુએ—વંદન કરીને બેઠા. અને હાથ જોડી બોલ્યા કે સાહેબજી ! ૧૨નો સમય પૂરો થઈ ગયો. હવે હું ટેલીયો ફેરવી દઉં છું કે આપણો સંઘ આવતીકાલે ગોંડલનો માર્ગ મૂકી થાણા-દેવડીના રસ્તે ગિરનારજી જવા રવાના થશે. અને આવતીકાલનો મુકામ ખોડીયાર ગામે છે, વિગેરે.

પૂ.શાસનસમ્રાટશ્રીએ શેઠને સમજાવ્યા કે—ભાઈ ! ગોંડલ અહીંથી ૨૧-૨૨ માઈલ દૂર છે આવનાર મહાજનને પારકા પગે (મોટર મારફત) આવવાનું હોય છે. રસ્તામાં કંઈક વિઘ્ન નડ્યું પણ હોય તો પણ આપણે એક કલાકની ઉદારતા રાખીએ તો કેમ ? શેઠ કહે ભલે ગુરુદેવ આપનું વચન તહત્તિ. શેઠ ગયા; અને ગોંડલ તરફના કોઈ જ સમાચાર ન મળતા બરાબર એક વાગે શેઠે ટેલીયાને બોલાવી—આપણો સંઘ આવતીકાલે ગોંડલનો માર્ગ મૂકી થાણા-દેવડીના રસ્તે શ્રી ગિરનારજી તરફ આગળ વધશે. આવતીકાલે સંઘનો મુકામ ખોડીયાર ગામે છે. એમ ટહેલ પાડી પડાવમાં જાહેરાત કરાવી.

સંઘવી શેઠ તરફથી આજ્ઞા મળતા ટેલીયાએ બપોરના ૧-૧૫ મિનિટે સમગ્ર સંઘના પડાવમાં ટહેલ પાડી ઉપર મુજબની જાહેરાત કરી દીધી.

અને બીજા દિવસે સવારના ચાર વાગે ડંકા નિશાન શરણાઈના સૂરોના નાદે સંઘે થાણા-દેવડીના રસ્તે ખીજડીઆ ગામના માર્ગે પ્રયાણ આદર્યું છે એવા સમાચાર મળતાં જ આખા ગોંડલ શહેરમાં હાહાકાર મચી ગયો અને બપોર સુધીમાં તો રાજ્યભરમાં જબર ખળભળાટ મચી ગયો. ગોંડલબાપુ ભગવતસિંહજી ઉપર ફિટકારોનો વરસાદ વરસવા લાગ્યો, પણ એ તો કાઠી બાપુ. જમાનાના ખાધેલ. બધુંય ઘોળીને પી ગયા. ઘણીય વખત એવુંય બને છે કે બધેય સિંહ જેવો થઈને ફરતો માણસ ઘરમાં મિયાંની મિંદડી જેવો બની જાય છે. અહીં પણ એમ જ બન્યું. મૂછ ઉપર તાવ દેનારા ભગાબાપુ મહારાણી ગુલાબકુંવરની પાસે મિયાંની મિંદડી જેવા થઈ ગયા. મહારાણી ગુલાબકુંવરબાએ ત્રીજું નેત્ર ખોલ્યું અને ભગાબાપુને આંખો ફાડીને કહ્યું કે આર્યાવર્તનો આ દેશ અને આ સોરઠની ધરતી જાત્રાએ નીકળેલ યાત્રાળુઓના પગથારે પાવન થાય. ત્યાં તમે પૈસાના લોભે યાત્રાએ નીકળેલ એ મહાન સંઘ મોટા પુન્યે આપણી ધરતીને પાવન કરવા આવતો હતો ને જાકારો આપ્યો. આથી મારી આંતરડી કકળી ઊઠી છે. જ્યાં સુધી એ સંઘ આપણી ધરતી ઉપર પગ નહીં મૂકે ત્યાં સુધી મારે અન્ન-પાણી હરામ છે. આ મારો અફર નિર્ણય છે. મહારાણી ગુલાબકુંવરબાએ બાપુની સામે બંડ પોકાર્યું અને બાપુ ઢીલા પડી ગયા. બીજી બાજુ પોલીટિકલ એજન્ટનું દબાણ આવ્યું કે તમે સંઘને તમારા રાજ્યમાં આવતો કેમ રોકયો ? ત્રીજી બાજુ ભાવનગરના મહાન ચાણક્ય સર પ્રભાશંકર પટ્ટણી સાહેબનું પણ એવું જ કહેણ આવ્યું. છેવટે ગોંડલ બાપુએ નમતું જોખ્યું અને મહમદશેઠ તથા ગોંડલ શહેરના મહાજનને બોલવી વિનંતી કરી કે તમે

ખોડીયાર હમણાં ને હમણાં જાઓ અને શેઠને તથા તેમના ગુરુજીને મારાવતી નમ્ર વિનંતી કરો કે ગોંડલ પધારે. કાંઈ પણ ટેક્ષ તો લેવાશે નહીં પરંતુ સંઘ જ્યાં સુધી ગોંડલ રાજ્યની ધરતી ઉપર રહે ત્યાં સુધી તમામ ખર્ચ રાજય ભોગવશે. આમ છતાંય જો એઓ આપણી વિનંતી ન સ્વીકારે તો તમો મારી પાઘડી વતી તમારી ટોપી એમના પગે મૂકી વિનંતી કરજો. જાઓ, હમણાં ને હમણાં મોટર લઈને જાઓ. બાપુનો હુકમ થતાં જ ગોંડલનું સમગ્ર મહાજન મહમદ શેઠ વિગેરે ચાર-પાંચ મોટરોના કાફલા સાથે ખોડીયાર ગામે બપોરના બે વાગે પહોંચી ગયા. ગોંડલ મહાજન વિગેરે ઘણા બધા લોકો આવ્યા છે એ સમાચાર જાણી પૂ.સાગરજી મહારાજ, પૂ. મોહનસૂરિ મહારાજ, જ્ઞાન–દર્શન-ન્યાય ત્રિપુટી. આ બધાય પૂ. શાસનસમ્રાટશ્રીના તંબુએ આવી પહોંચ્યા. ગોંડલ મહાજન શ્રી સંઘવીજીના તંબુ કચેરીએ ગયું. સંઘવીશ્રીને બાપુના સંદેશાની વિનયપૂર્વક જાણ કરી. અને પોતે પણ એટલા જ આગ્રહપૂર્વક વિનંતી કરી કે રાજ્ય કોઈપણ જાતનો ટેક્ષ તો નહીં જ લે પરંતુ તમામ પ્રકારની સગવડો રાજ્ય પૂરી પાડશે. કૃપા કરી પધારો, ગોંડલની ધરતી પાવન કરો. સંઘવીજી - ભાઈઓ હવે હું ૧૮ કિલોમીટર આ બાજુ આવી ગયો છું. તમે જાણો છો જ કે સંઘમાં સાધુ-મહારાજાઓ સાધ્વીજી મહારાજાઓ અને સંઘના લગભગ ૧૨,૦૦૦(બારહજાર) ભાઈ-બહેનો પગપાળા જ પ્રવાસ કરે છે. હવે એ બનવું શક્ય નથી.

. ગોંડલ મહાજન - મહમદ શેઠ ફરી એની એ જ વિનંતી જારી રાખતાં બોલ્યા કે–શેઠ સાહેબ કોઈપણ ઉપાયે આપને ગોંડલ પધારવું જ પડશે. આપ કહો તો ઠેઠ ગોંડલ સુધી અત્રેથી લાલ રેશમી જાજમો પથરાવી દઈએ અને મહમદ શેઠે પોતાની ટોપી ઉતારી શેઠના પગ આગળ મૂકતા મહમદ શેઠ બોલ્યા કે સંઘવીજી આ મારી ટોપી નથી પરંતુ ગોંડલના

રાજવીની આ પાઘડી છે એમ સમજજો. બોલો પધારો છો ને ગોંડલ! શેઠે કહ્યું કે ભાઈઓ, ચાલો ગુરુજીની પાસે. એઓ શો અભિપ્રાય આપે છે એ સાંભળીએ પછી આગળ વાત. મહાજન વિગેરે આવ્યા પૂ.શ્રીના તંબુમાં. પૂ.શ્રી વિગેરેને વંદન કરી સામે બેઠા અને અને આવવાનું પ્રયોજન સંભળાવ્યું. પૂ.શ્રી—ભાઈઓ હું તો સંઘમાં યાત્રી છું. સંઘ કાઢનારને મનાવો તો કાંઈક રસ્તો નીકળી શકે. બધાય આગંતુકો—મહારાજશ્રી અમો ત્યાં જઈને જ આવ્યા છીએ. એમને આપ હુકમ કરો તો કામ સરળ બને. આપ ફરમાવો તો એમને અહીં બોલાવી લાવીએ. પૂ.શાસનસમ્રાટશ્રી સાગરજી મહારાજ તરફ જોઈ—કેમ ભાઈ શું કરવું ? પૂ.સાગરજી—મહારાજ પણ સંઘવીશ્રીનો અભિપ્રાય જાણ્યા વિના આપણે કેમ કાંઈ પણ કહી શકીએ ?

આ સાંભળી બધાય સંઘવીજીની કચેરીએ પહોંચ્યા અને વિનંતી કરી શેઠને બોલાવ્યા. પૂ.શ્રીએ પૂછ્યું કે કેમ શેઠ શું કરવું ? શેઠ—મહારાજ સાહેબ સંઘ ૧૮-૨૦ કિલોમીટર આમ દૂર આવી ગયો છે અને આપશ્રી બધાયને તો વિહાર જ કરવાનો હોય એટલે એ કેમ બની શકે ? ગોંડલ મહાજન અને મહમદ શેઠે એની એ જ વાત ફરી દોહરાવી કે સાહેબ કોઈપણ ભોગે સંઘને ગોંડલ પધારવું જ પડશે. જ્યાં સુધી સંતોષકારક જવાબ લઈને અમો એમની પાસે નહીં જઈએ ત્યાં સુધી એઓએ અન્ન-જળ હરામ કરેલ છે. રાજ્ય કોઈપણ જાતનો ટેક્ષ તો નહીં લે પરંતુ તમામ પ્રકારની રાજ્ય સગવડો પોતાના તરફથી પૂરી પાડશે. અહીંથી કહો તો રેશમી જાજમ ઠેઠ ગોંડલ સુધી બિછાવીએ પણ કોઈપણ ભોગે ગોંડલની ધરતી પધારી પાવન કરો. એમ કહી મહમદ શેઠે ફરી પોતાની ટોપી પૂ.શ્રીના પગ પાસે મૂકતાં જણાવ્યું કે આ મારી ટોપી નથી પરંતુ ગોંડલ રાજ્યના રાજવી ભગવતસિંહજી બાપુની પાઘડી છે. એમ કહી

મૌન રહ્યા અને જવાબની રાહ જોતાં હાથ જોડી પૂ.શ્રી-સંઘવી સામે બેસી ગયા. પૂ.શ્રીએ સાગરજી મહારાજ સામે જોયું. શું કરવું સાગરજી મહારાજ! સાગરજી મહારાજ—એક રાજવી આવો આગ્રહ કરે છે તો રાજવીને નારાજ કરવા ઉચિત નથી, કેમ મહારાજજી ?'' મૌન છવાઈ ગયું. એકાદ મિનિટ પછી—પૂ.શ્રીએ સંઘવી શેઠ તરફ નજર ફેરવી જણાવ્યું કે શેઠ સૌરાષ્ટ્રના એક મહારાજવી આ રીતે વિનંતી કરે છે તો અમારી મુસીબતોનો વિચાર પડતો મૂકી એઓને સંતોષ થાય તેમ કરો તો સારું કર્યું કહેવાશે. અને શેઠ સંઘવીએ હાથ જોડી તહત્તિ કહેતા આગંતુકોને જવાબ જણાવ્યો કે—ભલે ભાઈઓ, તમારી અને રાજ્યની આવી પ્રેમભરી લાગણી છે તો આવતીકાલે આ શ્રીસંઘ તમારા તરફ આવવા પ્રયાણ શરૂ કરશે. કહેતાંની સાથે જ બધાયે મોટા અવાજે આદીશ્વરદાદાની અને શાસનસમ્રાટશ્રીની જય બોલાવી. બધાય આગંતુકોના હૈયા હરખથી નાચી ઊઠયાં.

રાત્રે સંઘના પડાવમાં સંઘવીજીની આજ્ઞાથી ટહેલ પાડી દીધી કે—આપણો શ્રીસંઘ ગોંડલ મહારાજાની વિનંતીથી ગોંડલ તરફ પ્રયાણ કરશે અને કાલનું મુકામ રોજડી રહેશે.

બીજા દિવસની વહેલી સવારે ચાર વાગે ઢોલ-શરણાઈ ડંકા-નિશાનના સરોદ વચ્ચે રોજડી ગામ તરફ પ્રયાણ આરંભ્યું. રસ્તામાં ગોંડલ રાજ્યની હદમાં પગ મૂકતાં જ બેડા ભરેલ કુમારિકાઓએ સંઘને ચોખાથી વધાવી લીધો. ચારેબાજુ આનંદ આનંદ વરતાતો હતો. લોકોના ટોળેટોળાં સંઘના દર્શનાર્થે પડાપડી કરતાં હતા. બરાબર ૧૦ વાગે ગોંડલના બાપુના યુવરાજ શ્રી ભોજરાજજી અને નાના કુંવર મૂળરાજસિંહજી (જેઓ પાલીતાણા સ્ટેટના દીવાન સાહેબ હતા તે) સંઘનું સ્વાગત કરવા આવી પહોંચ્યા. સંઘની કચેરીએ જઈ સંઘવીશ્રીનું કંકુ-ચોખાથી તિલક કરી રાજ્ય

તરફથી ભારે સાલ ઓઢાડી બહુમાન કર્યું. અને પછી પૂ.શ્રીના તંબુએ રાજવી સૂરિ સમ્રાટશ્રીને વંદન કરી સામે બેઠા. પૂ.શ્રીએ સમયોચિત ટૂંકી દેશના પણ આપી સર્વત્ર જય જયકાર બોલાઈ ગયો.

ત્રીજા મુકામે સંઘ ગોંડલના પાદરે પહોંચ્યો અને રાજ્યની તમામ સામગ્રી પોલીસ-બેન્ડ, પાયદળ ટૂકડી, ઘોડેશ્વાર ટૂકડી બીજું પણ પાઈપ બેન્ડ અને સોનાચાંદીની અંબાડીવાળા હાથી સમેત સામૈયું શરૂ થયું. ચાર ઘોડાની ખુલ્લી બગી-ગાડીમાં ભગવતસિંહજી બાપુ, ગુલાબકુંવરબા મહારાણી વિગેરે રાજકુટુંબ ગોંડલ શહેરના દરવાજે દર્શન કરવા આવ્યું. પૂ. શાસનસમ્રાટ્શ્રી વિગેરે શ્રમણવૃંદને જોતાં જ મહારાણી સાહેબાએ શાસનસમ્રાટ્શ્રી વિગેરેને મોતીએ વધાવ્યા. લગભગ બેએક કલાકે સામૈયું સંઘના પડાવે પહોંચ્યું. પૂ. શાસનસમ્રાટ્શ્રીએ સમયોચિત ટૂંકી દેશના પણ આપી. બીજા દિવસે પણ સંઘને રોકાવા વિનંતી કરતાં ત્યાં રોકાયો અને સર્વત્ર જય જયકાર છવાઈ ગયો. રાજ્ય-તરફથી સંઘવીશ્રીનું પુનઃ શાલ ઓઢાડી ચાંદીના થાળમાં શુદ્ધ ચાંદીના રાણીછાપના ૧૦૦૧ (એક હજાર એક) રૂ. થી સંઘવીશ્રીનું બહુમાન કરવામાં આવ્યું. અને સંઘવીશ્રી તરફથી એવો જ સન્માનનો પ્રતિભાવ થયો. ગોંડલ શહેર અને જૈનસંઘના સાધારણ ખાતામાં શેઠશ્રીએ ઉદાર સખાવતો પણ જાહેર કરી.

ત્રીજા દિવસની વહેલી સવારે જૂનાગઢના રસ્તે શ્રીસંઘે પ્રયાણ આરંભ્યું અને પહેલું મુકામ વીરપુર ગામે કર્યું. ત્યાંના રાજવી વીરપુર દરબારે પણ સંઘનું અને સંઘવીજીનું ઉમળકાભેર સ્વાગત કર્યું.

**'આખરે ધર્મસત્તા આગળ રાજ્યસત્તાને ઝુંકવું જ પડયું'—આ હતી શાસનસમ્રાટ્શ્રીની મહાન મુત્સદીગરિ.**

**જય શાસન સમ્રાટ્.**

## અતિ ઉદ્‌ભટ વેશ ન પહેરીએ રે....
## — પંડિત વીરવિજયજી

**નોંધ : આ પ્રસંગની વિ.સં. કે માસ યાદ નથી. પરંતુ પૂ. ઉદયસૂરિ મહારાજશ્રીના મુખેથી જાણેલ હકીકતના આધારે.**

નોંધ :- શાસનસમ્રાટ ગ્રંથમાં નગરશેઠ કસ્તૂરબાઈએ પેરીસથી અને સ્ટીમરમાં એડનથી પૂ.શાસનસમ્રાટ્શ્રી ઉપર જે લખેલ તેની નોંધ એમાં છે અને એમાં સન્ ૧૯૧૪ લખેલ છે એટલે એ પછીનો જ આ પ્રસંગ હશે એમ માનવું રહ્યું. - લેખક

**સમય : બપોરના લગભગ ચાર.**
**સ્થળ : પાંજરાપોળના ઉપાશ્રયનો બીજો માળ**

નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણીભાઈ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખશ્રી ઉપરાંત હિન્દુસ્તાન જૈન સંઘના અગ્રણી અને રાજનગર સંઘના નગરશેઠ તરીકે એમની ખ્યાતિ ઘણી જ. એઓ શેઠ હેમાભાઈ પ્રેમાભાઈના વંશજ ગણાતા હતા. અને એઓનો ઈન્લેન્ડ-પેરીસ હીરાનો મોટો વેપાર તે સમયમાં હતો.

પેરીસથી સ્ટીમર મારફત એઓ ભારત આવ્યા. મુંબઈ સ્ટીમરથી ઉતરી ટ્રેઈન મારફત અમદાવાદ સ્ટેશને ઉતરી સીધા જ પાંજરાપોળ ઉપાશ્રયે પૂ.શ્રીની પાસે આવેલ.

એ વખતે એઓએ એક સાસકીનનો શુટ પહેરેલ. સાસકીનનું પાટલુન જાકિટ, ડબલ પ્રેસનો હાફ કોટ, ડબલ ઘોડાની બોસ્કીનું રેશમી શર્ટ પગમાં મોજા અને હેટ આ યુરોપીયન વેશમાં એ પૂજ્યશ્રી પાસે આવે છે. બૂટ તો નીચે જ ઉતારેલા. બાજુમાં મૂકેલ હેટ નેરોકટ પાટલૂનના કારણે પલોંઠી વાળી શકાય એવી ન હોવાથી એ ઉભડક પગે પૂ.શ્રીની

પાસે વંદન કરી બેઠેલા.

એ વખતે શ્રી ગિરનારજી તીર્થ અંગે દિગંબરોની સાથે ચાલતા કેસ અંગે વાતચીતમાં હતા. ચર્ચા ચાલતી હતી. આણંદજી કલ્યાણજીની પેઢીનો પૂ.શ્રી ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. એઓની સલાહ વિના એક ડગલું પણ આગળ ન જ વધે. તીર્થ અંગેની ચર્ચામાં બન્ને એવા મશગૂલ કે બીજા કોઈ તરફ એઓનું લક્ષ્ય જ નહીં. ઉપરના વ્યાખ્યાન હોલમાં નગર શેઠ અને પૂજ્યશ્રી સિવાય અન્ય કોઈ જ નહિ.

એ અરસામાં એક ભાઈ વંદન કરવા આવ્યા. પૂજ્યશ્રીને વંદન કરી નમુત્થુણંની મુદ્રામાં એ બેસી રહ્યાં. પૂજ્યશ્રીએ સામે જોઈ પૂછયું—કેમ ભાઈ ખાસ કાંઈ કામ છે ? આગંતુકે વિનયપૂર્વક ના કહી. પણ બેસી રહ્યા. ત્યારે પૂજ્યશ્રીએ તેઓને કહ્યું કે ભાઈ તીર્થ અંગેની વાટાઘાટો ચાલે છે. ખાસ કોઈ પ્રયોજન ન હોય તો ધર્મલાભ. ત્યારે આગંતુક ભાઈએ નગરશેઠ તરફ જોઈ પૂજ્યશ્રીને પ્રશ્ન કર્યો કે, સાહેબજી ! આ ભાઈ કયાં નોકરી કરે છે ? નગર શેઠ તો સાંભળી રહ્યા. એ ભારે વિચક્ષણ હતા. પૂજ્યશ્રીને પણ આ પ્રશ્ને સહજ ખટકો તો લાગ્યો પણ એઓ તો મહાન બુદ્ધિનિધાન એટલે મનમાં સમજ્યા કે આ ભાઈનો આવો પ્રશ્ન કરવા પાછળ નક્કી કોઈ આશય છે. ગંભીરતાપૂર્વક જવાબ વાળ્યો કે ભાઈ આમને ઓળખો છો કે નહીં ? આ આપણા શ્રી સંઘના પ્રમુખ અને રાજનગર શ્રીસંઘના નગરશેઠ કસ્તૂરભાઈ છે. આગંતુક—હા મહારાજ સાહેબ બરાબર ઓળખું છું એઓ નગરશેઠ છે પણ નોકરી ક્યાં કરે છે ? આગંતુકના આ પુનઃપ્રશ્ને મહારાજશ્રીને અને નગરશેઠને વિચાર કરતા કરી મૂક્યાં અને ફરી આગંતુકે વાત છેડી કે મહારાજશ્રી અને નગરશેઠ સાહેબ ! ક્ષમા સાથે મારે ન છૂટકે જણાવવું પડે છે

કે પૂ. શુભવીર વિજયજી મહારાજે પૂજાની ઢાળમાં ફરમાવ્યું છે કે અતિ ઉદ્ભટ વેશ ન પહેરીએ રે. દેવ-ગુરુની પાસે શ્રાવકને છાજે તેવો વેશ પહેરી અવાય તો એ ઉચિત લાગે છે. નગરશેઠ માફ કરજો, કોઈ અવિનય થયો હોય તો મિચ્છામિ દુક્કડમ્ કહી એ ઊભા થઈ ચાલવા લાગ્યા. નગર શેઠે ઊભા થઈ એ આગંતુકને વિનયપૂર્વક કહ્યું કે ભાઈ! તમોએ મારી આંખ ઉઘાડી નાંખી. આપનો મહાન્ ઉપકાર. હવેથી કોઈ દિવસ આ વેશમાં પૂજ્યશ્રી પાસે નહીં જ આવું એની ખાત્રી રાખજો.

ધન્ય છે આવા ગુણગ્રાહી નરોને.

# પૂ. શાસનસમ્રાટ્શ્રીની ઈંગિયાકાર - સંપન્નતા

## ✦ પ્રસંગ સાતમો ✦

**સમય : વિ. સં. ૧૯૯૧ અષાઢ સુદ-૧૦ લગભગ**
**સ્થળ : વિશાશ્રીમાળી જૈનવાડી, ધોબીચકલા–મહુવા.**

અષાઢી ચૌદશને ત્રણ-ચાર દિવસની વાર હતી. વ્યાખ્યાન-સમાપ્તિ બાદ પૂ.શ્રીની પાસે મહુવા સંઘના આગેવાનો બેઠા હતા. ખાસ કરીને લલ્લુ પટણી, લક્ષ્મીચંદ ધામી, હરજીવન છગન, હીરા ઉમેદ, ગુલાબચંદ વિઠ્ઠલ વગેરે હતા. એવામાં એક મારવાડી ગૃહસ્થ વંદનાર્થે આવ્યા. પૂ.શ્રીને વંદન કરીને બેઠા. પૂજ્યશ્રીએ આગંતુકને પૂછ્યું કે ભાઈ ક્યાંથી આવો છો ? ક્યાંના છો ? આવવાનું પ્રયોજન ? વિગેરે. આગંતુકે–બાપજી, માળવામાં રાજગઢનો છું. ચારિત્રની ભાવના છે. આ સાંભળી પટણીએ ત્રાંસી આંખે એઓ સામે જોઈ સાહેબજી ! યોગ્ય લાગે તો વિચારો. પૂજ્ય મહારાજશ્રી–પટણી એમ ઉતાવળે આંબા ન પાકે. એ અત્રે રહે, સૂત્રો ભણે અને ચોમાસા પછી વાત.

પટણી ધામી–હા સાહેબ, એ બરાબર છે. એ ચાતુર્માસમાં અભ્યાસ કરી તૈયાર થઈ જાય એ પછી જ યોગ્ય લાગે તો આપશ્રી દીક્ષા આપજો. અને આગંતુકને રહેવા વિગેરેની વ્યવસ્થા અંગે ઘટતું કરવા આગેવાનોને જણાવ્યું. મોટા દેરાસર સામે જુની ધર્મશાળા છે એમાં એને એક ઓરડી અને યોગ્ય લાગે તે રીતે ભોજનાદિનો પ્રબંધ કરવો. સૂચનાનુસાર સંઘની પેઢીના મહેતાજીશ્રી વીરચંદભાઈને તે અંગે પટણીએ યોગ્ય સૂચનાઓ પણ આપી દીધી.

આગંતુક મારવાડીને મોટા દેરાસર સામેની જૂની ધર્મશાળામાં એક રૂમ આપવામાં આવી. આજ ધર્મશાળામાં એ રૂમની બાજુની રૂમમાં દેરાસરના પૂજારી સંતોકરામ પણ રહેતા હતા. પૂજારી ઘણા જ જૂના-વૃદ્ધ-એને પણ સંતાન વિગેરેનું સુખ હતું. પૂજ્યશ્રીએ સંતોકરામને બોલાવી થોડી ઘણી સૂચનાઓ પણ આપી. એની સાથે સાથે એની પ્રવૃત્તિઓ ઉપર ધ્યાન રાખવા પણ સૂચવ્યું.

આવનાર મુમુક્ષુ પર્વતિથિયે વ્યાખ્યાન સમયે ઉપવાસ આયંબિલ ક્યારેક છઠ વિગેરેના પચ્ચક્ખાણ પણ લે. સામાયિક-પ્રતિક્રમણાદિ પણ કરે; પર્યુષણમાં છઠ અઠમ તપશ્ચર્યાઓ પણ કરી. સંઘના સભ્યો ઉપર એણે ઘણી જ સારી છાપ ઊભી કરી દીધી.

એમ કરતાં ચાતુર્માસ પૂર્ણ થયું.

મહુવા સંઘમાં કસળચંદ કમળશી સાથે કાંઈક મતભેદ હતો એનું નિવારણ પૂજ્યશ્રીએ કર્યું. આ સમાધાન અંગે મોટા દેરાસરની બાજુમાં દાનશાળા નામના સ્થાનમાં બધાય એકઠા થયા હતા. કશળચંદ કમળશી, શાસનસમ્રાટશ્રીના પટ્ટધર પૂ.આચાર્ય વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજશ્રીના સંસારી ભાઈ થતા હતા. એ કુલ ચાર ભાઈઓ હતા. સુંદરજીભાઈ (એટલે પૂ. દર્શનસૂરી મહારાજ), બીજા કશળચંદભાઈ, ત્રીજા જીવરાજભાઈ અને ચોથા હેમચંદભાઈ. સંઘ સાથેના વિવાદનું નિરાકરણ થયાની ખુશાલીમાં પૂ.શ્રીના ઉપદેશથી શ્રી ગિરિરાજશ્રીનો છરી પાળતો સંઘ કાઢવાનો એમણે આદેશ માથે લીધો. આમ બધુંય વાતાવરણ ઉલ્લાસમય હતું. અને પૂજ્યશ્રીએ મુમુક્ષુ વક્તાવરમલના સંબંધ બાબત વાત છેડી કે પટણી ! આ મારવાડીને હવે દીક્ષા આપશું ને ? ચાતુર્માસ પૂર્ણ થઈ ગયું છે. પટણી—સાહેબ ! આપશ્રીને યોગ્ય

લાગે તો કઢાવો દીક્ષાનું મુહૂર્ત, પૂજ્યશ્રી–પટણી તમોને બધાયને એ બરાબર યોગ્ય દેખાય છે ને ? પટણી, ધામી, વાસા વિગેરે અરે સાહેબ ! ચાર ચાર મહિના આપણે એની યોગ્યતા જોવા પસાર કર્યા હવે શું બાકી રહે. પૂજ્યશ્રી–ઠીક છે પટણી. વક્તામર ત્યાં જ બેઠા હતા. એને પટણીએ આગળ બોલાવ્યા. અલ્યા નારણજી પેલા સંતોકરામ પૂજારીને બોલાવ જોઉં. એ એના પાડોશની રૂમમાં જ રહે એટલે એને યોગ્ય અયોગ્ય બાબત વધારે ખબર હોય.

સંતોકરામ પૂજારી આવ્યા. અને પૂજ્યશ્રીએ એની સામે જોઈ પૂછ્યું કે કેમ સંતોકરામ આ ભાઈને દીક્ષા આપીશું ને ? તમે એની બાજુની રૂમમાં રહો છો એટલે એની યોગ્યતા-અયોગ્યતા વિશે વધારે માહિતી હોય. સંઘના બધાયની નજર સંતોકરામ તરફ હતી. સંતોકરામે સંઘના બધાય ભાઈ-બહેનો તરફ નજર કરી મૌન ઊભા રહ્યા. પૂજયશ્રી– સંતોકરામ ગભરાવ નહીં. જે હોય તે સાફ જણાવ - આ બધાયને ખબર પડે. સૌ આશ્ચર્યથી સંતોકરામ તરફ જ જવાબની રાહ જોઈ રહ્યા હતા. સંતોકરામે ધડાકો કર્યો–સાહેબજી ! આ મહા ઠગ છે. દીક્ષા માટે જરાય એ યોગ્ય નથી. બધાયને માથે તો ઠીક પણ વકતાવરના માથે તો ધોળે દાડે જ વીજ પડવા જેવું થયું પૂજ્યશ્રી–કેમ સંતોકરામ ! એવું તે શું છે ? સંતોકરામ–સાહેબજી ! આ વ્યાખ્યાન વખતે મોટા મોટા પચ્ચક્ખાણો તો લે છે પરંતુ એકેય પાળતો નથી. દિવસે ઉપવાસ કરે અને રાતે ભાદરોડના ઝાંપે જ્યાં એક પણ જૈનની વસતી નથી ત્યાંની મુસલમાની હોટલોમાં ન ખાવાનું ખાય છે. પટણી કહે–હેં શું કહે છે સંતોકરામ ! હા પટણી. પટણીએ મારવાડીની સામે કરડી આંખે જોયુ. અને મારવાડી રાતોપીળો થઈ ગયો. સંતોકરામ સામે–ભઈ, મારા ઉપર

આવો ખોટો આરોપ શા માટે તમો કરો છો ? ભાઈઓ, સાહેબજી આ તદ્દન જુઠ્ઠા છે મારે અને એને કાંઈક બાબતમાં મનદુઃખ થયું છે એટલે એ આવા બધા આરોપો મારી સામે મૂકી મને બદનામ કરે છે. પટણી–એ ભાઈ ! ચૂપ રહો. એતો અમારો જૂનામાં જૂનો વિશ્વાસપાત્ર માણસ છે. એ કદાપિ અસત્ય કહે જ નહીં. સંતોકરામ તરફ જોઈ પટણી–ભાઈ સંતોકરામ, આ બધું શું સાચું છે ? હા, પટણી ખાત્રી કરવી હોય તો બોલાવું મારા દીકરાને–ગઈકાલે રાત્રે જ એ એને લઈ હોટલમાં ગયેલ. પણ અમો બ્રાહ્મણ, અમોને જોવુંય ન ગમે. પરંતુ આ તો ચકાસણી કરવા જ મેં એની સાથે મોકલ્યો હતો અને એણે જે કાંઈ ખાધું એના પૈસા ચૂકવતાં પૈસા ખૂટ્યા તે મારા દીકરાએ જ આપ્યા હતા. બોલાવું દીકરાને ? બધાય ડઘાઈ ગયા. મામલો ગરબડવાળો થયો હતો ત્યાં એક બહેન ત્યાં વંદન કરવા આવ્યા. એ બહેને આ વકતાવરને જોયો એટલે એ બહેન કહે કે–મહારાજ સાહેબ ! આ ભાઈ અહીં છે ? મહારાજ સાહેબ–કેમ બહેન ! તમો એને ઓળખો છો? બધાયની નજર એ બહેન તરફ મંડાણી. આગંતુક બહેન કહે કે–હા, સાહેબ. આ લુચ્ચો ચોર છે. એણે ચોમાસા પહેલાં છ-સાત દિવસ અગાઉ જ દીક્ષા છોડી ત્યાંથી કપડાં વિગેરે ચોરી ભાગી ગયેલ છે.

મારવાડી–સાહેબજી, એવું નથી, બહેનની કાંઈક ભૂલ થતી હશે. પટણી કહે એય ચૂપ રહે. મહારાજશ્રી–તમો એને બરોબર ઓળખો છો ? બહેન કહે કે, હા સાહેબ ! એ રોજ મારા ઘરેથી સવારમાં દૂધની તરપણી ભરીને લઈ જતા હતા. કેમ ના ઓળખું એને ? પૂ. મહારાજશ્રી–એય નારણ ! પેલા હરીલાલ ફોટોગ્રાફરને બોલાવ. આનો ફોટો પાડી મારતી ઘોડોગાડીએ તળાજા જા અને મહારાજશ્રીને ફોટો

બતાવી ખાત્રી કર કે એ એ જ છે કે બીજો ?

બાર વાગવા આવ્યા હતા. સહુ વિખરાયા. નારણભાઈ એને હરીલાલ ફોટોગ્રાફરની પાસે લઈ ગયા. એનો ફોટો પણ પડાવી લીધો. અને હરીલાલે કલાક પછી આવી ફોટો લઈ જવા જણાવ્યું અને જમવા જતા રહ્યા.

અને વકતાવર મારવાડી ક્યારે ધર્મશાળામાંથી બેગ લઈ રફુચક્કર થઈ ગયો એની કોઈનેય ખબર ન પડી ! તપાસ કરી પણ પત્તો ન જ લાગ્યો.

આ હતી પૂજ્યશ્રીની માણસને ઓળખવાની અપૂર્વ શક્તિ.

જય શાસન સમ્રાટ્

# પ્રાચીન તીર્થોદ્ધાર નો પ્રસંગ

નોંધઃ- આ પ્રસંગના સમયની અને સાલની પૂરી માહિતી નથી. પરંતુ પૂ. મોટા મહારાજશ્રી તથા પૂ. ઉદયસૂરિજી મ. શ્રીના મુખેથી સાંભળેલ હકીકતના આધારે. -લેખક.

પ્રાચીન તીર્થોનો પુનરૂદ્ધાર અને તીર્થોની પ્રાણના ભોગે રક્ષા કરવી-એજ જેનો જીવનમંત્ર છે, એવા પૂ. શ્રીના હાથે થએલ એ પ્રાચીન તીર્થોદ્ધાર પ્રસંગની આ ઘટના છે.

મારવાડની અંદર આવેલ અરવલ્લીના પહાડોની વચ્ચે અંબાજી તીર્થથી બે અઢી કિ.મિ. દૂર આવેલ શ્રી કુંભારીઆજી મહાતીર્થની આ વાત છે. તડકા પછી છાંયો , અને છાંયડા પછી તડકો આ કહેવત અનુસાર કુંભારીઆજીતીર્થ પૂર્વના સમયમાં અતિ ઉચ્ચ જાહોજલાલીના શિખરે હતું. પાંચ પાંચ મહાજિનાલયોથી શોભતું આ તીર્થ હતું.

અવસર્પિણી (પડતીના) કાળ પ્રભાવે એ તીર્થ જીર્ણપ્રાય દશામાં આવી ગયેલ. અડગશ્રધ્ધાવાન ભાવ વિભોર જૈનો પૂ. શ્રમણ ભગવંતોના અમોઘ ઉપદેશથી અપૂર્વોલ્લાસે આવા આવા અનેક મહાન જિનાલયોનું નિર્માણ કરતા હતા અને વર્તમાન સમયમાં કરે પણ છે. એ નિર્માણ કાર્યપ્રસંગે એઓને સ્વપનેય ખ્યાલ ન હોય કે ભવિષ્યમાં આ સ્થાપત્યોને કોણ સંભાળશે. જો કોઈ સલાહ આપે તો 'શાસન દેવ જાગતા હાજરાહજુર છે'' એવો દિલાસો આપવામાં આવે છે. જયારે ભાવિ બળવાન એટલે એવા અનેક પ્રાચીન તીર્થો લુપ્તપ્રાય દશામાં આવી જાય છે. આ તીર્થનું પણ એમજ બન્યું અને કાળ બળે માર્ગની વિકટ સમસ્યાએ જનસંખ્યાની

અવરજવર ઓછી થતી ગઇ. અને એ મહાતીર્થના જિનાલયોમાં બિરાજમાન જિનપ્રતિમાજીઓની પૂજાવિગેરે પણ દુષ્કર થવા લાગી.

હિંદૂસ્તાન સંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી અમદાવાદમાં આવેલ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના સૂત્રધારોએ દુખીત હૃદયે કડવા ઝેરના ઘૂંટડાની જેમ એવો નિર્ણય લેવા વિચાર્યુ કે એ મહાજિનાલયોના પ્રતિમાજી મહારાજના બિંબોને આબુજી, તારંગાજી કે અમદાવાદના જિનાલયોમાં પધરાવી દેવા.

જોકે ઠરાવરૂપે નિર્ણય લેવાણો ન હતો પરંતુ સબળ વિચારણામાં હતું ત્યાં પૂ. શાસન શ્રીને આ વાતની કયાંકથી જાણ થઇ. આણંદજી કલ્યાણજીની પેઢીની સ્થાપના થઇ ત્યારથી આપણા શાસનસમ્રાટ શ્રીના સતત સંપર્કમાં રહેતી અને એઓને પૂછયા સિવાય કોઇ પણ જાતના એ પેઢી નિર્ણય લેતી નથી. વર્ષો પહેલાં આ પેઢીનું બંધારણ પણ પૂ. શ્રીની સલાહ સૂચનાનુસાર ઘડાયેલ એટલે પૂ. શ્રીએ પેઢીના સૂત્રધારોને બોલાવ્યા. પેઢીના સૂત્રધારોએ વ્યથિત હૃદયે અમારે નિરુપાયે આ નિર્ણય લેવા અંગે વિચાર્યુ છે એમ જણાવ્યું. પૂ. શ્રીએ એ નિર્ણય લેવા અંગેનું મૂળશોધતાં આર્થિક પ્રશ્ન છે એમ જણાયું અને એ જવાબદારી પોતે સ્વીકારી તીર્થોદ્ધારકાર્ય અંગે ઝડપી નિર્ણય લેવાણો.

આ કાર્ય માટે શિલ્પશાસ્ત્રના જાણકાર કોઇ ને રોકવો એ વિચારતાં એ સમયે પાલીતાણાના નવોદિત શિલ્પી પ્રભાશંકર ઓઘડભાઇ સ્થપતિ ઉપર નજર ઠરી અને એમને નિયુક્ત કરવામાં આવ્યા.

જીર્ણોદ્ધાર કાર્ય અંગે પ્લાનો (નકશાઓ) બનાવતાં જો કોઇ શિલ્પ શાસ્ત્રાનુસાર ક્ષતિ જણાય તો પૂ. શ્રી પ્રભાશંકરભાઇ ને ખખડાવી નાખતા અને એ અપૂર્વ ધૈર્યથી સહન કરી લેતાં કહેવત છે ને કે ''સહે તેજ

રહે''આપ શ્રી કુંભારીઆજી તીર્થનું પુનરુદ્ધાર કાર્ય પૂરજોશમાં ચાલુ થઇ ગયું.

પૂ. શાસન સમ્રાટ શ્રીનોતો પ્રાચીન તીર્થનો પુનરૂદ્ધાર એજ જીવનમંત્ર હતો. તદનુસાર શ્રી કદંબગિરિ તીર્થના પુનરુદ્ધાર નું મહાન કાર્ય આરંભ્યું. વિ. સં. ૧૯૮૫ ની સાલમાં.

પૂ. શ્રીનું ચાતુર્માસ પોતાની જન્મભૂમિમાં ત્યાંના સંઘના અત્યાગ્રહથી થયેલ. પ્રભાશંકરભાઇ કદંબગિરિ ગામમાં બંધાતા ચરમતીર્થ પતિ પ્રભુમહાવીર સ્વામીના નૂતન જિનાલયના પ્લાનો પૂ. શ્રી પાસે રહિને જ એઓના માર્ગદર્શન મુજબ બનાવતા હતા. પ્લાનોમાં (નકશાઓમાં) શિલ્પશાસ્ત્રના અનુસાર જો કોઇ ક્ષતિ જણાય તો પૂ. ઉદયસૂરિ મહારાજશ્રીને લાગેતો એ અંગે પ્રભાશંકરભાઇનું ધ્યાન દોરે. એ નૂતન જિનાલયના દરેક પ્લાનો (નકશાઓ ) પૂ. ઉદયસૂરિ મહારાજશ્રી તપાસે અને પછી જ તે મુજબ કાર્ય થતું. પ્લાનોમાં (નકશાઓમાં) જો કોઇ ક્ષતિ જણાય તો પૂ. ઉદયસૂરિ મહારાજશ્રી જણાવે એઓ શિલ્પશાસ્ત્રના અજોડ જ્ઞાતા. અને ક્ષતિ જણાતાં પૂ. શાસન સમ્રાટ શ્રી પ્રભાશંકરભાઇની આકરી વાણીમાં ખખડાવી નાંખે. અને એ વખતે ગુણગ્રાહી પ્રભાશંકરભાઇની આંખોમાંથી બોર જેવા આંસુઓ પડતાં.

(આ મેં નજરો નજર જોયેલ છે. લેખક)

આ એમની અપૂર્વ સહનશીલતાના કારણે એ પ્રભાશંકરભાઇ ભારતના અજોડ શિલ્પી બની ગયા. ભારતસરકારે એઓને ખીતાબોથી નવાજયા પણ ખરા. એટલું જ નહી પરંતુ પાશ્ચિમાત્ય મહાન શિલ્પીઓ (ઇજનેરો) જે કાર્ય ન કરી શક્યાં એ કાર્ય એઓએ નિર્વિઘ્નને પાર પાડયું પણ ખરું.

સૌરાષ્ટ્રના શૈવ ધર્મનું મહાન સ્થળ સોમનાથ મહાદેવના મહાપ્રસાદ બનાવવાનું કાર્ય સૌરાષ્ટ્ર એકમના સર્જક શ્રી ઢેબરભાઇ અને સરદાર વલ્લભભાઇ પટેલે પણ શ્રી પ્રભાશંકરભાઇ ઉપર એ કાર્યની જવાબદારી નાંખી.

પાશ્ચિમાત્ય મહા ઇજનેરોએ જણાવેલ કે અરબી સમુદ્રના વિશાળ તટ ઉપરના મહા ઝંઝાવાતી સામે મહાપ્રાસાદ ટકવો અતિમુશ્કેલ છે. મંદિરોની અંદર પવન ભરાવાને કારણે એ પડી જવાની પૂરી સંભાવના છે. વિગેરે. પરંતુ પાશ્ચિમાત્ય સંસ્કૃતિની આગળ પૌર્વાત્ય સંસ્કૃતિ સબળ પુરવાર થઇ ચૂકી. પ્રભાશંકરભાઇએ પોતાના અપૂર્વ બુદ્ધિ કૌશલ્યે એ મહાપ્રાસાદના નિર્માણનું કાર્ય નિર્વિઘ્ને અપૂર્વોલ્લાસથી પાર પાડ્યું.

પ્રાચીન સંસ્કૃત ભાષાના પ્રકાંડ વિદ્વાન કવિ શ્રી જગન્નાથે ભામિની વિલાસ નામના ગ્રંથમાં એક શ્લોક ટાંક્યો છે કે -

" गीर्भिर्गुरूणां परुषाक्षरैस्तिरस्कृता यान्ति नरा महत्वम् "

અર્થ: ગુરુઓના કઠોર વચનોથી તિરસ્કાર પામેલ માણસો મહાન બને છે.

ગુ. પદ્ય:- મોટાઓના કટુવચનને હોંશથી સાંભળજે
તેતો નિશ્ચે જગતભરમાં ખૂબ મોટા બને છે."

આ તદ્દન સત્ય હકીકત પ્રભાશંકરભાઇએ પૂરી પાડી એમાં બે મત છે જ નહી.

**સારાંશ:–** આજેય એ તીર્થ કુંભારીઆજી પોતાની યશોગાથા ગાતું અરવલ્લીના પહાડોની હારમાળાઓ વચ્ચે પોતાનું અસ્તિત્વ ધરાવે છે. વર્તમાન સમયે એ મહાતીર્થની જે વિદ્યમાનતા છે તે પૂ. શાસન સમ્રાટ શ્રી ના પુનરુદ્ધાર પ્રતાપેજ છે. જય કુંભારીઆજી તીર્થ જય શાસન સમ્રાટ.

## જીર્ણોદ્ધાર

**સમયઃ ૧૯૭૮ સ્થળઃ ખંભાત શકરપુર.**

વિ.સંવત્ ૧૯૭૮ ની સાલની આ વાત છે. ખંભાત શ્રી સંઘના અતિઆગ્રહથી પૂ. શાસન સમ્રાટ શ્રીનું ચાતુર્માસ ખંભાત જૈનશાળા ટેકરી એ થએલ આ અરસામાં પૂ. શ્રી ના વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી કીર્તિ વિજયમહારાજ શ્રીને અશાતા વેદ નીયોદયે ક્ષયરોગ લાગુ પડેલ.આ ચોમાસામાં દિનપ્રતિદિન શરીર ક્ષીણ થતાં આયુષ્ય પૂર્ણ થતાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કાળધર્મ પામેલ.

જૈન શાળાના સંઘે એઓશ્રીના અગ્નિસંસ્કાર માટે ખંભાત શહેરની પૂર્વતરફ આવેલ શકરપુરની વાડી પાસેની જગ્યા પસંદ કરી. અને ત્યાં અગ્નિ સંસ્કાર કર્યો એ મહાપુરુષની સ્મૃતિ માટે એકગુરુમંદિર બાંધવા અંગે પણ વિચારણા થઇ આ શકરપુરમાં આવેલ વાડીની અંદર બે જિનાલય અને ખંડેર જેવી ધર્મશાળા હતી. આ વાડીમાં આવેલ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુ અને શ્રી સિમંધર સ્વામીના લાકડાના દેરાસરો અતિ જીર્ણ થઇ જવાના કારણે ત્યાંથી પ્રતિમાજી મહારાજ ના બિંબોનું ઉત્થાપન કરી શહેરના જીરાવળા પાડામાં આવેલ ચિંતામણિજીના દહેરાસરોમાં લઇ જવા અંગે ખંભાતનો સંઘ વિચારણામાં હતો. પૂ. શ્રીની એ વાતની જાણ થતાં જૈન શાળા અગ્રણી વહીવટકર્તા શેઠ શ્રી કસ્તૂરભાઇ અમરચંદને બોલાવ્યા. અને એ દેરાસરોના જીર્ણોરદ્ધાર કરવા અંગે ઉપદેશ આપ્યો અને એ બન્ને દેરાસરોની પાસે ખાલી જમીનમાં પૂ. કીર્તિવિજય મહારાજની સ્મૃતિ અર્થે ગુરુ મંદિર બાંધવાનો પણ ઉપદેશ આપ્યો.

ઉપર્યુકત લાકડાના બન્ને જિનાલયો એટલા બધા જીર્ણ થઇ ગયેલ કે વરસાદના પાણીના મારાના કારણે લાકડાઓ સડી ગયેલ અને પોલાણ પડી ગયેલ. આ પોલાણમાં ચામાચિડિયા નામના પુષ્કળ જનાવરોએ વાસ કરેલ. એના મળ-મૂત્રના કારણે ત્યાં સખત દુર્ગંધ રહેતી.પહેલી તકે પૂજય શ્રી એ પોતાની સેવામાં સાથે રહેતા પાલિતાણાના નારણજી સુંદરજીને આ કાર્ય સોપ્યું. નારણજી એક કાણા પાડેલ મોટા ઘડામાં એ ચામાચિડીયાઓને જયણા પૂર્વક રૂમાલથી પકડી એ માટીના ઘડામાં મૂકી ઉપર કાણાવાળી ચારણી વડે ઢાંકી દેતા. અને દૂર દૂર જંગલમાં જઇ એ ઘડાનું મોં ખોલી એમાં રહેલ ચામાચિડીયાઓને જંગલમાં છોડી મૂકતો, લગભગ ૪૦ થી ૪૫ ઘડાભરી ચામાચીડીયાઓને જંગલમાં મૂકી આવવામાં આવ્યાં. અને ખંભાતમાં રહેતા શિલ્પશાસ્ત્રના જાણકાર શ્રી ત્રિભોવનદાસ મિસ્ત્રીએ એ બન્ને દેરાસરોના જિર્ણોદ્ધારનું કાર્ય પાર પાડયું.

શ્રી સીમંધર સ્વામી મહારાજ ની પ્રતિમાજી મહારાજ ના પરિકરના ફોટા પડાવીને એ મુજબ ઘણા પરિકરો બનાવરાવેલ, આ દહેરાસરનો દરવાજો પશ્ચિમ સન્મુખ છે. શ્રી સીમંધર સ્વામી પરમાત્માના ગંભારાની બહાર રંગમંડપમાં ઉત્તર દિશા તરફની ભીંતમાં એક નાનું સરખું ભીતીયું કપાટ છે એમાં સૌથી નીચેના ખાનાનાં લાકડાના પાટીયાને દૂર કરતાં ભોંયરામાં ઉતરવાનો માર્ગ છે. લોકોકિત અનુસાર એ રસ્તે કુમારપાળ ખંભાતમાં બિરાજમાન પૂ.શ્રી હેમચંદ્રાચાર્ય શ્રી પાસે આવતા જતા.

આ વાડીના બન્ને જિનાલયોના જિર્ણોદ્ધાર તો થયા નવું એક ગુરુ મંદિર પણ બંધાયું અને ખંડેર જેવી જૂની ધર્મશાળાનો પણ જીર્ણોદ્ધાર થયો એટલુંજ નહી પરંતુ આની સામે ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયના

પાછળના ના ભાગમાં પેથાપુરના વતની અને શેઠ માધુભાઈના મોટા મુનિમ શ્રી અમથાલાલ જુમખરામભાઈએ નવી ધર્મશાળા પણ બંધાવી એ ધર્મશાળાની અને દેરાસરની વચ્ચે એક દરવાજો છે. એ દરવાજાની બાજૂપણ (દક્ષિણ તરફ) થોડી જમીન આ દહેરાસરની જ છે.જયાં કીર્તિ વિજય મહારાજ નીનો અગ્નિ સંસ્કાર થયેલ કાળબળે વહિવટદારોની બેકાળજી ના કારણે એ પાછળની જમીનમાંથી પૂર્વ તરફની અર્ધી જમીન જતી રહી છે. ખેર ! જેવી ભવિતવ્યતા.

## અપૂર્વ અગમ વાણી પ્રણેતા પૂ. શાસન સમ્રાટશ્રી

### ✦ પ્રસંગ - ૧ ✦

**પૂર્વ ભૂમિકાઃ-** બારસોના સૈકામાં થએલ પૂ. આચાર્ય દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના સમયની વાત છે.

અયોધ્યા પાસે આવેલ કાંતિપુરમાં બિરાજમાન પૂ. દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રી વ્યાખ્યાન બાદ રોજ નિયમિત ગામ બહાર આવેલ એક ઝાડીમાં પડેલ શિલા પાસે બેસી અપૂર્વ ધ્યાન ધરતા આ જોઇ શ્રાવકોએ આ વિષે જાણવા ઇચ્છા પ્રદર્શિત કરી.

આચાર્યશ્રીએ જણાવ્યું જે આ શિલા અપૂર્વ પ્રભાવશાળી છે. આમાંથી જો પ્રતિમાજીનુ નિર્માણ થાય તો તે મહા પ્રભાવિક પ્રતિમાજી બની શકે. શ્રાવકોએ એ અંગે વિનંતિ કરતાં પૂ.શ્રીએ જણાવ્યું કે. સોપારકપુરમાં હાલનું મુંબઇ પાસેનું ''નાલાસોપારા'' ગામ છે ત્યાંના અંધશિલ્પી છે તેને બહુમાનપૂર્વક બોલાવી એ અઠમતપારાધન કરવાપૂર્વક અંતિમ ઉપવાસે સંધ્યા પછી અને સૂર્યોદય પહેલાંજ એ પ્રતિમાજીના નિર્માણનું કાર્ય જો પૂર્ણ કરે તો એ મહાપ્રભાવશાળી પ્રતિમાજી બની શકે એવી શાસનદેવનીવાણી છે. એટલે શ્રાવકો સોપારકપુર જઇ એ અંધ શિલ્પીને બહુમાન પૂર્વક લઇ આવ્યા અને આચાર્ય મહારાજશ્રીના કથનાનુસાર પ્રતિમાજીનું નિર્માણ કરાવ્યું અને એજ પ્રતિમાજી આજના શ્રી સેરિસા પાર્શ્વનાથ છે. એજ વાતનું સંસ્મરણ કરાવતી શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવંતની આ વાત છે.

**પ્રાયઃ** સંવત્ બરાબર યાદ નથી વિ.સં. ૧૯૮૬ માં પૂ. શાસન

સમ્રાટ્ શ્રી મહુવાથી વિહાર કરી માકુભાઇ શેઠની વિનંતિ થી અમદાવાદ તરફ પધારી રહ્યા હતા. રસ્તામાં ધોળકા ગામ આવ્યું. ત્યાં ગામમાં આવેલ દહેરાસરના ભોંયરામાં બિરાજમાન શ્રી કલિકુંડ પાર્શ્વનાથ પરમાત્મા સન્મુખ રોજ એકાદ કલાક જેટલો સમય અપૂર્વ ધ્યાનમાં લીન થતા. આ જોઇ ત્યાંના શ્રાવકોએ આમ કરવા પાછળનું રહસ્ય જણાવવા પૂ. શાસનસમ્રાટ્ શ્રીને વિનંતિ કરતાં પૂ. શાસન સમ્રાટ્ શ્રીએ ગંભીરતા પૂર્વક જણાવ્યું કે આ મહા પ્રભાવિક પાર્શ્વનાથ પ્રભુ પ્રતિમાજી છે. પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજામાં જે આવે છે કે ''વનહાથીતિહાં એક આવે, જળ સૂંઢ ભરી નવરાવે'' ઇત્યાદિ તેજ આ પ્રતિમાજી મહારાજ છે. ''આ પ્રતિમાજી મહારાજ શ્રી મૂળનાયક થવાપૂર્વક એક મહાતીર્થ સ્વરૂપ ભવિષ્યમાં પૂજાશે. અને આ કાર્ય એક સામાન્ય સાધુના હાથે થશે.'' ઇત્યાદિ આ અગમવાણી અનુસાર વર્તમાન પૂ.આચાર્યશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજીના પુનિત હસ્તે થયું. આ ઉદ્ધારના કાર્યારંભ વખતે પૂ. રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ કોઇ પદવીધારક પણ ન હતા. અને આત્મવિશ્વાસે આ મહાન કાર્યનો આરંભ કરેલ.

પૂ. રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજશ્રીએ આ અક્ષરશઃ હકીકત ઘણા વર્ષ પૂર્વે એઓશ્રીના ઉપદેશ દ્વારા પ્રકટ થતા ''શાંતિ સૌરભ'' સામયિકમાં પ્રકટ કરેલ પણ છે.

આ હતી પૂ. શાસન સમ્રાટ્શ્રીની અગમ અપૂર્વવાણી.

## પૂ.શાસન સમ્રાટ શ્રીની અપૂર્વ વચન સિદ્ધિ

### ✦ પ્રસંગ-૨ ✦

**સમયઃ ૧૯૯૦ સ્થળઃ- અમદાવાદ સાબરમતી-રામનગર.**

વિ. સંવત્ ૧૯૯૦ ની સાલનું ઐતિહાસિક મુનિ સમેલન નું વિકટ કાર્ય પૂ. શાસનસમ્રાટ્શ્રીની કુનેહથી નિર્વિઘ્ને પાર પડયા પછી પૂ. શ્રીએ મારવાડ તરફ વિહાર શરૂ કરેલ.

સાથે. દીર્ઘદ્રષ્ટા યુગવીર પૂ.આ.શ્રી વલ્લભસૂરિજી મ. શ્રી પણ સ્વસમુદાય સહ હતા. પ્રથમ મુકામ અમદાવાદ સાબરમતી રામનગર હતું. એ સમયે એ એક નાના ગામડા જેવું હતું. ત્યાં ન હતું જિનાલય કે ન હતો ઉપાશ્રય ત્યાંના સંઘે પૂ. શ્રીઓને કોઈક સ્થળે ઉતારેલા. બપોરના સમયે લગભગ અઢી ત્રણ ના અરસામાં ત્યાંના સંઘના આગેવાન શ્રી પોપટભાઇ (પૂ. આં સિંહસેન સૂ. જી ના પિતાશ્રી) શ્રી ચિમનભાઇ આદિ ચારપાંચ ગૃહસ્થોએ આવી પૂ.શ્રીને વિનંતિ કરી કે અમારે એક નાનું જિન મંદિર કરવા ભાવના છે. જમીન વિગેરે જોવા માટે પૂ. ઉદયસૂરીશ્વરજી મહારાજશ્રીને આપ મોકલાવો તો સારું.

પૂ. શ્રીએ પૂ. ઉદયસૂરીશ્વરજી મહારાજને આજ્ઞા કરી એટલે તેઓ પધાર્યા અને જમીન વિગેરે જોઇ આવી એ અંગે પૂ. શાસન સમ્રાટ્ શ્રીને વાત કરી. શ્રી પોપટભાઇઆદિએ જણાવ્યું કે અમારે તો સાહેબજી નાનું એવું ગૃહ મંદિર કરવાની ભાવના છે. મોટા મહારાજ શ્રીએ ફરમાવ્યું કે નાનું ગૃહમંદિર શા માટે ? શિખરબંધી દહેરાસર બનાવો. શ્રીપોપટભાઇ આદિ કહે કે સાહેબજી અત્રે શ્રાવકોના ૧૫-૧૬ ઘરજ છે. એટલે ગૃહમંદિર અંગે અમારો વિચાર છે. પૂ. શાસનસમ્રાટશ્રીએ ફરમાવ્યું

કે. ''અલ્યા પોપટભાઈ ! આજે ૧૫-૧૬ ઘર ભલે હોય પરંતુ ભવિષ્યમાં આજ સાબરમતી માં પંદરથી વીસ હજાર જૈનોનાં ઘર હશે. જાઓ શિખર બંધી જ બનાવો.'' અને પોપટભાઈ આદિ એ ''તહત્તિ'' કહ્યું પૂ. શાસનસમ્રાટ્શ્રી ના પડતાં બોલને હરખભેર વધાવી લીધો.

ખરેખર એ પ્રભાવશાળી પૂ. શાસન સમ્રાટશ્રીની અપૂર્વ વચન સિદ્ધતાએ આજે સાબરમતી રામનગરમાં ૨૦ હજાર ઉપર જૈનોની વસ્તી વિદ્યમાન છે. જય શાસન સમ્રાટ્.

# પૂ. શાસન સમ્રાટ્શ્રીની અપૂર્વ વચન સિદ્ધિ.

## ✦ પ્રસંગ-૩ ✦

**પ્રસંગ (૩)સમયઃ-૧૯૮૫ સ્થળઃ મહુંવા**

પૂ. શાસન સમ્રાટ્શ્રીના સંસારી પક્ષે એક જ ભાઇ શ્રી બાલચંદભાઇ લક્ષ્મીચંદ વગડા તરીકે પ્રખ્યાત. એમના ચાર સંતાન હતા. પ્રથમ છોટાલાલ, બીજા જયંતિલાલ, ત્રીજા કપૂરચંદ અને સર્વથી નાના હતા ચંપકભાઇ. એ સમયે ચંપકભાઇ ની ઉમર ૧૦ થી ૧૧ સાલ લગભગ ની હશે. એક દિવસ વાત વાતમાં પૂ. શ્રી એ ભવિષ્યવાણી ઉચ્ચારી કે આ છોટાલાલ નોકરી જ કરશે. આ જયંતિ કદાચ નાનો વેપાર કરશે. આ કપૂરચંદ તો માંડ માંડ જીવનનિર્વાહ કરશે. જયારે આ ચંપક નો રાજયમાં અને મહુવામાં મોટો માણસ કહેવાશે. એની કુંડળીમાં બે ગ્રહો ઉચ્ચ સ્થાને છે. એ વખતે બાલચંદભાઇને અને અમને સંતાનોને મહારાજ નો ચંપકનોના છે તેથી વ્હાલો લાગે છે. સંસારમાં નાના ઉપર વધુ લાડ હોય છે. પરંતુ આજે એ પૂ. શાસન સમ્રાટ્ શ્રીના એ અમોઘ વચનો સત્ય ઠર્યા છે. એમના ભવિષ્ય કથનાનુસારજ ત્રણે ભાઇ ઓ જીવન જીવી ગયાં. જયારે આજે એ ચંપકભાઇ એ સમયે ભલે નાના હતા પણ અત્યારે સમગ્ર મહુવાનગરમાં મોટા અને સર્વમાન્ય જેવા છે. આ હતી શાસનસમ્રાટશ્રીની વચનસિદ્ધિ.

આવા આવા તો અનેક પ્રસંગો છે. જે લખવા બેસું તો પાર જ ન આવે.

## અપૂર્વ વચનસિદ્ધિ

### ✦ પ્રસંગ-૪ ✦

**સમયઃ-૧૯૮૬ સ્થળઃ મહુવા**

વિ.સં.૧૯૮૫ ની સાલનું ચાતુર્માસ પૂર્ણ થતાં મહુવાના સંઘે જુદા જુદા દિવસે ત્રણ સ્થળે પૂ. શાસનસમ્રાટશ્રીનું ચાતુર્માસ પરિવર્તન કરાવેલ છે. પ્રથમ લાભઃ- ચરમતીર્થ પતિ શ્રી જીવન સ્વામી જિનાલયની સામેની શેરીમાં શ્રી ગુલાબચંદ વિઠલભાઇએ લીધેલ. જયારે બીજો લાભ શેઠ શ્રી હરજીવનદાસ છગનલાલે તે જ લત્તામાં એમનું ઘર હતું ત્યાં લીધેલ. અને ત્રીજો લાભ પૂ. શાસન સમ્રાટશ્રીના લઘુબંધુ શ્રી બાલચંદ લક્ષ્મીચંદે વગડાએ લીધેલ. એઓ તોરણીઆકુવા પાસે રહેતા હતા.

શેઠશ્રી હરજીવનદાસ છગનલાલ નું ઘર ઘણું જ મોટું હતું. એ સમયે પૂ. શ્રીની સાથે લગભગ ૪૫ સાધુઓનો વિશાળ પરિવાર હતો.

એક હોલમાં પૂ. શ્રી પાટ ઉપર બિરાજેલ. બપોરનો સમય હતો. નજદીક ના એક રૂમમાં પૂ. આ. શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સ્વશિષ્યો સાથે બેઠા હતા. એ સમયે એઓશ્રીના બે મુખ્ય શિષ્યો હતા. એક તો હતા. પૂ. કસ્તૂરવિજયજી મ. શ્રી. (પૂ. કસ્તૂર સૂ.મ.) અને બીજા હતા મુનિ શ્રી વલ્લભવિજયજી મ. એમનું શરીરસૌષ્ઠવ સુંદર હતુ. પ્રચંડકાયા, પ્રભાવશાળી વ્યક્તિત્વ પણ હતું. એ રાજસ્થાની હતા. એટલે હીન્દીભાષામાં જ એમનો ઘણો ખરો વ્યવહાર હતો.

બપોરના લગભગ ત્રણ સાડા ત્રણનો સમય હશે. પૂ. વિજ્ઞાન સૂ. મ. શ્રી પોતાના પ્રથમ શિષ્યને (તે સમયે) વારંવાર એ કસ્તૂર એ કસ્તૂર એમ કરી બોલાવે. પૂ. વલ્લભવિજયજીને ખાસ પ્રસંગેજ

બોલાવે. એ. પૂ.કસ્તૂરવિજયજી ની દીક્ષા કાળે વધુ પડતા એઓ શ્રી મારવાડમાંજ વિચરેલ. એમના ઉપર વિશેષ કૃપા દ્દષ્ટિ એ સ્વાભાવિક હતું એટલે પૂ.વલ્લભવિજયજી તાડુકયા કે સારે દિન કસ્તૂર કસ્તૂર કયા કરતે હો વહ બોબડા કયા કરેગા ? (પૂ કસ્તૂર વિજયજી મ. શ્રી ને જીહવા દોષ સહજ હતો એટલે એ સમયે એ થોડું તોતડું બોલી જતા) પૂ. શાસન સમ્રાટ્શ્રીએ સાંભળ્યું એટલે પૂ. શ્રી મોટેથી બોલ્યા કે એ વલ્લભા ! જેમ આ તેમ શું બોલ બોલ કરે છે? ''એ બોબડા કસ્તૂરનોજ સમુદાય ખૂબજ વધશે. તને એકાદ ચેલો થાય તો બસ'' પૂ. વલ્લભવિજયજી ચૂપ તો થઇ ગયા પરંતુ પૂ. એ શાસનસમ્રાટ્શ્રીનું ભવિષ્યકથન સોએ સો ટકા સાચું જ પુરવાર થયું. એ પૂ. કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ શ્રીનો ૭૫ થી ૮૦ સાધુઓનો વિશાળ પરિવાર વિદ્યમાન છે. અને એમાં (પ્રાયઃ) ૧૦ થી ૧૨ તો આચાર્ય ભગવંતોજ છે. આ હતી પૂ. શાસનસમ્રાટ્ શ્રીની વચનસિદ્ધિ.